અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૦ જૂન ૨૦૨૪, ગુરુવાર
વિક્રમ સંવત ૨૦૮૦, જેઠ સુદ ૧૩
વર્ષ : ૧૫
અંક : ૩૨૦
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

નાલંદા યુનિવર્સિટીના નવા કેમ્પસનું વડાપ્રધાન મોદીએ ઉદ્‌ઘાટન કર્યું

અગ્નિની જ્વાળાઓ પણ જ્ઞાનને નષ્ટ કરી શકે નહીં : પીએમ મોદી

નાલંદા તેના પ્રાચીન અવશેષોની નજીક પુનર્જીવનમાંથી પસાર થયું છે : આ નવું કેમ્પસ વિશ્વ સમક્ષ ભારતની ક્ષમતાનો પરિચય કરાવશે : પીએમ મોદી

। (એજન્સી) પટણા, તા.૧૯ ।

બિહારમાં આવેલી નાલંદા યુનિવર્સિટીના નવા કેમ્પસનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉદ્‌ઘાટન કર્યું છે. આ પ્રસંગે તેમણે કહ્યું કે મને ત્રીજી ટર્મ માટે શપથ લીધા બાદ પહેલા ૧૦ દિવસમાં નાલંદા જવાની તક મળી છે. આ માત્ર મારું સૌભાગ્ય નથી, પરંતુ હું તેને ભારતની વિકાસ યાત્રાના શુભ સંકેત તરીકે પણ જોઉં છું. નાલંદા નામ નથી પરંતુ ઓળખ અને ગૌરવ છે. પીએમ મોદીએ કહ્યું કે નાલંદા એ સત્યનું ઉદાહરણ છે કે પુસ્તકો અગ્નિની જ્વાળામાં ભલે બળી શકે, પરંતુ અગ્નિની જ્વાળાઓ જ્ઞાનને બાળી શકતી નથી. નાલંદા તેના પ્રાચીન અવશેષોની નજીક પુનર્જીવનમાંથી પસાર થયું છે. આ નવું કેમ્પસ વિશ્વ સમક્ષ ભારતની ક્ષમતાનો પરિચય કરાવશે. વડાપ્રધાન મોદીએ જણાવ્યુ કે, નાલંદા બતાવશે કે જે રાષ્ટ્રો મજબૂત માનવીય મૂલ્યો પર ઊભેલા છે, તેઓ જાણે છે કે કેવી રીતે રાષ્ટ્રીય ઈતિહાસને પુનર્જીવિત કરીને સારા ભવિષ્યનો પાયો નાખવો. નાલંદા માત્ર ભારતના ભૂતકાળનું પુનર્જીવન નથી, તેની સાથે વિશ્વ અને એશિયાના ઘણા દેશોનો વારસો જોડાયેલો છે. અમારા ભાગીદાર દેશોએ પણ નાલંદા યુનિવર્સિટીના પુનર્નિર્માણમાં ભાગ લીધો છે. આ અવસર પર હું ભારતના તમામ મિત્ર દેશોને અભિનંદન આપું છું. તેમણે કહ્યું કે પ્રાચીન નાલંદામાં બાળકોનો પ્રવેશ તેમની ઓળખ કે નાગરિકતાના આધારે કરવામાં આવતો ન હતો. દરેક દેશ અને દરેક વર્ગના યુવાનો અહીં આવતા હતા. નાલંદા યુનિવર્સિટીના આ નવા કેમ્પસમાં આપણે એ જ પ્રાચીન પ્રણાલીને ફરીથી મજબૂત કરવી પડશે. વિશ્વના ઘણા દેશોમાંથી વિદ્યાર્થીઓ અહીં આવવા લાગ્યા છે. આવનારા સમયમાં નાલંદા યુનિવર્સિટી ફરી એકવાર આપણા સાંસ્કૃતિક આદાન-પ્રદાનનું મુખ્ય કેન્દ્ર બનશે.

વડાપ્રધાને કહ્યું કે ૨૧ જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ છે. આજે ભારતમાં યોગની સેંકડો શૈલીઓ અસ્તિત્વમાં છે. આપણા ઋષિમુનિઓએ આ અંગે વ્યાપક સંશોધનો કર્યા હશે, પરંતુ યોગ પર કોઈએ ઈજારો નથી બનાવ્યો. આજે સમગ્ર વિશ્વ યોગને અપનાવી રહ્યું છે, યોગ દિવસ એક વૈશ્વિક તહેવાર બની ગયો છે. ભારત સદીઓથી એક મોડેલ તરીકે જીવે છે અને સ્થિરતા દર્શાવે છે. અમે પ્રગતિ અને પર્યાવરણને સાથે લીધા છે. એ અનુભવોના આધારે ભારતે વિશ્વને મિશન લાઈફ જેવી માનવતાવાદી દ્રષ્ટિ આપી છે. તેમણે કહ્યું કે મારું મિશન છે કે ભારત વિશ્વ માટે શિક્ષણ અને જ્ઞાનનું કેન્દ્ર બને. ભારતને ફરીથી વિશ્વના અગ્રણી જ્ઞાન કેન્દ્ર તરીકે ઓળખાવવું જોઈએ. આજે સમગ્ર વિશ્વની નજર ભારત પર છે. તે ભારતના યુવાનો પર છે.

અમૃતકાલના આ ૨૫ વર્ષ ભારતના યુવાનો માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે

વિશ્વ લોકશાહીની માતા બુદ્ધના આ દેશ સાથે ખભે ખભા મિલાવીને ચાલવા માંગે છે. વડાપ્રધાને કહ્યુ કે નાલંદાની આ ભૂમિ વિશ્વ ભાઈચારાની લાગણીને નવી શરુઆત આપી શકે છે, તેથી નાલંદાના વિદ્યાર્થીઓની જવાબદારી પણ મોટી છે. વિદ્યાર્થીઓ ભારત અને સમગ્ર વિશ્વનું ભવિષ્ય છે. અમૃતકાલના આ ૨૫ વર્ષ ભારતના યુવાનો માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. નાલંદા યુનિવર્સિટીના દરેક વિદ્યાર્થી માટે આ ૨૫ વર્ષ એટલા જ મહત્વપૂર્ણ છે. અહીંથી નીકળ્યા પછી વિદ્યાર્થીઓ જે પણ ક્ષેત્રમાં જાય, તેમના પર તેમની યુનિવર્સિટીના માનવીય મૂલ્યોની મહોર દેખાતી હોવી જોઈએ.

નાલંદા યુનિવર્સિટી પહોંચીને વડાપ્રધાન મોદીએ સૌપ્રથમ યુનિવર્સિટીની જૂની વિરાસતને નજીકથી નિહાળી હતી. નાલંદા યુનિવર્સિટીનો પાયો ગુપ્ત વંશના કુમાર ગુપ્તા દ્વારા નાખવામાં આવ્યો હતો. પાંચમી સદીમાં બનેલી પ્રાચીન યુનિવર્સિટીમાં લગભગ ૧૦ હજાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા, જેમના માટે ૧૫૦૦ શિક્ષકો હતા.

વડાપ્રધાન મોદીએ બોધિ વૃક્ષ વાવ્યું

મોદીએ નાલંદા યુનિવર્સિટીની વિરાસતને નજીકથી નિહાળી

વર્ષ ૨૦૧૬માં નાલંદા યુનિવર્સિટીના ખંડેરો (અવશેષો)ને સંયુક્ત રાષ્ટ્રની હેરિટેજ સાઈટ જાહેર કરવામાં આવી હતી

। (એજન્સી) પટણા, તા.૧૯ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બિહારના રાજગીરમાં ઐતિહાસિક નાલંદા યુનિવર્સિટીના નવા કેમ્પસનું ઉદ્‌ઘાટન કર્યું છે. અગાઉ સવારે નાલંદા યુનિવર્સિટી પહોંચીને વડાપ્રધાન મોદીએ સૌપ્રથમ યુનિવર્સિટીની જૂની વિરાસતને નજીકથી નિહાળી હતી. આ પછી તેઓ અહીંથી નવા કેમ્પસ પહોંચ્યા, જ્યાં તેમણે બોધિ વૃક્ષ વાવ્યું અને પછી નવા કેમ્પસનું ઉદ્‌ઘાટન કર્યું. નોંધનીય છે કે વર્ષ ૨૦૧૬માં નાલંદા યુનિવર્સિટીના ખંડેરો (અવશેષો)ને સંયુક્ત રાષ્ટ્રની હેરિટેજ સાઈટ જાહેર કરવામાં આવી હતી, ત્યારબાદ ૨૦૧૭માં યુનિવર્સિટીનું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીનું નવું કેમ્પસ નાલંદાના પ્રાચીન ખંડેરોની જગ્યાની પાસે જ બનાવવામાં આવ્યું છે. આ નવા કેમ્પસની સ્થાપના નાલંદા યુનિવર્સિટી એક્ટ, ૨૦૧૦ દ્વારા કરવામાં આવી છે. ૨૦૦૭માં ફિલિપાઈન્સમાં યોજાયેલી બીજી ઈસ્ટ એશિયા સમિટમાં લેવાયેલા નિર્ણયોને અમલમાં મૂકવા માટે આ અધિનિયમની સ્થાપના કરવામાં આવી હતી. નાલંદા યુનિવર્સિટીમાં બે એકેડમિક બ્લૉક છે, જેમાં ૪૦ ક્લાસરુમ છે. અહીં કુલ ૧૯૦૦ વિદ્યાર્થીઓ માટે બેઠક વ્યવસ્થા છે. આ ઉપરાંત યુનિવર્સિટીમાં બે ઓડિટોરિયમ પણ છે જેમાં ૩૦૦ બેઠકો છે. આ ઉપરાંત એક ઈન્ટરનેશનલ સેન્ટર અને એમ્ફીથિયેટર પણ બનાવવામાં આવ્યું છે, જેમાં ૨ હજાર લોકો બેસી શકે છે. આટલું જ નહીં, વિદ્યાર્થીઓ માટે ફેકલ્ટી ક્લબ અને સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ સહિત અન્ય ઘણી સુવિધાઓ છે. કેમ્પસમાં પાણીને રિસાયકલ કરવા માટેનો પ્લાન્ટ, ૧૦૦ એકર જળાશયો તેમજ ઘણી સુવિધાઓ છે જે પર્યાવરણને અનુકૂળ છે. નાલંદા યુનિવર્સિટીનો ભવ્ય ઈતિહાસ છે. તેની સ્થાપના લગભગ ૧૬૦૦ વર્ષ પહેલા પાંચમી સદીમાં થઈ હતી. અને ત્યારે નાલંદા યુનિવર્સિટી વિશ્વભરના વિદ્યાર્થીઓ માટે આકર્ષણનું કેન્દ્ર હતી.

અયોધ્યા રામ મંદિર ખાતે ગોળીબારમાં જવાનનું મોત

। (એજન્સી) અયોધ્યા, તા.૧૯ ।

અયોધ્યામાં રામ મંદિરની સુરક્ષામાં તહેનાત સ્પેશિયલ સિક્યોરિટી ફોર્સના એક જવાનનું શંકાસ્પદ પરિસ્થિતિઓમાં ગોળી વાગવાથી મોત થઈ ગયું છે. જવાનને આ ગોળી કેવી રીતે વાગી તે હજું સ્પષ્ટ નથી થયું. સૂચના મળતાં જ આઈજી-એસએસપી સહિત અનેક ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે જવાન આંબેડકર નગરનો રહેવાસી હતો. બુધવારે વહેલી સવારે અચાનક જ ગોળીબારના અવાજથી શ્રી રામ જન્મભૂમિ પરિસરમાં ખળભળાટ મચી ગયો છે. જવાનના મોતના સમાચાર મળતા જ તેમના ઘરમાં અફરા-તફરી મચી છે. જવાનનું નામ શત્રુઘ્ન વિશ્વકર્મા હતું. તેમની ઉંમર લગભગ ૨૫ વર્ષ હોવાની માહિતી મળી રહી છે. ગોળીનો અવાજ સાંભળીને સ્થળ પર પહોંચેલા સાથી સુરક્ષાકર્મીઓએ તેમને ત્યાં લોહીથી લથપથ હાલતમાં જોયો અને તરત જ તેમને હોસ્પિટલ લઈ ગયા.

ખાનગી બેન્કોના શેર્સમાં ઉછાળો જોવા મળ્યો

બેન્કિંગ-ફાઈ. સ્ટોક્સમાં તેજીના પગલે સેન્સેક્સ સુધારા સાથે બંધ

સેન્સેક્સ ૩૬.૪૫ પોઈન્ટ સુધરી ૭૭૩૩૭.૫૯ પર, જ્યારે નિફ્ટી ૪૧.૯૦ પોઈન્ટ ઘટાડે ૨૩૫૧૬ પર બંધ

। (એજન્સી) મુંબઈ, તા.૧૯ ।

વૈશ્વિક અને સ્થાનિક સ્તરે પોઝિટીવ પરિબળોના પગલે સેન્સેક્સ અને નિફ્ટી સળંગ ચાર દિવસ નવી રેકોર્ડ ટોચ બનાવ્યા બાદ આજે ફ્લેટ રહ્યા છે. ભારે પ્રોફિટ બુકિંગના કારણે રોકાણકારોની મૂડીમાં ૩.૨૧ લાખ કરોડનો ઘટાડો થયો હતો. સેન્સેક્સ અને નિફ્ટી સામસામા રહ્યા હતા. બેંકિંગ, ફાઈનાન્સિયલ સર્વિસિઝ અને આઈટી શેરોમાં સુધારાના કારણે સેન્સેક્સ ૩૬.૪૫ પોઈન્ટ સુધરી ૭૭૩૩૭.૫૯ પર, જ્યારે નિફ્ટી ૪૧.૯૦ પોઈન્ટ ઘટાડે ૨૩૫૧૬ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સ પેકના ૩૦ શેર્સ પૈકી ૧૦માં સુધારો અને ૨૦માં ઘટાડો નોંધાયો હતો. બીએસઈ ખાતે આજે ટ્રેડેડ કુલ ૩૯૭૨ શેર્સમાંથી ૧૬૪૨ શેર પોઝિટીવ અને ૨૨૨૮ શેર નેગેટીવ રહ્યા હતા. ૨૮૮ શેર્સમાં અપર સર્કિટ અને ૨૧૪ શેર્સમાં લોઅર સર્કિટ વાગી હતી. ૩૧૫ શેર્સ વર્ષની ટોચે અને ૨૦ શેર્સ વર્ષના તળિયે બંધ રહ્યા હતા. બેંક્કેક્સ ૧.૯૭ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસિઝ ૧.૧૦ ટકા, આઈટી ઈન્ડેક્સ ૦.૩૮ ટકા અને પ્રાઈવેટ બેંક ઈન્ડેક્સ ૨ ટકા ઉછળ્યો હતો. અન્ય તમામ સેગમેન્ટમાં ભારે વેચવાલી રહી હતી. માર્કેટ નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, ભારતીય શેરબજાર પોઝિટીવ પરિબળો હોવા છતાં આજે ડિસ્કાઉન્ટ થયા છે. જેની પાછળનું કારણ છેલ્લા કેટલાક સમયથી નોંધાયેલી તેજી છે. રોકાણકારો હાલ પ્રોફિટ બુક કરી રહ્યા છે. બીજી તરફ આગામી મહિને નવી એનડીએ સરકાર ૨૦૨૪-૨૫નું સંપૂર્ણ બજેટ રજૂ કરવા જઈ રહી છએ. જેના પર નવી નીતિઓ અને યોજનાઓ પર સૌ કોઈ નજર રાખી રહ્યા છે. જેથી બજેટ સુધી માર્કેટ વોલેટાઈલ રહેવાની શક્યતા છે.

નાલંદાનો આ વીડિયો વાયરલ થયો

સંસદમાં ચરણસ્પર્શ પછી નીતિશે PM મોદીની આંગળીઓ તપાસી

। (એજન્સી) પટણા, તા.૧૯ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બિહારના રાજગીરમાં ઐતિહાસિક નાલંદા યુનિવર્સિટીના નવા કેમ્પસનું ઉદ્‌ઘાટન કર્યું છે. આ અવસર પર એક કાર્યક્રમને સંબોધિત કરતા પીએમ મોદીએ કહ્યું કે, ત્રીજી વખત વડાપ્રધાનનો કાર્યકાળ સંભાળ્યાના ૧૦ દિવસમાં હું બિહારના નાલંદા પહોંચ્યો છું. નાલંદા આવવું એ મારું સૌભાગ્ય છે. પુસ્તકો ભલે આગની જ્વાળામાં સળગી ગયા હોય પરંતુ જ્ઞાનને નાબૂદ ન કરી શકાય. નાલંદાનું આ નવું કેમ્પસ માત્ર દેશને જ નહીં પરંતુ વિશ્વને પણ ભારતની ક્ષમતાનો પરિચય કરાવશે. આ અવસર પર વિદેશ મંત્રી એસ. જયશંકરની સાથે જ બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર પણ હાજર રહ્યા હતા. નાલંદા યુનિવર્સિટીના આ કાર્યક્રમનો એક વીડિયો વાયુવેગે વાયરલ થઈ રહ્યો છે. તેમાં જોઈ શકાય છે કે, સીએમ નીતિશ ખૂબ જ જિજ્ઞાસાથી પીએમ મોદીની આંગળી જોતા નજર આવી રહ્યા છે.

TMCની કાર્ય શૈલી સારી નથી : અભિજીત મુખરજી

પ્રણવ મુખરજીના પુત્ર અભિજીત મુખરજી કોંગ્રેસમાં પરત ફરવા તૈયાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

દેશના પૂર્વ રાષ્ટ્રપતિ અને કોંગ્રેસના દિગ્ગજ નેતા દિવંગત પ્રણવ મુખરજીના પુત્ર અભિજીત મુખરજીએ કોંગ્રેસમાં પરત ફરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. આ માટે તેમણે મમતા બેનર્જીની આગેવાની હેઠળની ટીએમસીની કાર્ય શૈલી પર પણ સવાલો ઉઠાવ્યા છે. અભિજીત મુખરજીએ કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધું હતું અને ૨૦૨૧માં ટીએમસીમાં જોડાયા હતા. ટીએમસી છોડીને કોંગ્રેસમાં પાછા ફરવાની ઈચ્છા વ્યક્ત કરતા તેમણે કહ્યું, “ટીએમસીની કાર્ય શૈલી કોંગ્રેસ સાથે બિલકુલ મેળ ખાતી નથી. મેં વિચાર્યું કે હવે બહુ થયું. દિલ્હી આવ્યા બાદ મેં કોંગ્રેસ હાઈકમાન્ડ પાસે સમય માંગ્યો છે. જો કોંગ્રેસ હાઈકમાન્ડ મને તાત્કાલિક જોડાવાનું કહેશે તો હું સંપૂર્ણપણે સ્વતંત્ર છું અને કોંગ્રેસ પાર્ટીમાં યોગદાન આપવા તૈયાર છું.” અભિજિત મુખરજીએ કહ્યું કે, “૨૦૧૯ની ચૂંટણીમાં હું કયા કારણોથી હારી ગયો તે વિશે હું જાણું છું. હું તેના વિશે ખુલીને કહી શકીશ નહીં.

કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે સારા સમાચાર

કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં મોટો ઉછાળો જોવા મળી શકે છે

જુલાઈ ૨૦૨૪માં વધનારા મોંઘવારી ભથ્થાના ડેટા સામે આવ્યા છે, જેમાં સ્પષ્ટ જોવા મળે છે કે મોટો વધારો થઈ શકે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થાને લઈને એક સારા સમાચાર આવ્યા છે. જુલાઈ ૨૦૨૪માં વધનારા મોંઘવારી ભથ્થાના ડેટા સામે આવ્યા છે. જેમાં સ્પષ્ટ જોવા મળે છે કે એકવાર ફરીથી કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં મોટો ઉછાળો જોવા મળી શકે છે. લેબર બ્યૂરોએ મોંઘવારી ભથ્થાને નક્કી કરતા આંકડા બહાર પાડ્યા છે. એક સાથે ત્રણ મહિનાના આંકડા બહાર પાડવામાં આવ્યા છે. હાલના ટ્રેન્ડ્સ પ્રમાણે જોઈએ તો મોંઘવારી ભથ્થામાં ૩ ટકા સુધીનો ઉછાળો જોવા મળી શકે છે. હજુ બે મહિનાના આંકડા બાકી છે. ત્યારબાદ ખરેખર નંબર જાણવા મળશે. હાલ મોંઘવારી ભથ્થું ૫૩ ટકા સુધી પહોંચી ગયું છે.

AICPI ઈન્ડેક્સથી મોંઘવારી ભથ્થામાં કેટલો વધારો થશે તે આંકડા નક્કી થતા હોય છે. જાન્યુઆરીથી જૂન ૨૦૨૪ વચ્ચે આવેલા નંબર્સના આધારે નક્કી થશે કે જુલાઈ ૨૦૨૪થી કર્મચારીઓને કેટલું મોંઘવારી ભથ્થું મળશે. અત્યાર સુધીમાં જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ, એપ્રિલના આંકડા આવી ગયા છે. મેના આંકડા જૂનમાં બહાર પડશે. અત્રે જણાવવાનું કે અત્યાર સુધી સાતમાં પગાર પંચ હેઠળ આવતા કેન્દ્રીય કર્મચારીઓને ૫૦ ટકા મોંઘવારી ભથ્થું મળતું રહ્યું છે. હવે જુલાઈમાં આ મોંઘવારી ભથ્થામાં વધારો થશે. જાન્યુઆરીમાં ઈન્ડેક્સનો નંબર ૧૩૮.૯ અંક પર હતો. જેનાથી મોંઘવારી ભથ્થું વધીને ૫૦.૮૪ ટકા થઈ ગયું હતું. ત્યારબાદ ફેબ્રુઆરીમાં ઈન્ડેક્સ ૧૩૯.૨ અંક, માર્ચમાં ૧૩૮.૯ અંક અને એપ્રિલમાં ૧૩૯.૪ અંક પર રહ્યું. આ પેટર્ન પર મોંઘવારી ભથ્થું ૫૧.૪૪ ટકા, ૫૧.૯૫ ટકા અને એપ્રિલ સુધીમાં ૫૨.૪૩ ટકા પહોંચી ચૂક્યું છે. એક્સપર્ટ્સનું માનીએ તો મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનું જ રિવિઝન જોવા મળી રહ્યું છે. ઈન્ડેક્સ મુજબ એપ્રિલ સુધી મોંઘવારી ભથ્થું ૫૨.૪૩ ટકા પર છે. હજુ મે અને જૂનના આંકડા આવવાના બાકી છે. જૂનમાં જો ઈન્ડેક્સ ૦.૫ થી પણ વધે તો તે ૫૨.૯૧ ટકા પર પહોંચશે. ત્યાર બાદ ઈન્ડેક્સે ૧૪૩ અંક સુધી પહોંચવાનું રહેશે, ત્યારે જઈને ૪ ટકા મોંઘવારી ભથ્થું વધે તેવી શક્યતા છે. પરંતુ ઈન્ડેક્સમાં આટલી મોટી તેજી નહીં જોવા મળે. આથી કર્મચારીઓએ આ વખતે ૩ ટકાથી જ સંતોષ કરવો પડશે. કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થામાં આગામી રિવિઝન જુલાઈથી લાગૂ થવાનું છે. પરંતુ તેની જાહેરાત સપ્ટેમ્બર કે ઓક્ટોબર સુધીમાં થઈ શકે છે. હકીકતમાં જુલાઈના અંત સુધીમાં જૂનનો આંકડો આવી જશે. ત્યારબાદ તેના આધારે નક્કી થશે કે વધારો કેટલો થવાનો છે. ત્યારબાદ ફાઈલ લેબર બ્યૂરોથી નાણા મંત્રાલય પહોંચશે અને પછી કેબિનેટની મંજૂરી મળશે.

ખેડાના માતર તાલુકાના રતનપુર ગામમાં ઝાડા-ઉલ્ટીના કેસમાં વધારો

। (એજન્સી) ખેડા, તા.૧૯ ।

ખેડામાં રોગચાળાએ માથુ ઉંચક્યુ છે. ખેડાના માતર તાલુકાના રતનપુર ગામમાં ઝાડા - ઉલ્ટીના કેસમાં વધારો થયો છે. ખેડામાં ૨૦૦ કરતાં વધારે કેસ નોંધાતા આરોગ્ય વિભાગ દોડતુ થયુ છે. ખેડામાં રોગચાળાએ માથુ ઉંચક્યુ છે. ખેડાના માતર તાલુકાના રતનપુર ગામમાં ઝાડા – ઉલ્ટીના કેસમાં વધારો થયો છે. ખેડામાં ૨૦૦ કરતાં વધારે કેસ નોંધાતા આરોગ્ય વિભાગ દોડતુ થયુ છે. ઝાડા ઉલ્ટી અને હાઈપર ટેન્શનથી ૧ દર્દીનું મોત થયુ છે. ખેડાની સિવિલ હોસ્પિટલમાં દર્દીને દાખલ કરવામાં આવ્યો હતો. ગામમાં આરોગ્ય વિભાગની ૧૧ ટીમોએ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે.આરોગ્ય વિભાગના મતે ગામમાં દુષિત પાણી પીવાથી રોગચાળો ફેલાયો હોવાની શક્યતાઓ વ્યક્ત કરી છે.

૨૩ જૂન પોલિયો રવિવારે રાજકોટ જિલ્લાના ૧૬૯૯૮૨ બાળકોને પોલિયો વિરોધી રસી અપાશે

। રાજકોટ, તા.૧૯ ।

વિશ્વમાં આજે પણ અનેક રોગો લોકજીવનને મોટાપાયે ગ્રસિત કરી બેઠાં છે. સામાન્ય રીતે બાળકના જન્મ સાથે જ અનેક રોગોથી બચાવવા માટે રસીકરણ દ્વારા તેને આપણે સુરક્ષિત કરીએ છીએ. આમ છતાં હજુ ઘણા નવા જન્મેલા બાળકોને સુરક્ષા આપવામાં માતાપિતા સક્ષમ નથી ત્યારે આ રોગોથી તેમને સુરક્ષિત રાખવાનુ ઉમદા કાર્ય રાજય સરકારનો આરોગ્ય વિભાગ કરી રહ્યું છે. જન્મતાં જ બી.સી.જી. ની રસીથી લઈ નૂરબીબી, ઓરી, અછબડા, મગજના તાવ, ગંભીર લીલા ઝાડ અને ન્યુમોનિયાની રસી જેવા બાળકોના જીવના દુશ્મન જેવા તમામ રોગની રસી પણ સરકાર નિઃશુલ્ક પૂરી પાડે છે. ત્યારે આ રસીઓમા પોલિયોની રસીની ઝુંબેશને કેમ ભૂલી શકાય? આગામી ૨૩ જૂનના રોજ, પોલિયો દિવસ નિમિત્તે રાજકોટ જિલ્લામાં રસીકરણ અભિયાન હાથ ધરવામાં આવશે. આપને થશે કે ભારતમાં હવે તો પોલિયો નાબૂદ થઈ ગયો છે તો રસીની શું જરૂર? પોલિયો શું છે? કયા કારણોથી થાય? શુ પુખ્ત વયના લોકો ને થઈ શકે તે તમામ પ્રશ્નોના જવાબ મેળવીએ.

ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં

ગેરકાયદેસર ચાલતા કતલખાનાઓ બંધ કરવા રામ સેવા સમિતિ દ્વારા માંગ કરવામાં આવી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૯ ।

તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં ૧૭-૦૬-૨૦૨૪ બકરા ઈદના દિવસે લીમડી નગરમાં આવેલ ગોધરા રોડ પરના મહાદેવ મંદિરના પગથિયા પર કાપેલા બકરાનું માથું મળી આવેલ હતું. જેને લઈ લીમડી નગરના હિન્દુ સંગઠનો દ્વારા રોષ વ્યક્ત કરી તેની નિષ્પક્ષ તપાસ ધરવા પોલીસ પાસે માંગ કરવામાં આવી હતી.

પોલીસ દ્વારા પ્રાથમિક તપાસ દરમ્યાન કોઈ પશુ દ્વારા ખેંચીને આ માથું અહીં સુધી લાવવામાં આવેલ છે તેવું તારણ કાઢવામાં આવેલ હતું અને છતાંય આ અંગે યોગ્ય તપાસ કરવાની બાંહેધરી પણ આપવામાં આવેલ હતી. પોલીસ તંત્ર દ્વારા જે પ્રાથમિક તારણ કાઢવામાં આવેલ હતું તેનાથી હિન્દુ સમાજને કોઈ પણ સંતોષ જણાતું ન હતું. આ અંગે રામ સેવા સમિતિ દ્વારા ન્યાયિક તપાસ હાથ ધરાય તે માટેની માંગ કરવામાં આવેલ છે સાથે સાથે માંગ કરવામાં આવેલ છે કે લીમડી નગરમાં જેટલી માસ મટનની દુકાનો છે તેનાથી કેટલી દુકાનો કાયદેસર ચાલે છે...., જો દરેક દુકાનો કાયદેસર ચાલતી હોય તો તેના વેસ્ટ કચરાની વ્યવસ્થા ક્યાં કરવામાં આવેલ છે.... કતલખાના માથી નીકળતો વેસ્ટ કચરો જ્યાં ત્યાં નાખવામાં આવતા નગરના લોકોનું આરોગ્ય જોખમાય છે તેમજ હિન્દુ મંદિરોની આજુબાજુ જો આવો વેસ્ટ કચરો જોવાય તો હિન્દુ ધર્મની આસ્થાને ઠેસ પહોંચે છે.

તંત્ર પાસે ત્રણ ચાર વર્ષથી ગેરકાયદેસર ચાલતા કતલખાના બંધ કરાવવા માંગ કરવામાં આવેલ છે પરંતુ કોઈ તપાસ કે કાયદેસરની તપાસ હાથ ધરી હોય તેવું લાગતું ન હોવાનો સૂર રામ સેવા સમિતિ અને હિન્દુ સંગઠનો દ્વારા કરવામાં આવેલ છે. આ વિષયને તંત્ર ગંભીરતા પૂર્વક લઈ આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવે તેવી માંગ એક લેખિત અરજી દ્વારા લીમડી પી.એસ.આઈ અને ડી.વાએસ.પી પટેલ, ગ્રામપંચાયત લીમડી, મામલતદાર ઝાલોદ, ધારાસભ્ય ઝાલોદ, એસ.પી દાહોદ, કલેક્ટર દાહોદ પાસે માંગ કરવામાં આવેલ છે. આ આવેદનપત્ર આપવા લીમડી નગરના હિન્દુ સંગઠનો તેમજ રામ સેવા સમિતિના લોકો મોટા પ્રમાણમાં હાજર રહેલ હતા.

હેરિટેજ મણીમંદિરના પ્રાંગણમાં આઈકોનીક પ્લેસ તરીકે યોગ નિદર્શન યોજાયું

। મોરબી, તા.૧૯ ।

વિશ્વ યોગ દિવસની ઉજવણી અન્વયે આઈકોનીક પ્લેસ તરીકે મોરબી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મોરબી ખાતેના મણીમંદિરમાં યોગ નિદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. ‘યોગ એટલે કર્મ માં કુશળતા’ ભગવત ગીતા નાં આ સૂત્રને ચરિતાર્થ કરવાના હેતુથી સમગ્ર વિશ્વ યોગમય બને અને સમગ્ર વિશ્વ યોગ અને સ્વાસ્થ્યના સમન્વયને સમજે તે હેતુથી વિશ્વ યોગ દિવસની ઉજવણી પ્રતિ વર્ષ કરવામાં આવે છે. યોગ એ ભારતીય સંસ્કૃતિની વિશ્વને મહામૂલી ભેટ છે. ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા પ્રતિ વર્ષ ૨૧ જૂનનાં રોજ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવે છે. જે પૈકી ગુજરાત સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર દ્વારા આયોજિત અને જિલ્લા વહીવટી તંત્ર મોરબી દ્વારા સંચાલિત વિશ્વ યોગ દિવસ ઉજવણીનાં ભાગરૂપે હેરિટેજ મણીમંદિર ખાતે આજરોજ તા.૧૯ જૂનના રોજ પ્રાંત યુવા વિકાસ અધિકારીશ્રી સત્યજીતભાઈ વ્યાસની ઉપસ્થિતમાં યોગ નિદર્શનનું આયોજનકરવામાંઆવ્યું હતું.

૨૧મી જૂને ૧૦મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ

બનાસકાંઠાના નડાબેટ ખાતે થશે રાજ્યકક્ષાની ઉજવણી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં ૧૦મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીને આખરી ઓપ અપાયો

। (એજન્સી) બનાસકાંઠા, તા.૧૯ ।

દેશભરમાં ૨૧મી જૂને ૧૦મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. ત્યારે આ વખતે રાજ્યકક્ષાની ઉજવણી બનાસકાંઠાના સરહદી ગામ નડાબેટમાં કરવામાં આવશે. ભારત-પાકિસ્તાન સરહદને અડીને આવેલા નડાબેટમાં યોગ અને રાષ્ટ્રભક્તિના સંયોજનથી રાજ્ય સરકાર અને BSFના સહ આયોજનમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં ૧૦મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીને આખરી ઓપ અપાયો છે. આ બેઠકમાં રમત-ગમત રાજ્ય મંત્રી હર્ષ સંઘવી, યોગ બોર્ડના અધ્યક્ષ સહિત વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા. ‘સ્વયં અને સમાજ માટે યોગ’ ની થીમ પર રાજ્યભરમાં ૩૧૨ મુખ્ય સ્થળોએ યોગ દિવસ ઉજવણી કરવામાં આવશે. ગ્રામ પંચાયતથી લઈને મહાનગરપાલિકા સુધી શાળાઓ, કોલેજ, આઈ.ટી.આઈ, જેલ, આરોગ્ય, પોલીસ સહિતના વિભાગોમાં યોગ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યકક્ષાના આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સાથે વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી અને રમતગમત રાજ્યમંત્રી હર્ષ સંઘવી પણ જોડાશે.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ૨૦૧૪માં યુનાઈટેડ નેશન્સ દ્વારા ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ જાહેર કરવામાં આવ્યો છે અને ૨૦૧૫ થી આ દિવસ વિશ્વના દેશોમાં ઉજવાય છે. દર વર્ષે ૨૧મી જૂને વ્યાપક લોક ભાગીદારીથી વિવિધ વિષયવસ્તુ સાથે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવામાં આવે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં અંદાજે સવા કરોડ લોકોની સહભાગીતાથી આ યોગ દિવસને ભવ્ય સફળતા અપાવવાના આયોજનની સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રીએ અગાઉના વર્ષોમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસના રાજ્યમાં મળેલી ભવ્ય સફળતા અને ગુજરાતે સ્થાપેલા નવા વર્લ્ડ રેકોર્ડ્સની જેમ જ આગામી યોગ દિવસમાં પણ નવા કીર્તિમાન સ્થાપવામાં ગુજરાત અગ્રેસર રહેશે.

રાજકોટ જિલ્લાના ખેડૂતોને બાગાયત વિભાગની નવી સહાયલક્ષી યોજનાઓનો લાભ લેવા અનુરોધ

। રાજકોટ, તા.૧૯ ।

સરકારશ્રીના બાગાયત ખાતામાં બાગાયતદાર ખેડૂતો માટે સહાયલક્ષી યોજના અન્વયે જણાવવાનું કે, સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંતર્ગત બાગાયત ખાતા દ્વારા ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે નવી ત્રણ યોજનાઓ અમલમાં મુકવામા આવી છે. જેમાં ‘શાકભાજી પાકોમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવાની યોજના’, ફળપાકોના (આંબા તથા લીંબુ પાકના) જુના બગીચાઓને નવસર્જન કરવા માટેની યોજના તથા ‘પપૈયા પાકમાં ફળ પાક ઉત્પાદકતા વધારવાનો કાર્યક્રમ’ એમ કુલ ત્રણ નવી યોજનાઓનો લાભ લેવા માંગતા ખેડૂતો I-Khedut, https://khedut.gujarat.gov.in પોર્ટલ પર તા. ૧૩/૦૮/૨૦૨૪ સુધીમાં અરજી કરી શકશે.

અકબરનગર । અને ॥ ને મેદાનમાં ફેરવી દેવામાં આવ્યું

અકબરનગરના ડિમોલિશન તાત્કાલિક બંધ કરવાની માંગ

આઠમા દિવસે પણ ડિમોલિશનનું કામ ચાલુ છે છેલ્લા સાત દિવસમાં અકબરનગર । અને ॥ ને મેદાનમાં ફેરવી દેવામાં આવ્યું છે

। (એજન્સી) લખનૌ, તા.૧૯ ।

રાજધાની લખનૌમાં કુકરેલ નદીના કિનારે ગેરકાયદેસર રીતે વસેલા અકબરનગરમાં આઠમા દિવસે પણ ડિમોલિશનનું કામ ચાલુ છે. છેલ્લા સાત દિવસમાં અકબરનગર । અને ॥ ને મેદાનમાં ફેરવી દેવામાં આવ્યું છે. મંગળવારે મંદિરો અને મસ્જિદોને તોડવાની કામગીરી કરવામાં આવી રહી છે. વહીવટીતંત્રે છેલ્લા ધાર્મિક સ્થળોને તોડી પાડવાનો નિર્ણય લીધો હતો. ઉલ્લેખનીય છે કે અત્યાર સુધીમાં ૧૮૦૦ જેટલા ગેરકાયદેસર મકાનો તોડી પાડવામાં આવ્યા છે. અકબરનગરના રહેવાસીઓને એલડીએ દ્વારા પુનર્વસન માટે ફ્લેટ આપવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં ૧૨૦૦ લોકોને તેમના ફ્લેટમાં શિફ્ટ કરવામાં આવ્યા છે. જો કે લોકોનો રોષ પણ જોવા મળી રહ્યો છે. અકબરનગરમાં લોકસભાની ચૂંટણી પૂરી થઈ ત્યારથી લખનૌ ડેવલપમેન્ટ ઓથોરિટીની બુલડોઝર કાર્યવાહી ચાલી રહી છે. અત્યાર સુધી અકબર નગરમાં ૨૭ બુલડોઝર અને ૧૫ પોકલેન્ડ મશીન વડે અતિક્રમણ હટાવવામાં આવી રહ્યું છે. આ માટે મોટી સંખ્યામાં પોલીસ ફોર્સ પણ તૈનાત કરવામાં આવી છે. વાસ્તવમાં યોગી સરકાર કુકરેલ નદીના કિનારે રિવર ફ્રન્ટ બનાવીને ઈકો-ટૂરિઝમને પ્રોત્સાહન આપવા માંગે છે. આ માટે અકબરનગરમાં ગેરકાયદે રીતે બનાવેલા મોલ, શોરૂમ, વેરહાઉસ અને રહેણાંક મકાનો તોડી પાડવામાં આવી રહ્યા છે. એવું નથી કે અકબરનગરના લોકોએ પોતાનું ઘર બચાવવા માટે કાનૂની લડાઈ નથી લડી. બુલડોઝરની કાર્યવાહી રોકવા માટે તેઓ હાઈકોર્ટથી લઈને સુપ્રીમ કોર્ટ સુધી ગયા, પરંતુ ક્યાંયથી કોઈ રાહત મળી નહીં. લખનૌ ડેવલપમેન્ટ ઓથોરિટીની આ કાર્યવાહી સુપ્રીમ કોર્ટના આદેશ પર ચાલી રહી છે.ડિમોલિશન અભિયાન વચ્ચે રાજકારણીઓ યોગી સરકાર પર ચોક્કસ સમુદાયને નિશાન બનાવવાનો આરોપ લગાવી રહ્યા છે. AIMIM ચીફ અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું કે યોગી સરકાર ચૂંટણી પૂરી થતા જ મુસ્લિમો પાસેથી બદલો લઈ રહી છે.

હિંમતનગરમાં દોડતા બેફામ ડમ્પરે સર્જેલા અકસ્માતમાં વધુ એકનું મોત

। (એજન્સી) હિંમતનગર, તા.૧૯ ।

હિંમતનગર શહેરમાં સોમવારે બપોરે એક પોલિટેકનિક ચાર રસ્તા પર એક બેફામ દોડતા ડમ્પરે અકસ્માત સર્જ્યો છે. જેમાં સોમવારે એક વ્યક્તિનું મોત નિપજ્યાં બાદ સારવાર દરમિયાન અકસ્માતમાં ઈજાગ્રસ્ત મહિલાનું પણ મોત નિપજ્યું છે. આમ અકસ્માતની ઘટનામાં મોતનો આંકડો પહોંચ્યો છે. હિંમતનગર શહેરમાં ડમ્પર ટ્રકો બેફામ દોડી રહ્યા છે અને જેને લઈને સ્થાનિકોમાં રોષ ફેલાયો છે. હિંમતનગર શહેરમાં સોમવારે બપોરે એક પોલિટેકનિક ચાર રસ્તા પર એક બેફામ દોડતા ડમ્પરે અકસ્માત સર્જ્યો છે. જેમાં સોમવારે એક વ્યક્તિનું મોત નિપજ્યાં બાદ સારવાર દરમિયાન અકસ્માતમાં ઈજાગ્રસ્ત મહિલાનું પણ મોત નિપજ્યું છે. આમ અકસ્માતની ઘટનામાં મોતનો આંકડો પહોંચ્યો છે.

શક્તિસિંહ ગોહિલે ખાલી પડેલી જગ્યાઓ પર તાત્કાલિક કાયમી શિક્ષકોની ભરતી કરવા માંગ કરી

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૯ ।

ગુજરાત કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે ખાલી પડેલી જગ્યાઓ પર તાત્કાલિક કામયી શિક્ષકોની ભરતી કરવા માંગ કરી છે.

આજે ગાંધીનગર ખાતે કાયમી ભરતીની માંગ સાથે આંદોલન કરી રહેલા ટેટ-ટાટ પાસ ઉમેદવારોની અટકાય મુદ્દે શક્તિસિંહ ગોહિલે કહ્યું કે લોકશાહીમાં માગણી કરવાનો, આંદોલન કરવાનો અને શાંતિ પુર્વક રેલી કાઢવાનો બંધારણીય અધિકારી છે. દુખ છે કે ટેટ ટાટ પાસ ઉમેદવારોએ ભરતીની રજુઆત માટે ગાંધીનગર એકઠા થવુ પડે છે. તેમણે ઉમેર્યુ કે સરકારમાં શિક્ષકની અનેક જગ્યાઓ ખાલી છે. જ્ઞાન સહાયકથી ના શિક્ષકને કે ન વિદ્યાર્થીને સંતોષ મળે ટાટ ટેટ પાસ ઉમેદવારની કાયમી શિક્ષક તરીકે ભરતી કરવા માંગ લાંબા સમયથી કરી રહ્યા છે.

ચુંટણી અગાઉ સરકારે ૧૫ જુન સુધી ભરતી કરવાની ખાત્રી આપી હતી. આજે ૧૮ તારીખ થઈ છતાં ભરતી થઈ ન હોવાથી ઉમેદવારો માત્ર ગાંધીનગર રજુઆત કરવા ગયાં ત્યાં ઉમેદવારો સાથે સરકારનું વર્તન અયોગ્ય રહ્યું હતું. રજુઆત કરવા એકઠા થયેલા ઉમેદવારોમાં દિકરીઓ પણ હતી. દિકરી સાથે કેવી રીતે વર્તન કરવામાં આવ્યું તે જોઈ શિક્ષકોએ તેમણે કહ્યું કે શિક્ષકો સાથે કરવામાં આવેલો વ્યવહાર અયોગ્ય છે, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને ઉદ્દેશી શક્તિસિંહ ગોહિલે કહ્યું કે આ પ્રકારે આપણી સરકારમાં ચાલતુ હોય તો તે વ્યાજબી નથી. મુખ્યમમંત્રી સુચના આપે કે જે ઉમેદવારોને જે પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યા હોય તેમણે મુક્ત કરવામાં આવે અને તેમની સાથે સંવાદ કરવામાં આવે, સરકાર આ અંગે સકારાત્મક વિચારણા કરે. ટેટ ટાસ પાસ ઉમેદવારોની માંગણી વ્યાજબી છે તેમની કાયમી ભરતી કરવામાં આવે.

ખેડૂત ઉત્પાદક સંગઠન (FPO) એટલે શું ? તેની રચનાની પ્રક્રિયા અને ખેડૂતોને થતા ફાયદા

। (માહિતી) પ્રાકૃતિક કૃષિઃ અમદાવાદ ।

આપણે ત્યાં કહેવાય છે - સંઘે શક્તિ કલૌ યુગે. અર્થાત્, આ યુગમાં સંગઠન જ સૌથી મોટી શક્તિ છે. સંગઠનની રચનાથી માત્ર સભ્યોને જ નહિ, પરંતુ સંગઠન સાથે જોડાતા તમામ હિતધારકોને પણ ફાયદો થાય છે. દેશમાં સહકારથી સંગઠનની વર્ષો જૂની પરંપરા જોવા મળે છે. જે ભારતમાં આધ્યાત્મિક, સામાજિક, ઔધોગિક, કૃષિ, નાણાં જેવી ક્રાંતિ માટે મુખ્ય વાહક બની છે. દેશના કૃષિ ક્ષેત્ર માટે પણ અનેકતા વચ્ચે એકતાનું સર્જન કરતી સંગઠન શક્તિ જ ખેડૂત કલ્યાણનું મોટું સાધન છે. અને તે માટે દેશના કૃષિ અને સહકાર વિભાગ હેઠળ અનેક ખેડૂત ઉત્પાદક સંગઠનોની રચના થઈ છે. ખાસ કરીને પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો આવા સંગઠનોની મદદથી ગુણવત્તાયુક્ત કૃષિપેદાશો અને પોષણક્ષમ ભાવ મેળવી શકે છે.

કોઈપણ વિસ્તારના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને ખેડૂત ઉત્પાદક સંગઠન (FPO)ના નિર્માણ માટે એગ્રીકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી (ATMA) સંપૂર્ણ સાથ અને સહકાર આપે છે. દરેક જિલ્લામાં આવેલી આત્મા પ્રોજેક્ટ કચેરી ખાતેથી ખેતીલક્ષી માર્ગદર્શન પણ આપતી હોય છે. આત્મા, અમદાવાદ દ્વારા પણ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતના ઉત્પાદક સંગઠનોની સંખ્યા વધારવા માટે ભરપૂર પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. હાલમાં અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં એક જ્યારે સાણંદ ખાતે બે પ્રાકૃતિક ઢબે ખેતી કરનાર ખેડૂત ઉત્પાદક સંગઠન કાર્યરત છે. ત્યારે સૌથી પહેલા ખેડૂત ઉત્પાદક સંગઠન (FPO) એટલે શું? તેની રચનાની પ્રક્રિયા અને ખેડૂતોને થતા લાભો વિશે જાણીએ.

ખેડૂત ઉત્પાદક સંગઠન (FPO)ની આવશ્યકતા

અર્થશાસ્ત્રની ભાષામાં સમજીએ તો આર્થિક પ્રવૃત્તિઓમાં ખેતી એ સૌથી મોટું અસંગઠિત જૂથ છે. અર્થતંત્રના વિકાસમાં કૃષિનું યોગદાન ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. તેમ છતાં તેનું સીધું પ્રતિબિંબ ખેડૂતોના આર્થિક વિકાસ પર ન પડતું હોવાનું સૌથી મોટું કારણ એ છે કે ખેડૂતો અસંગઠિત છે. આ ઉપરાંત વારસાઈને કારણે જમીનના ટુકડાઓ, વધતો જતો ખેતીખર્ચ, બજારમાં ભાવની અનિશ્ચિતતા અને આધુનિક તકનીકોની સ્વીકૃતિમાં વિલંબ સહિતનાં પરિબળોને કારણે નાના અને સીમાંત ખેડૂતો તેમની ખેત પેદાશોના સારા ભાવો મેળવી શકતા નથી. જેથી ખેડૂતોને સાચા અર્થમાં તેમના ખેત ઉત્પાદનનું સારું મૂલ્ય મળવાની સાથોસાથ તંદુરસ્ત બજાર, ધિરાણ, સપ્લાય ચેઈન અને અન્ય ફાયદાઓ આપવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર ખેડૂત કલ્યાણની અનેકવિધ યોજનાઓ ચલાવી રહી છે. આ ઉપરાંત ખેડૂત ઉત્પાદક સંગઠન(FPO)ને ખેડૂત કલ્યાણના એક અસરકારક માધ્યમ તરીકે મૂલવી ખેડૂત ઉત્પાદક સંગઠનો મોટી સંખ્યામાં રચાય તે માટે પ્રોત્સાહન આપી રહી છે.

ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPO)થી ખેડૂતોને થનાર લાભો

ખેતપ્રવૃત્તિમાં મોટાપાયે વધારોઃ નાના પાયે ખેતી કરતા ખેડૂતો/ખેત ઉત્પાદકોને એકસાથે લાવવાથી સમગ્ર સ્કેલમાં વધારો થાય છે. ખેડૂત ઉત્પાદક સંગઠનના તમામ ખેડૂતો કોઈપણ એક મોસમનો લાભ લેવા માંગતા હોય તેવા પાકની વાવણી કરી જથ્થાબંધ ઉત્પાદન મેળવી શકે છે. જેના આધારે મોટા આર્થિક વ્યવહારો થાય છે.

ભાવતાલ કરવાની ક્ષમતાઃ વ્યાપક ઉત્પાદનના બળ પર ખેડૂત ઉત્પાદક સંગઠન જરૂરી ખાતર કે બિયારણ, સિંચાઈ, પરિવહન કે વખાર સહિતનાં સંસાધનો મેળવવામાં સ્પર્ધાત્મક ભાવોનો લાભ મેળવી શકે છે. આ ઉપરાંત તેઓ પુરવઠા કે સેવાની જથ્થાબંધ ખરીદી કરતા હોવાથી તેઓ ભાવતાલ પણ કરાવી શકે છે. ખેતપેદાશોના એકત્રીકરણના આધારે જથ્થો અને ગુણવત્તામાં સાતત્ય જાળવી શકાય છે.

સ્પર્ધાત્મક ભાવોનો લાભઃ ખેડૂત ઉત્પાદક સંગઠન ખરીદદારોની જરૂરિયાત મુજબ પર્યાપ્ત માત્રા અને ગુણવત્તામાં ઉત્પાદન કરે છે. જેથી એકજૂથ થયેલા ખેડૂતો મોટા મૂલ્યવાળા બજારોમાં પ્રવેશી ઉત્પાદનના સ્પર્ધાત્મક ભાવોનો લાભ લઈ શકે છે. અથવા તો મોટા ઉત્પાદકો સાથે સીધા કરાર હેઠળ તેમને પુરવઠો પૂરો પાડી શકે છે.

વિશ્વસનીયતાઃ વ્યક્તિગત ઉત્પાદક કરતા સંગઠિત ઉત્પાદકોના કાયદેસર રજિસ્ટર્ડ જૂથો વધુ વિશ્વસનીયતા ધરાવતા હોવાથી તેમના ઉત્પાદનના સારા ભાવો મળી રહે છે. આ ઉપરાંત ગ્રાહક માટે એક જ સંપર્ક નિયત રહેતો હોવાથી વ્યવહારમાં સરળતા અને વિશ્વસનીયતા રહે છે. બીજી તરફ વિશ્વસનીયતાને કારણ ખેડૂત ઉત્પાદક સંગઠન (FPO)ને ધિરાણ મેળવવા માટે પણ સરળતા રહે છે.

સહકારની ભાવનાઃ સમૂહમાં કામ કરવાથી મૂડીની, ઉત્પાદન ખર્ચ અને મહેનતની વહેંચણી થાય છે. જેનાથી ખેડૂતોમાં સહકારની ભાવના વિકસે છે અને સરવાળે ઉભરતાં જોખમો અને બજારમાં રહેલા પડકારોનો સામનો કરવાનો આત્મવિશ્વાસ વધે છે. જેની સકારાત્મક અસર ઉત્પાદન નીતિ અને સિદ્ધાંતો પર પડે છે.

ખેડૂત ઉત્પાદક સંગઠન(FPO)ને નાબાર્ડ તરફથી મળતો સહયોગ

પ્રોત્સાહન અને સહાયતાઃ તાલીમ અને ક્ષમતા નિર્માણ માટે અનુદાનની સહાયતા જેવી કે ખેડૂત ઉત્પાદક સંગઠન(FPO) ને સુગમતા રહે તે માટે તાલીમ વર્ગો, ફિલ્ડ મુલાકાતો, કૃષિ વિશ્વવિદ્યાલયો સાથે ગઢબંધન, વિશેષજ્ઞ સાથે બેઠકો અને સંવાદ, સાહસિકતા નિર્માણ સંસ્થાઓ દ્વારા કૌશલ વિકાસ, વ્યાવસાયિક આયોજનની તાલીમ, નવી તકનીકોના પ્રસાર અને પ્રચાર માટે નાબાર્ડ સીધી સહાય કરે છે.

ઋણ ઉપલબ્ધ કરાવવામાં ઉપયોગ : ખેડૂત ઉત્પાદક સંગઠન(FPO)ને NABKISAN FINANCE LTD., જેવી પોતાની સહાયક સંસ્થાઓ, ક્ષેત્રીય ગ્રામીણ બેંકો, વાણિજ્ય બેંકો, એન.બી.એફ.સી., અને અન્ય ધિરાણ કરતી સંસ્થાઓ મારફતે ઋણ ઉપલબ્ધ કરાવવામાં નાબાર્ડ સહાય કરે છે. લીધેલી લોનનો યોગ્ય ઉપયોગ થાય તે સુનિશ્ચિત કરવા માટે ખેડૂત ઉત્પાદક સંગઠન (FPO)ને જરૂરી ક્ષમતા નિર્માણની સહાયતા પણ આપવામાં આવે છે.

ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPO)ની રચના કેવી રીતે થાય?

ખેડૂત ઉત્પાદક સંગઠનની રચના કરવાનું સૌથી પહેલું પગલું છે - સમુદાયની ઓળખ. જેમાં ખેડૂત ક્લબો, સ્વસહાય જૂથો, કોમોડિટી ગ્રુપ, બીજગ્રામ સંગઠન, વગેરેનો સમાવેશ થાય છે. રાજ્યસરકાર સહિતના મુખ્ય હિતધારકોની ભલામણથી સમૂહની નિશ્ચિતતા થવી જોઈએ અને તેમાં ૮થી ૧૦ હજાર ખેડૂતોની સંખ્યાવાળા ૧ અથવા ૨ બ્લોક હોવા જોઈએ. ત્યારબાદ બીજું પગલું છે - સર્વે કરાવવો. જેમાં એજન્સીના માધ્યમથી ખેડૂતોની વર્તમાન સ્થિતિ, ઉત્પાદન, કૃષિવિસ્તાર, પાકના પ્રકારો, બજાર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આનુષાંગિક સુવિધાઓનું વિશ્લેષણ કરવામાં આવે છે.

ખેડૂતોને જાગૃત કરવા તે ખૂબ મહત્ત્વનું પગલું છે. જેના માટે ખેડૂત ઉત્પાદક સંગઠનની રચના કરવા તથા તેનું મહત્ત્વ અને સંભવિત ફાયદાઓ જણાવવા માટે ગ્રામ્ય કક્ષાએ બેઠકો કરી, પત્રિકા અને ચોપાનિયાઓનું વિતરણ કરવું. આ ઉપરાંત ખેડૂતોના સામાજિક-આર્થિક સંબંધો અને પરિસ્થિતિઓ, પરંપરાઓ અને રિવાજો વગેરેનું વિશ્લેષણ કરી કેટલાક અગ્રણી ખેડૂતોને ઓળખવામાં આવે છે.

ત્યારબાદનું પગલું આવે છે - કિસાન ઉત્પાદક સંગઠનનું સંયોજન અને રચના, જેમાં રસ ધરાવતા અનૌપચારિક સમૂહોને ખેડૂત ઉત્પાદક સંગઠન વિશેની સમજણ, તેમાં રહેલ વ્યવસાય જોખમોની ધારણા અને ખેડૂત ઉત્પાદક સંગઠનના રૂપમાં એકરૂપ થવા માટે તૈયારીની ખાતરી કરવી. ત્યારબાદ ઓછામાં ઓછા ૧૦૦ ખેડૂતોની પ્રારંભિક શેર સભ્યતાવાળું ખેડૂત ઉત્પાદક સંગઠન તૈયાર થઈ શકે છે. જેના માટે

● અધિનિયમ / ઉપ-નિયમ પ્રાવધાન મુજબ નિર્દેશક મંડળની રચના.

● કાયદાકીય દસ્તાવેજો-તૈયાર કરવા સંસ્થાના અંતઃનિયમ અને બહિરનિયમ.

● સંબંધિત અધિનિયમ અંતર્ગત રજિસ્ટ્રેશન/ સંસ્થાપન.

● વ્યવાયની જરૂરિયાત મુજબ વ્યાવસાયિક કુશળતા ધરાવનાર સી.ઈ.ઓ/ અન્ય મુખ્ય સ્ટાફની નિમણૂક;

● ખેડૂત ઉત્પાદક સંગઠનનાં સંસ્થાપન/ રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર પ્રાપ્ત કરવું

● પહેલી સામાન્ય સભાનું આયોજન અને ઔપચારિક સ્થાપના.

આમ, પ્રાકૃતિક ખેતી બાબતે દિવસે ને દિવસે વધતી જાગૃતતા વચ્ચે ખેડૂતો ખેડૂત ઉત્પાદક સંગઠન(FPO)ની રચનાની મદદથી ખેત પેદાશોનો સારો ભાવ મેળવી શકે છે. જેના માધ્યમથી ખેડૂત માત્ર પોતાના જ નહીં પરંતુ સમગ્ર પરિવાર, ગામ, જિલ્લો, રાજ્ય અને દેશના વિકાસમાં યોગદાન આપી શકે છે.

T20 વર્લ્ડ કપની સુપર ૮ મેચ માટે ભારતીય ટીમે પરસેવો પાડ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

ભારતીય ક્રિકેટ ટીમે ૨૦ વર્લ્ડ કપની સુપર-૮ મેચ માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. જેમાં ટીમ દ્વારા પ્રેક્ટિસ સેશનની કેટલીક તસવીરો પણ શેર કરવામાં આવી છે. ભારતીય ટીમ ગ્રુપ સ્ટેજમાં ત્રણ મેચ જીતીને સુપર-૮માં પહોંચી ગઈ છે, તેમજ ભારતની છેલ્લી લીગ મેચ વરસાદને કારણે રદ કરવામાં આવી હતી. ભારતીય ટીમે તેની તમામ ગ્રુપ લીગ સ્ટેજની મેચ અમેરિકામાં રમી હતી, જયારે આગામી મેચ વેસ્ટ ઈન્ડિઝમાં રમવાની છે. બીસીસીઆઈ દ્વારા પોસ્ટ કટેલા એક વીડિયોમાં ખેલાડીઓ બાર્બાડોસમાં બીચ વોલીબોલ રમતા દેખાયા હતા. ભારતીય ટીમ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ના સુપર-૮ તબક્કામાં પોતાની પ્રથમ મેચ અફઘાનિસ્તાન સામે રમશે. ભારતીય ટીમે રોહિત શર્માની આગેવાનીમાં આયર્લેન્ડ, પાકિસ્તાન અને અમેરિકાને હરાવીને સતત ત્રણ મેચ જીતી છે. જયારે કેનેડા સામેની મેચ વરસાદના કારણે ધોવાઈ ગઈ હતી. ભારતીય ટીમ ટી૨૦ વર્લ્ડ કપના સુપર-૮ તબક્કામાં ત્રણ મેચ રમશે. ભારતીય ટીમ સુપર ૮ના ગ્રુપ ૧માં રાખવામાં આવી છે. ભારત પ્રથમ મેચ ૨૦ જૂને અફઘાનિસ્તાન સામે, જયારે બીજી મેચ ૨૨ જૂને બાંગ્લાદેશ સામે અને ત્રીજી મેચ ૨૪ જૂને ઓસ્ટ્રેલિયા સામે રમશે. ઓસ્ટ્રેલિયાએ લીગ તબક્કાની તેની તમામ મેચો જીતી છે, જયારે અફઘાનિસ્તાને ત્રણ મેચ જીતી છે.

ટ્રુડો G7માં શાંતિપૂર્ણ હોવાનો ડોળ કરતા રહ્યા

જ્યારે કેનેડાની સંસદમાં આતંકવાદી નિજ્જર માટે મૌન પાળવામાં આવ્યું

ગયા વર્ષે જૂન મહિનામાં કેનેડાના સરેમાં ગુરુદ્વારા બહાર નિજ્જરની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી, નિજ્જર ખાલિસ્તાની આતંકવાદી હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

ગયા વર્ષે જૂનમાં કેનેડાના સરેમાં ગુરુદ્વારા બહાર નિજ્જરની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. નિજ્જર ખાલિસ્તાની આતંકવાદી હતો. ખાલિસ્તાન ટાઈગર ફોર્સનો ચીફ હતો. તે છેલ્લા ઘણા સમયથી કેનેડામાં રહેતો હતો અને ત્યાંથી ભારત વિરુદ્ધ ખાલિસ્તાની આતંકવાદને વેગ આપતો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદી ઈટાલીના અપુલિયામાં G7 સમિટમાં કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોને મળ્યા હતા. હરદીપ સિંહ નિજ્જરની હત્યાને લઈને કેનેડા દ્વારા ભારત પર લગાવવામાં આવેલા આરોપો બાદ તમામની નજર બંને નેતાઓની મુલાકાત પર ટકેલી છે.

પીએમ મોદીને મળ્યા બાદ ટ્રુડોએ સંબંધો સુધારવાની વાત કરી હતી પરંતુ કેનેડાની સંસદમાંથી અલગ જ તસવીર સામે આવી છે. ખાલિસ્તાન ટાઈગર ફોર્સ સંગઠન સાથે જોડાયેલા આતંકવાદી હરદીપ સિંહ નિજ્જર માટે કેનેડાની સંસદમાં બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું. હાઉસ ઓફ કોમન્સમાં, પ્રથમ સ્પીકર, ગ્રેગ ફર્ગ્યુસે નિજ્જર માટે શોક સંદેશ વાંચ્યો અને પછી તમામ સાંસદોને નિજ્જર માટે મૌન પાળવા કહ્યું.અગાઉ, કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોએ કહ્યું હતું કે ભારતની નવી સરકાર સાથે આર્થિક સંબંધો અને રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવાની આ એક તક છે. જી-૭માં પીએમ મોદીને મળ્યા બાદ તેમણે આ વાત કહી.

ટ્રુડોએ કહ્યું કે G7 સમિટની સૌથી સારી વાત એ છે કે તમને મોટા પાયા પર વૈશ્વિક નેતાઓ સાથે સીધો કનેક્ટ થવાની તક મળે છે. એવા દેશોના રાષ્ટ્રાધ્યક્ષોને મળવાની પણ તક છે જેમની સાથે કેટલાક મુદ્દાઓ પર મતભેદ છે, જેમાં ભારતનો પણ સમાવેશ થાય છે. ભારત અને કેનેડાના લોકો વચ્ચે સંબંધ છે, જે ખૂબ જ મહત્વપૂર્ણ આર્થિક સંબંધ છે. તેમણે કહ્યું કે આપણા લોકો અને ભારત વચ્ચેના સંબંધો ખૂબ જ ગાઢ છે.

ઘણા મોટા મુદ્દાઓ પર સહમતિ છે જેના પર વૈશ્વિક સમુદાય તરીકે આપણે લોકશાહી તરીકે કામ કરવાની જરૂર છે. ઘણા મોટા મુદ્દા છે જેના પર આપણે કામ કરવાની જરૂર છે. હવે ભારતમાં ચૂંટણીઓ થઈ છે. આવી સ્થિતિમાં, મને લાગે છે કે રાષ્ટ્રીય સુરક્ષા અને કેનેડિયન નાગરિકોની સુરક્ષા જેવા કેટલાક અત્યંત ગંભીર મુદ્દાઓ પર ચર્ચા કરવાની તક છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું બ્રિટિશ કોલંબિયાના સરેમાં નિજ્જરની હત્યા કેસની તપાસમાં ભારત તરફથી સહકારમાં સુધારો થયો છે. આ અંગે ટ્રુડોએ કહ્યું કે આ દિશામાં કામ થઈ રહ્યું છે. તમને જણાવી દઈએ કે, ઈટાલીમાં G7 સમિટ દરમિયાન પીએમ મોદી અને જસ્ટિન ટ્રુડો વચ્ચે વાતચીત થઈ હતી.

ગયા વર્ષે નિજ્જરની હત્યાને લઈને ભારત પર લાગેલા આરોપો બાદ બંને નેતાઓ વચ્ચે આ પહેલી મુલાકાત હતી. આ મીટિંગ પછી પીએમ મોદીએ સોશિયલ મીડિયા પર બંને નેતાઓની હાથ મિલાવવાની તસવીર પણ પોસ્ટ કરી હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે તેઓ G7 સમિટમાં કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોને મળ્યા હતા. ગયા વર્ષે સંસદમાં બોલતા જસ્ટિન ટ્રુડોએ ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા માટે ભારતને જવાબદાર ઠેરવ્યું હતું. આ પછી ભારત અને કેનેડા વચ્ચે રાજદ્વારી તણાવ વધી ગયો. ત્યારથી ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો ઉતાર-ચઢાવથી ભરેલા રહ્યા છે. ભારતે ટ્રુડો અને તેમની પાર્ટી પર ખાલિસ્તાનીઓને આકર્ષવા માટે વોટ બેંકની રાજનીતિ કરવાનો આરોપ પણ લગાવ્યો હતો.

ખાલિસ્તાની આતંકવાદી પન્નુ મર્ડર કેસ

યુએસ એટની જનરલે કહ્યું, નિખિલ ગુપ્તા વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવશે

ખાલિસ્તાન સમર્થક ગુરપતવંત સિંહ પન્નુની હત્યાનું કાવતરું ઘડનાર ભારતીય નાગરિક નિખિલ ગુપ્તાને અમેરિકી કોર્ટનો સામનો કરવો પડશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

નિખિલ ગુપ્તા, ૫૩, જેને નિક તરીકે પણ ઓળખવામાં આવે છે, તેની ન્યુયોર્કમાં ખાલિસ્તાની અલગતાવાદી ગુરપતવંત સિંહ પન્નુની હત્યાના ષડયંત્રમાં સંડોવણી બદલ યુએસ સરકારની વિનંતી પર ૩૦ જૂન, ૨૦૨૩ ના રોજ ચેક રિપબ્લિકમાં ધરપકડ કરવામાં આવી હતી. તેને ૧૪ જૂને અમેરિકા પ્રત્યાર્પણ કરવામાં આવ્યું હતું. ગુપ્તાને સોમવારે ન્યૂયોર્કની ફેડરલ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો.ખાલિસ્તાન સમર્થક ગુરપતવંત સિંહ પન્નુની હત્યાનું કાવતરું ઘડનાર ભારતીય નાગરિક નિખિલ ગુપ્તાને અમેરિકી કોર્ટનો સામનો કરવો પડશે. ન્યૂયોર્કમાં એક શીખ ઉગ્રવાદી વિરુદ્ધ હત્યાના કાવતરામાં સામેલ હોવાનો આરોપી ભારતીય નાગરિક નિખિલ ગુપ્તાને હવે યુએસ કોર્ટરૂમમાં ન્યાયનો સામનો કરવો પડશે, યુએસ એટની જનરલ મેરિક ગારલેન્ડે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે અમેરિકા તેના નાગરિકોને ચૂપ કરવાના કે નુકસાન પહોંચાડવાના પ્રયાસોને સહન કરશે નહીં.હકીકતમાં, ૫૩ વર્ષીય નિખિલ ગુપ્તા, જેને નિક તરીકે પણ ઓળખવામાં આવે છે, તેને ૩૦ જૂન, ૨૦૨૩ના રોજ ચેક રિપબ્લિકમાં નવામાં ખાલિસ્તાની અલગતાવાદી ગુરપતવંત સિંહ પન્નુની હત્યાના કાવતરામાં સામેલ થવા બદલ યુએસ સરકારની વિનંતી પર ધરપકડ કરવામાં આવી હતી. યોર્ક હું ગયો. તેને ૧૪ જૂને અમેરિકા પ્રત્યાર્પણ કરવામાં આવ્યું હતું.ગુપ્તા સોમવારે ન્યૂયોર્કની ફેડરલ કોર્ટમાં હાજર થયો હતો, જ્યાં તેણે નિર્દોષ હોવાની દલીલ કરી હતી, એમ તેના વકીલ જેફરી ચાબ્રોએ જણાવ્યું હતું. સોમવારે યુએસ મેજિસ્ટ્રેટ જજ જેમ્સ એલ. આરોપોને સુપરસીડિંગ આરોપમાં કોર્ટ સમક્ષ મૂકવામાં આવ્યા હતા. આ કેસ યુએસ ડિસ્ટ્રિક્ટ જજ વિક્ટર મેરેરોને સોંપવામાં આવ્યો છે.'' આ પ્રત્યાર્પણ સ્પષ્ટ કરે છે કે ન્યાય વિભાગ અમેરિકન નાગરિકોને મૌન કરવા અથવા નુકસાન પહોંચાડવાના પ્રયાસોને સહન કરશે નહીં,'' ગારલેન્ડે સોમવારે કહ્યું કે તે ભારતમાં એક શીખ છે અલગતાવાદી ચળવળને ટેકો આપતા અમેરિકન નાગરિકને નિશાન બનાવવા અને તેની હત્યા કરવાનું કાવતરું.''ન્યૂયોર્કના સધર્ન ડિસ્ટ્રિક્ટ માટે યુએસ એટની ઓફિસે એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, ''નિખિલ ગુપ્તા પર છેતરપિંડીનો આરોપ મૂકવામાં આવ્યો છે, જેમાં મહત્તમ ૧૦ વર્ષની જેલની સજા છે અને ભાડેથી હત્યાનું કાવતરું ઘડવામાં આવ્યું છે.'' દાખલ કરવામાં આવે છે, જેમાં મહત્તમ ૧૦ વર્ષની જેલની સજા થઈ શકે છે.''ડેપ્યુટી એટની જનરલ લિસા મોનાકોએ જણાવ્યું હતું કે ન્યૂયોર્ક સિટીમાં એક અમેરિકી નાગરિકની હત્યા કરવા માટે ભારતીય સરકારી કર્મચારી દ્વારા કથિત રીતે આ હત્યાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું, જે એક રાજકીય કાર્યકર્તા દ્વારા તેના વાણીની સ્વતંત્રતાનો ઉપયોગ કરવાનો પ્રયાસ હતો મૌન કરવાનો પ્રયાસ કરો. આરોપીનું પ્રત્યાર્પણ એ ન્યાયની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

રાહુલ ગાંધીના દાવાથી ખળભળાટ

NDAના લોકો I.N.D.I.Aના સંપર્કમાં છે : કોંગ્રેસના નેતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

લોકસભા ચૂંટણી પૂરી થઈ ગઈ. ભાજપને તો બહુમત ન મળ્યો પરંતુ તેના નેતૃત્વવાળા એનડીએને સ્પષ્ટ બહુમત મળી જતા ફરીથી સત્તા હાથમાં આવી ગઈ. ભાજપ માટે આ વખતના પરિણામ ખુબ ચોંકાવનારા રહ્યા કારણ કે ગત ચૂંટણી કરતા ૬૩ સીટો ઓછી મળી અને પાર્ટીને ફક્ત ૨૪૦ સીટો જ મળી શકી. આ જ કારણ છે કે મોદી સરકાર બન્યા બાદ પણ વિપક્ષ સતત આકરા પ્રહાર કરી રહ્યો છે. હવે એકવાર ફરીથી રાહુલ ગાંધીએ નિશાન સાધ્યું છે. દાવો કર્યો છે કે મોદી સરકારે પોતાનું અસ્તિત્વ બચાવી રાખવા માટે 'સંઘર્ષ' કરવો પડશે. કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ એક ઈન્ટરવ્યુમાં કોઈનું પણ નામ બતાવ્યા વગર એવો દાવો કર્યો કે નરેન્દ્ર મોદી જૂથના લોકો ઈન્ડિયા બ્લોક સાથે સંપર્કમાં છે. એક નાનકડી ગડબડી પણ ભાજપના નેતૃત્વમાં સરકાર બનાવનાર એનડીએને અસ્થિર કરી શકે છે. આ સાથે રાહુલ ગાંધીએ એવો દાવો પણ કર્યો કે એનડીએમાં સામેલ પ્રાદેશિક પક્ષોમાં 'ભારે અસંતોષ' છે. આ કારણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારે અસ્તિત્વમાં રહેવા માટે 'સંઘર્ષ' કરવો પડશે. એક અગ્રણી અખબારને આપેલા ઈન્ટરવ્યુમાં રાહુલ ગાંધીએ કહ્યું કે, 'મોદી સરકારમાં સંખ્યા એવી છે કે ખુબ નાજુક સ્થિતિમાં છે અને નાનકડી ગડબડી પણ સરકાર પાડી શકે છે. આ માટે ફક્ત એક સહયોગીએ બીજી તરફ વળવું પડશે.' જો કે રાહુલ ગાંધીએ પોતાના દાવા વિશે વિસ્તારમાં જણાવવાનીના પાડી દીધી. લોકસભા ચૂંટણીમાં ઈન્ડિયા બ્લોકના સારા પ્રદર્શન પર રાહુલ ગાંધીએ કહ્યું કે ભાજપનું પાયાનું માળખું અને ધાર્મિક વૈમનસ્યતા ફેલાવવાની તેમની વિચારધારી વેરવિખેર થઈ છે. ભારતીય રાજકારણમાં એક મોટો ફેરફાર આવ્યો છે આ જ કારણ છે કે આ વખતે સત્તાધારી ગઠબંધન સંઘર્ષ કરશે કારણ કે ૨૦૧૪ અને ૨૦૧૯માં નરેન્દ્ર મોદી માટે જે કામ લાગ્યું તે આ વખતે કામ કરી રહ્યું નથી. તેમણે વધુમાં કહ્યું કે નરેન્દ્ર મોદીના વિચાર અને મોદીની છબી નષ્ટ થઈ ગઈ છે. અત્રે જણાવવાનું કે ૪ જૂને લોકસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા અને એનડીએને ૨૯૨ સીટો મળી પરંતુ ભાજપ પોતાના દમ પર બહુમત મેળવવામાં પાછું પડ્યું. તેને ફક્ત ૨૪૦ સીટો મળી. ભાજપને સત્તામાંથી હટાવવા માટે બનેલા ગઠબંધનને આવામાં ૨૩૪ સીટો મેળવીને બધાને ચોંકાવી દીધા. જેમાં કોંગ્રેસે પોતાના દમ પર ૯૯ સીટો મેળવી. આ પરિણામે રાહુલ ગાંધીને વિપક્ષી રાજકારણમાં સૌથી આગલી હરોળમાં મૂકી દીધા. રાહુલ ગાંધીએ નફરતના રાજકારણ પર વાત કરતા કહ્યું કે આ વિચાર કે તમે નફરત ફેલાવી શકો છો, તમે ગુસ્સો ફેલાવી શકો છો અને તમે તેનો લાભ ઉઠાવી શકો છો- ભારતીયોએ આ ચૂંટણીમાં તેને ફગાવી દીધો. ભાજપનો ધાર્મિક ધૃણા પેદા કરવાનો વિચાર ધ્વસ્ત થઈ ગયો છે. તેમણે વધુમાં કહ્યું કે જે પાર્ટીએ છેલ્લા ૧૦ વર્ષ અયોધ્યા વિશે વાત કરવામાં વિતાવ્યા તેનો અયોધ્યામાં જ સફાયો થઈ ગયો છે.

નવી દિલ્હીમાં આગામી કેન્દ્રીય બજેટ ૨૦૨૪-૨૫ માટે સૂચનો લેવા કેન્દ્રીય નાણા મંત્રી અને કોર્પોરેટ બાબતના મંત્રી, શ્રીમતી નિર્મલા સીતારમણે અગ્રણી અર્થશાસ્ત્રીઓ સાથે પ્રથમ પ્રી-બજેટ મિટિંગની કરી હતી.

'ભારતમાં હિન્દુ-મુસ્લિમ', ફવાદ ચૌધરી પોતાના જ દેશ પર ગુસ્સે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

પાકિસ્તાનમાં લઘુમતીઓને વારંવાર કટ્ટરવાદીઓ દ્વારા અત્યાચારોનો સામનો કરવો પડે છે. ત્યાં રહેતા હિંદુઓ તેમજ શીખ ધર્મના લોકો પર અત્યાચાર થઈ રહ્યો હોવાના સમાચારો રોજેરોજ સામે આવે છે. પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાંથી આવો જ વધુ એક કિસ્સો સામે આવ્યો છે. અહીં કટ્ટરવાદીઓના એક જૂથે એક વિકલાંગ હિંદુ વિદ્યાથી સાથે દુષ્કર્મ કર્યુ છે. સોરથ સિંધુ નામના પાકિસ્તાની એક્સ યુઝરે રાહુલ દેસર નામના હિન્દુ યુવક દ્વારા સોશિયલ મીડિયા પર કરેલી પોસ્ટનો સ્ક્રીનશોટ ટ્વીટ કર્યો છે. આ પોસ્ટ મુજબ રાહુલ ડેસરનો અપંગ નાનો ભાઈ ઉચ્ચ અભ્યાસ માટે ઈસ્લામાબાદમાં છે. તે ઈસ્લામાબાદમાં શાહીન આઈ-૮ નામની ખાનગી હોસ્ટેલમાં રહે છે. ગઈકાલે બકરીદ નિમિત્તે કેટલાક કટ્ટરપંથીઓ તેમના રૂમમાં ઘુસ્યા હતા. તેને કલમ વાંચવા માટે દબાણ કરવાનું શરૂ કર્યું. હિંદુ ધર્મ અપનાવવા માટે પણ દબાણ કરો. આ સિવાય તે પોતાની સાથે હિન્દુ વિદ્યાથીના રૂમમાં બીફ પણ લાવ્યો હતો.રાહુલ ડેસરના જણાવ્યા મુજબ હોસ્ટેલના ચોકીદારે જ તેના ભાઈ સાથે હોસ્ટેલમાં ગેરવર્તન કરનારા કટ્ટરવાદીઓને મદદ કરી હતી.

ઓનલાઇન મંગાવેલ વસ્તુના બોક્સમાંથી નીકળ્યો કોબ્રા સાપ

। (એજન્સી) બેંગલુરું, તા.૧૯ ।

ઓનલાઈન શોપિંગની સૌથી મોટી સમસ્યા એ છે કે કેટલીકવાર આવી વસ્તુઓ ગ્રાહક સુધી પહોંચાડવામાં આવે છે, જે તેમની સમસ્યાઓમાં વધારો કરે છે. બેંગલુરુમાં એક ગ્રાહકે અમેઝોનમાંથી મંગાવાયેલા સામાનનું પેકેટ ખોલતા તેમાંથી કોબ્રા સાપ નીકળ્યો હતો. વાસ્તવમાં પતિ-પત્નીએ Xbox કંટ્રોલરનો ઓર્ડર આપ્યો હતો. આ પાર્સલનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવ્યો હતો. વીડિયોમાં જોઈ શકાય છે કે પેકેટની અંદર એક સાપ છે. વિડિયો શેર કરતી વખતે કપલ્સે જણાવ્યું કે જ્યારે તેમણે અમેઝોન કસ્ટમર કેર સાથે આ ઘટના વિશે વાત કરી તો તેમને બે કલાક માટે હોલ્ડ પર રાખવામાં આવ્યા હતા. મળતી માહિતી મુજબ પત્નીનું નામ તન્વી છે. તે બેંગલુરુના સરજાપુર રોડની રહેવાસી છે. બેંગલુરુમાં એક મહિલા અમેઝોનમાંથી કેટલીક વસ્તુઓ ઓર્ડર કરી હતી.

મેટ્રિમોનિયલ વેબસાઈટ દુલ્હન શોધી ના શકતા યુવકે કર્યો કેસ

કંપની આ મામલે પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ રહી, જિલ્લા ગ્રાહક નિવારણ ફોરમનો વળતર ચૂકવવા આદેશ

। (એજન્સી) એર્નાકુલમ, તા.૧૯ ।

કેરળના એર્નાકુલમ જિલ્લામાં એક શખસને દુલ્હન શોધી ન આપવા બદલ મેટ્રિમોનિયલ વેબસાઈટને જિલ્લા ગ્રાહક નિવારણ ફોરમે રૂ. ૨૫ હજારનું વળતર ચૂકવવા આદેશ આપ્યો છે. આ સાથે ફોરમે તે વ્યક્તિને થયેલો કાયદાકીય ખર્ચ ચૂકવવાનો પણ આદેશ આપ્યો છે. સૂત્રોના જણાવ્યાનુસાર, આ શખસનો આરોપ હતો કે, મેટ્રિમોનિયલ વેબસાઈટ કેરળ મેટ્રિમોનીએ દુલ્હન શોધી આપવાની પોતાની પ્રતિબદ્ધતા પૂર્ણ કરી ન હતી. જિલ્લા ફોરમના અધ્યક્ષ ડી.બી. બીનૂ અને અન્ય સભ્યો રામચંદ્રન વી. તેમજ શ્રીવિદ્યા ટીએનએ આ મામલે સુનાવણી સાંભળી ૧૫ મેના રોજ આદેશ આપ્યો હતો કે, કેરળ મેટ્રિમોની તરફથી યોગ્ય સેવા આપવામાં આવી નથી. આ ફરિયાદી કેરળ મેટ્રિમોની વેબસાઈટના અન્ય પીડિતોમાંથી એક છે. ફરિયાદીએ પોતાનો પક્ષ રજૂ કરવા સોશિયલ મીડિયા મારફતે આ સાઈટ અંગેની પ્રતિક્રિયાઓ પણ એકત્રિત કરી હતી, જેથી તેનો કેસ વધુ મજબૂત બન્યો હતો. ગ્રાહક ફોરમે જણાવ્યું હતું કે, સામા પક્ષે જીવનસાથી શોધનારાને આકર્ષિત કરવા અનેક આકર્ષક બાબતો અને જાહેરાતો કરી છે, પરંતુ તે મુજબ સેવાઓ પ્રદાન કરવામાં નિષ્ફળ રહી છે. તેણે ફરિયાદીને આપવામાં આવેલા વચનોમાંથી કોઈપણ વચનનું પાલન કર્યું હોય તેવા કોઈ પુરાવા રજૂ કર્યા નથી, જેથી તે દોષિત ઠરે છે. અહીંના ચેરથલાના રહેવાસીએ મે ૨૦૧૯માં ગ્રાહક ફોરમમાં આ ફરિયાદ કરી હતી. તેણે આરોપ મૂક્યો હતો કે 'મેં ૨૦૧૮ની શરૂઆતમાં કેરળ મેટ્રિમોની સાઈટ પર મારો બાયોડેટા રજિસ્ટર્ડ કરાવ્યો હતો, જેના ભાગરૂપે કેરળ મેટ્રિમોનીના પ્રતિનિધિઓએ તેમના ઘર અને ઓફિસની મુલાકાત પણ લીધી હતી. અને ત્રણ મહિનાના સબસ્ક્રિપ્શન માટે રૂ.૪,૧૦૦ ચૂકવવા કહ્યું હતું, જેથી તેઓ સંભવિત કન્યા સાથે લગ્ન મિલાપ કરાવી શકે.' ફરિયાદીએ જણાવ્યું હતું કે 'જાન્યુઆરી ૨૦૧૯માં આ ફી ચૂકવ્યા બાદ મેં સાઈટ પર કોલ કરીને સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ કોઈ જવાબ મળ્યો ન હતો.



જો એક પાર્ટનર પરિણીત હોય તો ત્યારે લિવ-ઈન માન્ય ન ગણાય

। (એજન્સી) મદ્રાસ, તા.૧૯ ।

મદ્રાસ હાઈકોર્ટમાં તાજેતરમાં એક કેસની સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં મદ્રાસ કોર્ટે જણાવ્યુ હતું કે પરિણીત પુરુષ અને અપરિણીત મહિલા વચ્ચે લિવ-ઈન રિલેશનશિપ ''લગ્નની પ્રકૃતિ'' નથી. હાઈકોર્ટે કહ્યું કે કાયદાના અભાવના કારણે લિવ-ઈન પાર્ટનર અન્ય પક્ષની મિલકતના વારસા કે વારસાની માગ કરી શકે નહીં. જસ્ટિસ આરએમટી ટીકા રમને એવા પુરૂષને રાહત આપવાનો ઈનકાર કર્યો હતો, જેણે પરિણીત હોવા છતાં એક મહિલા સાથે લિવ-ઈન રિલેશનશિપમાં પ્રવેશ કર્યો હતો. કેસની સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું હતું કે લિવ-ઈન રિલેશનશિપ સમયે પણ પુરુષ અને તેની પત્ની વચ્ચે લગ્ન અસ્તિત્વમાં હોવાથી લિવ-ઈન રિલેશનશિપને લગ્ન તરીકે માની શકાય નહીં. મદ્રાસ હાઈકોર્ટ અરજદાર જયચંદ્રનની અપીલ પર સુનાવણી કરી રહી હતી, જે માર્ગારેટ અરુલમોઝી સાથે લિવ-ઈન રિલેશનશિપ માં હતા. આ સમય દરમિયાન જયચંદ્રને સ્ટેલા નામની મહિલા સાથે લગ્ન કર્યા હતા અને આ લગ્નથી તેમને ૫ બાળકો પણ હતા. જયચંદ્રને માર્ગારેટની તરફેણમાં સમાધાનની ડીડ તૈયાર કરી હતી. જે માર્ગારેટના મૃત્યુ પછી એકપક્ષીય રીતે રદ કરવામાં આવી હતી. આ કેસ તે મિલકતના કબજા સાથે સંબંધિત હતો, જે અરુલમોઝીએ માર્ગારેટના નામે પતાવટ કરી હતી. ટ્રાયલ કોર્ટે શોધી કાઢ્યું હતું કે જયચંદ્રન અને માર્ગારેટના લગ્નને માન્ય લગ્નમાં રૂપાંતરિત કરવામાં આવ્યા ન હોવાથી, પ્રતિવાદી યેસુરંથિનમ, માર્ગારેટના પિતા,કબજાના ઓર્ડર માટે હકદાર હતા. આ રીતે કોર્ટે જયચંદ્રનને મિલકતનો કબજો સોંપવાનો નિર્દેશ આપ્યો હતો. આ પછી જયચંદ્રને ટ્રાયલ કોર્ટના આ નિર્ણય સામે અપીલ દાખલ કરી હતી. અપીલ પર, અરજદાર જયચંદ્રને દલીલ કરી હતી કે તેણે તેની પ્રથમ પત્ની સ્ટેલાને પરંપરાગત માધ્યમથી છૂટાછેડા આપ્યા હતા, ત્યારબાદ તેણે માર્ગારેટ સાથે અફેર શરૂ કર્યું હતું. તેણે એ પણ જણાવ્યું કે તેણે માર્ગારેટની સુરક્ષા માટે તેની તરફેણમાં સમાધાન ડીડ કર્યું હતું. તેમણે દલીલ કરી હતી કે ટ્રાયલ કોર્ટે ધ્યાન આપ્યું નથી કે માર્ગારેટે તેમના સર્વિસ રેકોર્ડમાં પેન્શન અને અન્ય સેવા લાભો માટે જયચંદ્રનનું નામ તેમના પતિ તરીકે આપ્યું હતું. જયચંદ્રને જણાવ્યું હતું કે માર્ગારેટના મૃત્યુ પછી, તેને તેના પતિ તરીકે ગણવામાં આવવી જોઈતી હતી.

તંત્રી લેખ...

પેટ્રોડોલર ડીલનો અંત વૈશ્વિક પાવર ડાયનેમિક્સમાં પરિવર્તનનો સંકેત

અમેરિકા અને સાઉદી અરેબિયા વચ્ચે પેટ્રોડોલર ડીલ તરીકે ઓળખાતી ૮૦ વર્ષ જૂની સમજૂતીનો અંત આવ્યો છે. ઈ.સ. ૧૯૭૪માં સ્થપાયેલ આ સોદામાં યુએસને યુએસ ડોલરનો ઉપયોગ કરીને સાઉદી અરેબિયા પાસેથી તેલ ખરીદવાની મંજૂરી આપવામાં આવી હતી અને બદલામાં, યુએસએ સાઉદી અરેબિયાને લશ્કરી સહાય અને સાધનો પૂરા પાડયા હતા. આ વ્યવસ્થાએ યુએસમાં તેલનો સતત પ્રવાહ સુનિશ્ચિત કર્યો અને યુએસે દેવું માટે બજાર બનાવ્યું, જ્યારે સાઉદી અરેબિયાએ સુરક્ષા અને સ્થિરતાનો આનંદ માણ્યો. પેટ્રોડોલર એ તેલના બદલામાં તેલની નિકાસ કરતા દેશોને ચૂકવવામાં આવતા યુએસ ડોલર છે. યુએસએ ગોલ્ડ સ્ટાન્ડર્ડ સમાપ્ત કર્યા પછી આ સિસ્ટમ ૧૯૭૨માં શરૂ થઈ હતી. જેમ જેમ ડોલરનો વૈશ્વિક પુરવઠો વધતો ગયો તેમ તેમ તેલના નિકાસકારોએ ડોલરનો સ્વીકાર કર્યો કારણ કે અન્ય કોઈ સક્ષમ વિકલ્પો ન હતા. આનાથી વૈશ્વિક અનામત ચલણ તરીકે યુએસ ડૉલરની ભૂમિકા મજબૂત થઈ, જેણે ડૉલરને મજબૂત રાખીને, આયાત સસ્તી બનાવીને અને નીચા વ્યાજ દરો જાળવી રાખવાથી અમેરિકનોને ફાયદો થયો. પેટ્રોડોલર ડીલનો જન્મ ૧૯૭૦ના દાયકાની શરૂઆતમાં તેલ સંકટમાંથી થયો હતો. ૧૯૭૪માં, યુએસ અને સાઉદી અરેબિયા સંમત થયા હતા કે યુએસ સાઉદી અરેબિયા પાસેથી તેલ ખરીદશે અને બદલામાં લશ્કરી સહાય આપશે. સાઉદી અરેબિયા યુએસમાં પાછા રોકાણ કરવા માટે પેટ્રોડોલરનો ઉપયોગ કરશે. આ વ્યવસ્થા બંને પક્ષો માટે ફાયદાકારક હતી. યુ.એસ.ને સતત તેલનો પુરવઠો અને તેના દેવા માટે ખરીદનાર મળ્યો, જ્યારે સાઉદી અરેબિયાને લશ્કરી ટેકો અને આર્થિક સ્થિરતા મળી. સોદો બંધ થતાં, સાઉદી અરેબિયા હવે યુઆન, યુરો, રૂબલ અને યેન જેવી અન્ય કરન્સીમાં તેલનું વેચાણ કરી શકશે અને બિટકોઈન જેવી ડિજિટલ કરન્સીનો પણ ઉપયોગ કરી શકશે. આ વૈશ્વિક નાણાકીય વ્યવસ્થામાં નોંધપાત્ર ફેરફારો લાવી શકે છે. જો તેલની કિંમત યુએસ ડોલર સિવાયની અન્ય કરન્સીમાં થવાનુ શરૂ થાય, તો ડોલરની માંગ ઘટી શકે છે, જે સંભવિતપણે ડોલર અને યુએસ નાણાકીય બજારોને નબળું પાડી શકે છે. આના પરિણામે ઊંચો ફુગાવો, વ્યાજ દરોમાં વધારો અને યુએસમાં નબળા બોન્ડ માર્કેટમાં પરિણમી શકે છે. પેટ્રોડોલર ડીલનો અંત વૈશ્વિક પાવર ડાયનેમિક્સમાં પરિવર્તનનો સંકેત આપે છે. યુએસ ડોલરનું વર્ચસ્વ હવે નિશ્ચિત નથી. જેમ્સ ઇ. થોર્ન જેવા કેટલાક નિષ્ણાતો સૂચવે છે કે ડોલરના ઘટાડાનું સંચાલન કરવા અને તેના રાષ્ટ્રીય દેવાને વધુ સારી રીતે પુનધરાણ કરવા માટે યુએસ દ્વારા આ એક વ્યૂહાત્મક પગલું હોઈ શકે છે. વધુમાં, સાઉદી અરેબિયા જેવા દેશો અમેરિકા પરની તેમની નિર્ભરતા ઘટાડી શકે છે અને ચીન અને બ્રિક્સ દેશો જેવી અન્ય આર્થિક શક્તિઓ સાથે સંબંધો મજબૂત કરી શકે છે.

માહિતી અને ટેક્નોલોજી ના ઓવરલોડ થી કેવી રીતે બચી શકાય?

0111001001
8013245
754

યુવાવસ્થાનો સમય પડકાર, લક્ષ્યો, ઉપલબ્ધિઓ અને મહત્વકાંક્ષાઓનો સમય હોય છે. ઘણા લોકો બીજાની બતાવેલી સફળતાની પછાળ ભાગે છે. આ હાઈપર કનેક્ટેડ, સૂચનાઓથી ભરેલા યુગમાં, વધુ પડતી માહિતી અને સાથે કામના દબાવનો તણાવ પણ જોડાઈ જાય છે. આવો તણાવ આપણાં યુવાઓની ખુશી છીનવી લે છે. આપણને યુવાઓના ડિપ્રેશનના ઘણા કિસ્સા જોવા મળે છે. આવા મુશ્કેલ સમયમાં યુવાઓ સતત ખુશ કેવી રીતે રહી શકે છે? હું યુવાઓ અને સુખનું સત્ય જાણવા માંગુ છું. જુઓ, દરેક પેઢીમાં થોડા લોકો એવા હોય છે જે કાયમ કોઈક ને કોઈક વાતને લઈને ફરિયાદ કરતા રહે છે અને હા, એવા લોકો પણ હોય છે જે પોતાના સમયની પરિસ્થિતિઓનો ફાયદો ઉઠાવે છે. એક પેઢીના રૂપમાં, આજે જે આપણી પાસે ઘણી સુવિધાઓ અને સગવડો છે, અને આપણે જે પણ જાણવા ઈચ્છીએ તે જાણી શકીએ છીએ. વાત ફક્ત એ છે કે તમે આ રીતનું જીવન જીવવા પોતાને માટે તૈયાર નથી કર્યા. કહેવાનો અર્થ એ છે કે તમે અત્યારે ટેક્નોલૉજીની ફરિયાદ કરો છો. કૃપા કરી એની ફરિયાદ ન કરો કારણ કે એક પેઢીના રૂપમાં આ આપણે મળેલી સૌથી મોટી સુવિધાઓમાંની એક છે કે આપણે પહેલા કરતાં ટેક્નોલૉજીની રીતે ઘણા વધુ સક્ષમ છીએ. પહેલા કોઈ પણ પેઢી પાસે આટલી ક્ષમતાઓ ન હતી, જે આજે આપણી પાસે છે અને એવું થયું છે ફક્ત ટેક્નોલૉજીની તાકતને કારણે. વાત ફક્ત એ છે કે તમે આ રીતનું જીવન જીવવા પોતાને માટે તૈયાર નથી કર્યા. કહેવાનો અર્થ એ છે કે તમે અત્યારે ટેક્નોલૉજીની ફરિયાદ કરો છો, જેને તમારા જીવનને સહેલું અને આરામદાયક બનાવી દીધું છે. હું ઈચ્છું છું કે તમે કલ્પના કરીને જુઓ કે તમે જો હજારો વર્ષો પહેલા તમે અહીં રહેતા હોત; તો સવારે ઊઠ્યા પછી પાણીની જરૂર પડતા જ તમારે નદી સુધી ચાલીને જવું પડત અને બે ડોલ પાણી ભરીને લાવવું પડત. આજના મોટા ભાગના યુવકો એક મિલ સુધી બે ડોલ પાણી ઊંચકીને લાવવા જેટલા તંદુરસ્ત નથી. તેઓ શારીરિક રૂપે આ કરવા માટે સક્ષમ નથી. જો તમે પોતાના આંતરિક વિકાસ પર પૂરતો સમય લગાવો છો, તો તમે વર્તમાન સ્થિતિઓને આરામથી સંભાળી શકશો અને સૌથી મહત્વપૂર્ણ, આ પેઢીમાં તમને જે સૌથી અદ્ભુત ભેટો મળી છે, તમે એની ફરિયાદ ન કરો. તો જો તમે હજાર વર્ષ પહેલા ટેક્નોલૉજી વગર અહીં હોત, તો શું તમે ફરિયાદ કર્યા વગર પાણીની ડોલ ભરીને લાવી શક્યા હોત? ના, તમે ફરિયાદ કરતે, કારણ કે તમે શારીરિક રીતે સક્ષમ નથી. આવી જ રીતે જો તમે આજની તમામ વાસ્તવિકતાઓને સંભાળવા માટે પોતાના મગજને સક્ષમ ન બનાવ્યું, તો તમે ફરિયાદ કરશો. તો યુવાઓને આ સમજવાની જરૂર છે કે એમના શરૂઆતના જીવનમાં, એમની મહત્વકાંક્ષાઓ, એમની ઈચ્છાઓની પૂર્તિ થવી અથવા એમની પસંદગીની જીવનશૈલી મળવી, એ બધું મહત્વનું નથી. તમારે ફક્ત એક વસ્તુની કાળજી રાખવી જોઈએ કે આ જીવનને સંભાવનાના ઉચ્ચ સ્તર સુધી કેવી રીતે લઈ જઈ શકાય.

ચાર વેદ સાથે જ જેનો જન્મ થાય છે, એવી માતા ગાયત્રી એ હિન્દુ સંસ્કૃતિની જનની પણ કહેવાય છે

આદિદેવ જગતગુરુ શંકરાચાર્યનાં મતે વૈદિક રીતે વ્યક્તિગત ઉત્થાન માટે કરાતી પ્રાર્થના

સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

સતયુગમાં માનવી ધર્મ અને સંસ્કૃતિની માવજત કરતો, અને એના કહ્યાં પ્રમાણે જીવન જીવતો! આપણે ત્યાં અત્યારે એક બહુ જ પ્રચલિત શબ્દ છે, “મોરલ ઓફ સ્ટોરી”, એમ ચારેય વેદનો જે સાર છે તે ગાયત્રી મંત્ર છે, વેદોની ઉત્પત્તિ પછી જ યુગની શરૂઆત સ્વીકારીએ, તો ચક્રાકારે ગતિ કરતાં આ સમયને ત્યારે સતયુગ કહેવાતો.

જેઠ સુદ અગિયારસને ભીમ અગિયારસ ઉપરાંત ગાયત્રી જયંતી તરીકે પણ ઉજવવામાં આવે છે. જોકે એમાં મતમતાંતર છે, પણ હિન્દુ પંચાંગ મુજબ જેઠ સુદ એકાદશી એ જ ગાયત્રી જયંતિ ઉજવાય છે. માતા ગાયત્રીને આપણે ત્યાં વેદ માતા પણ કહેવામાં આવે છે. ચાર વેદ સાથે જ જેનો જન્મ છે, એવી માતા ગાયત્રી એ હિન્દુ સંસ્કૃતિની જનની પણ કહેવાય છે. આપણે ત્યાં અત્યારે એક બહુ જ પ્રચલિત શબ્દ છે, “મોરલ ઓફ સ્ટોરી”, એમ ચારેય વેદનો જે સાર છે તે ગાયત્રી મંત્ર છે. વેદોની ઉત્પત્તિ પછી જ યુગની શરૂઆત સ્વીકારીએ, તો ચક્રાકારે ગતિ કરતાં આ સમયને ત્યારે સતયુગ કહેવાતો. ઘણીવાર વિચાર આવે કે સતયુગમાં અને કળિયુગમાં એટલો શું ફેર છે? સતયુગમાં માનવી ધર્મ અને સંસ્કૃતિની માવજત કરતો, અને એના કહ્યાં પ્રમાણે જીવન જીવતો!: જ્યારે આજે માનવીનું જીવન ચરિત્ર બનાવનારા આ બંને ઘટકોનો ઉપયોગ માનવી પોતાના સ્વાર્થ માટે કરતો થઈ ગયો છે, પોતાની ઈમ્પ્રેશન બનાવવા માટે કરતો થઈ ગયો છે, પ્રભાવ પાડવા માટે કરતો થઈ ગયો છે, બસ આટલો જ તફાવત છે! જો આપણે સૌ પણ એ સમયમાં પાછા ફરવા માંગતા હોઈએ, અથવા તો કળિયુગને જ સતયુગ જેવો બનાવવા માંગતા હોઈએ, તો સંસ્કૃતિની વિમુખ થતા જતાં જીવન ને યોગ્ય ટ્રેક પર લાવવું પડશે, મૂળમા આપણે સંસ્કૃત એટલે એવાં દિવ્ય સંસ્કારોના વાહક બનવું પડશે, બસ એટલો જ બદલાવ કરવાનો છે. જેમ એક કુંડામાં કોઈપણ એક છોડ વાવીએ તો એના ઉછેર માટે એને રોજ પાણી સીંચવું પડે, સમયે ખાતર નાખવું પડે, અને જરૂરી સૂર્યપ્રકાશ મળે છે કે નહીં એ જોવું પડે. બસ એ જ રીતે આપણે પણ આપણા ધર્મ મુજબ વેદનાં આ મૂળ મંત્રનો પાઠ કરવો પડે, અને સંસ્કૃતિ મુજબ અમુક સમયે સત્કર્મ કરવુ પડે, અને દૈનિક તપ કરવું પડે, અને એનાથી આપણે જીવંત તેમજ હર્યાભર્યા રહી શકીએ છીએ! નહીં કે વિષય ભોગમાં તલ્લીન રહીને એ અનુભવે સિદ્ધ કરવુ પડે. કેટલું સરળ છે, કોઈ આકરા આકરા વ્રત કે તપ નહીં, માત્રને માત્ર ૨૪ અક્ષરનો આ ગાયત્રી મંત્ર આપણું જીવન ઉજ્જ્વળ બનાવી શકે છે! અને આપણને એ વાતની ખબર નથી એવું પણ નથી, છતાં થતું નથી એ પણ એટલું જ સત્ય છે. એટલે કે નિયમ મુજબ કદાચ કોઈ એક બે માળા કરતું હોય, પણ એનાં અર્થ અને એના વિસ્તૃત આયામ વિશેનું જ્ઞાન તો મંત્રના શુદ્ધ સાત્વિક સંકલ્પથી જ પ્રાપ્ત થાય, અને ધીરેધીરે વિષયી મન ધર્મ અને સંસ્કૃતિની પરિભાષા સમજીને એનો જાપ કરે. આજે ગુરૂવાર એટલે



પ્રાર્થના,અને ગાયત્રી મંત્ર એ જગતગુરુ શંકરાચાર્યનાં મતે વૈદિક રીતે વ્યક્તિગત ઉત્થાન માટે કરાતી પ્રાર્થના છે. તેમણે તેમના પુસ્તકમાં ગાયત્રીને ૪૦ શક્તિઓની સિદ્ધિ દાયિની ગણી છે. તેનું ધ્યાન ધરવાથી બુદ્ધિની મલીનતા ધોવાઇ જાય છે, તથા ધર્મના આચરણમાં શ્રદ્ધા અને યોગ્યતા ઉત્પન્ન થાય છે. તે ઈશ્વરરૂપ બ્રહ્મની પ્રાર્થનાનો એક વૈદિક મંત્ર પણ છે. જે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ ચારેય વેદોમાં છે. આ મંત્ર સિવાય બીજો કોઇ એકેય મંત્ર નથી જે ચારેય વેદોમાં આવતો હોય, એવું એમનું ગાયત્રી મંત્ર માટે એક બહુ સ્પષ્ટ નિવેદન પણ રહ્યું છે. દરેક ધર્મમાં એક મુખ્યમંત્ર હોય છે. એમ ‘ગાયત્રી’ હિન્દુઓનો સર્વોપરી મંત્ર છે. માતા ગાયત્રીને આપણે ત્યાં સૌમ્ય અને શાંત દેવી તરીકે પણ સ્વીકારવામાં આવી છે, અને તેનો આ મંત્ર પણ ધાર્મિક કરતાં આધ્યાત્મિક જ્ઞાન, અને તેની વૃદ્ધિ કરે છે. એનો જવાબ કરનાર માનવી ધીરે ધીરે જ્ઞાન સ્વરૂપ બને છે, અને તેનાં વિવેક અને વિનમ્રતાની છબીથી સમાજમાં એક અનોખું સ્થાન પ્રાપ્ત કરે છે. આ જ કારણથી કોઈપણ સાધનાની શરૂઆતમાં માનવી પોતાના ચંચળ મનને શાંત કરવા માટે ગાયત્રી મંત્રનો સહારો લે છે, અને એનાથી એ અધ્યાત્મ માર્ગમાં પ્રવેશ પ્રાપ્ત કરે છે. ગાયત્રી મંત્ર એ એવો મંત્ર છે, કે જેને તે જપે છે, તેનું તે કલ્યાણ અને રક્ષણ કરે છે. ગાયત્રી મંત્રના દરેક શબ્દમાંથી એક જ્યોતિ નીકળે છે. તેના ૨૪ અક્ષરોમાં ૨૪ શક્તિઓ રહેલી છે. તેના ૨૪ અક્ષરો અને તેનું ઉચ્ચારણ શરીર સ્પંદનોનાં ૨૪ સ્થળો પર પ્રભાવ પાડે છે, જેનાથી માનવીને દિવ્ય અનુભૂતિનાં દર્શન થાય છે. વેદોના હજારો મંત્રોમાં સૌથી પ્રસિદ્ધ ગાયત્રી મંત્ર છે, એટલે તેને ગુરુમંત્ર, સાવિત્રી મંત્ર, મહાનતમ જપ, તપ, સાધના અને મનોકામના પૂર્ણ કરનારો પૂરક મંત્ર પણ કહેવાયો છે. ગુગલ મુજબ થોડી શાસ્ત્રિય વાત કરીએ તો મૂળ આ મંત્ર ઋગ્વેદના ત્રીજા મંડળના ૧૨મા સુકતનો ૧૦મો મંત્ર છે. સામવેદમાં ૧૪૬૨ મો મંત્ર છે. યજુર્વેદમાં તો આ મંત્ર ચાર વાર આવે છે, અને અથર્વવેદમાં ગાયત્રીનો મહાન મહિમા ૧૬ મા સુકતમાં ૭૧માં મંત્રમાં ગવાયો છે. આ ઉપરાંત અનેક ધર્મગ્રંથો તથા ઉપનિષદોમાં આ મંત્રનો ઉલ્લેખ ઘણીવાર આવે છે. વિશ્વમિત્ર ઋષિ ગાયત્રી મંત્રનાં દ્રષ્ટા છે. અગ્નિ આચાર્ય છે, બ્રહ્મ મસ્તક છે, વિષ્ણુ હૃદય છે. રુદ્ર શિખા છે, પૃથ્વી યોનિ છે. હરિ ગાયત્રીના પ્રાણ છે, શ્વેત વર્ણ છે, અને સાંખ્યાયન ગક્ષેત્ર છે. પ્રકૃતિનાં ચોવીસ તત્વોના બંધનમાંથી મુક્ત કરવાની ગાયત્રીમાં શક્તિ છે. આપણે સૌ જાણીએ છીએ કે ગાયત્રી મંત્ર ના મુખ્ય ત્રણ ચરણ છે, એટલે ૐ ભૂર્ભુવઃ સ્વઃ, તત્ સવિતુવરેણ્યં ભર્ગો દેવસ્ય, ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત આમ ગાયત્રીમાં ત્રણ પદો છે. જે કર્મ, જ્ઞાન, ભક્તિના તે પ્રતિપાદક છે. પ્રાચીન ગ્રંથોમાં ગાયત્રી મંત્રથી જે શક્તિઓ પ્રાપ્ત થાય છે તેનું વિવરણ નીચે પ્રમાણે કર્યું છે. આ મંત્રના ૨૪ અક્ષરોના અર્થ વર્ણવ્યા છે જે : પહેલા અક્ષરમાં ‘સફળતા’, બીજામાં ‘પુરુષાર્થ’, ત્રીજામાં ‘પાલન’, ચોથામાં ‘કલ્યાણ’, પાંચમામાં ‘યોગ’, છઠ્ઠામાં ‘પ્રેમ’, સાતમામાં ‘લક્ષ્મી’, આઠમામાં ‘તેજિસ્વતા’, નવમામાં ‘સુરક્ષા’, દશમામાં ‘બુદ્ધિ’, અગિયારમાં ‘દમન’ બારમામાં ‘નિષ્ઠા’, તેરમામાં ‘ધારણા’, ચૌદમમાં ‘પ્રાણ’, પંદરમામાં ‘સંયમ’, સોળમામાં ‘તપ’, સત્તરમામાં ‘દૂરદિર્શતા’, અઢારમામાં ‘જાગરણ’, ઓગણીસમાં ‘સૃષ્ટિજ્ઞાન’, વીસમામાં ‘સરળતા’, એકવીસમાં ‘સાહસ’, બાવીસમાં ‘દમન’, ત્રેવીસમાં ‘વિવેક’ અને ચોવીસમાં ‘સેવાભાવ’ નામની શક્તિઓનો ઉદ્ભવ થયેલો છે. પણ આપણે આ બધામાં ન જઈએ અને ફક્ત એનો સીધો સાદો અર્થ સ્વીકારી એનો જાપ કરીએ તો પણ એ આપણાં જીવનની દિશા બદલી શકે છે. ગાયત્રી મંત્રનો અર્થ, પદાર્થ, ઊર્જા, અન્તરિક્ષ અને આત્મામાં વિચરણ કરવા વાળા તે પ્રેરક, પૂજ્ય, શુદ્ધ સ્વરૂપ દેવતાનું અમે ધ્યાન કરીએ અને તે અમારી બુદ્ધિને સારાં કામોમાં પ્રવૃત કરે. ૐ ને આપણે ત્યાં એકાક્ષરી મંત્ર તરીકે સ્વીકારાયો છે, અને જેને બ્રહ્માંડ ના બીજ મંત્ર પણ કહેવામાં આવે છે, અને એટલે જ લગભગ ઘણા મંત્રમાં આગળ ૐ ને જોડવામાં આવે છે. એટલે ૐ સાથે ગાયત્રી મંત્રની શક્તિ તો ડબ્બલ થઈ એમ કહી શકાય! આવાં સુંદર સંદર્ભ સાથે જેને વેદ સ્થાન મળ્યું છે, એ ગાયત્રી અને ગાયત્રી મંત્ર એનો જાપ કરી આપણે પણ સતયુગમાં એટલે કે જ્યાં વેદ ગાન અને વેદ જ્ઞાન સહજ હતું, એ સમયમાં પહોંચી શકીએ એવી એક અનન્ય પ્રાર્થનાં ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું, ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

વંદન અને પૂજા સર્વની કરવી પણ ધ્યાન તો એક જ દેવનું કરવું, જે સ્વરૂપની રુચિ હોય તેનું જ ધ્યાન કરવું

જીવ જે ક્રિયા કરે એ બંધનરૂપ છે, કારણ તેની પાછળ કર્તાનો આસક્તિ, સ્વાર્થ તથા અહંકાર છે

વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ધ્યાનમાં સંસારના કોઈ પદાર્થનું ચિંતન ન કરો, કોઈ જીવનું ધ્યાન ન કરો, કોઈ જડ વસ્તુનું ધ્યાન ન કરો, ધ્યાન કરવું હોય તો શ્રીકૃષ્ણનું ધ્યાન કરો. અનેક જન્મથી આ મન ને રખડવાની ટેવ પડી છે, ધ્યાન કરતાં મન ચંચળ બને અને સંસાર ના વિષયો દેખાય ત્યારે પરમાત્માના નામનું વારંવાર કીર્તન કરો, ઉચ્ચ સ્વરથી કીર્તન કરો.

ઈશ્વરનાં સ્વરૂપો અનેક છે. પણ તત્ત્વ એક છે. દીવાની પાસે જે રંગનો કાચ મૂકો તેવો પ્રકાશ દેખાશે સર્વ દેવોનું પૂજન કરો પણ ધ્યાન એક ઈષ્ટદેવનું જ કરો. વંદન દરેક દેવને કરો પણ ધ્યાન એક ઈષ્ટદેવ નું જ કરો. વંદન અને પૂજા સર્વની કરવી પણ ધ્યાન તો એક જ દેવનું કરવું. જે સ્વરૂપની રુચિ હોય તેનું જ ધ્યાન કરવું. ધ્યાન, ધ્યાતા અને ધ્યેયએ ત્રણેની એકતા થવી જોઈએ અને આ પ્રમાણેની એકતા થાય ત્યારે પરમાનંદની પ્રાપ્તિ થાય છે. ધ્યાનમાં સંસારના કોઈ પદાર્થનું ચિંતન ન કરો, કોઈ જીવનું ધ્યાન ન કરો, કોઈ જડ વસ્તુનું ધ્યાન ન કરો, ધ્યાન કરવું હોય તો શ્રીકૃષ્ણનું ધ્યાન કરો.અનેક જન્મથી આ મન ને રખડવાની ટેવ પડી છે. ધ્યાન કરતાં મન ચંચળ બને અને સંસાર ના વિષયો દેખાય ત્યારે પરમાત્મા ના નામનું વારંવાર કીર્તન કરો. ઉચ્ચ સ્વરથી કીર્તન કરો. શ્રીકૃષ્ણ કીર્તનથી જગતનું વિસ્મરણ થાય છે. પરમાત્માના મંગલમય સ્વરૂપને નિહાળતાં નિહાળતાં તેના નામનું કીર્તન કરો. વાણી કીર્તન કરે અને આંખ દર્શન કરે તો મન શુદ્ધ થાય છે. મન શુદ્ધ થતાં પરમાત્માની શક્તિ તમારામાં આવશે. મનની શુદ્ધિ દાનથી કે સ્નાનથી થતી નથી. તીર્થસ્નાનથી શરીર શુદ્ધ થાય છે, મન શુદ્ધ થતું નથી. સંસારનું ચિંતન કરવાથી બગડેલું મન જ્યાં સુધી ઈશ્વરનું સતત ચિંતન કરે ત્યાં સુધી સુધરશે નહીં. આ શરીર ગંદુ છે. આ શરીરથી ઈશ્વરને મળી શકાતું નથી. શરીરનું બીજ અપવિત્ર છે. ઠાકોરજીને તનથી મળવાનું છે. ધ્યાન વગર મનોમિલન થતું નથી. ધ્યાન કરવાથી જીવ ઈશ્વરનું મિલન થાય છે. ધ્યાન વિના બ્રહ્મ સંબંધ થતો નથી.ધ્યાનની પરિપક્વ દશા એજ સમાધિ છે. તે જ જીવન મુક્તિ. સમાધિ અધિક વખત ટકે એટલે જ્ઞાનીઓને જીવતાં જ મુક્તિનો આનંદ મળે છે. ભાગવત ફરી ફરી કહે છે: ધ્યાન કરો, જપ કરો. એકએક ચરિત્રમાં આ સિદ્ધાંત વર્ણવ્યો છે. પુનરુક્તિએ દોષ નથી.એક સિદ્ધાંતને બરાબર બુદ્ધિમાં ઠસાવવો હોય તો તેને વારંવાર કહેવો પડે છે. ભાગવતના પ્રત્યેક સ્કંધમાં આ જપ-ધ્યાનની કથા આવશે. જ્ઞાનીઓ સાધનમાર્ગનો આશ્રય લઈ મુક્ત બને છે. જ્ઞાનથી ભેદને દૂર કરવો એ જ્ઞાનમાર્ગનું લક્ષ્ય છે. ભક્તિથી ભેદને દૂર કરવો એ ભક્તિનું લક્ષ્ય છે. બંનેનું લક્ષ્ય એક જ છે. માર્ગ જુદા જુદા છે. સાધનામાં ભેદ છે. ધ્યાન એક જ છે.તેથી સગુણ-નિર્ગુણ બંનેની જરૂર છે. ઈશ્વર અરૂપ છે પણ વૈષ્ણવો જે રૂપની ભાવનાથી તન્મય બને છે તેવું સ્વરૂપ પ્રભુ ધારણ કરે છે. સગુણ-નિર્ગુણ બંને સ્વરૂપોનું ભાગવતમાં વર્ણન કર્યું છે. નિર્ગુણ રૂપે પ્રભુ સર્વત્ર છે અને સગુણરૂપે મારા શ્રીકૃષ્ણ ગોલોકમાં બિરાજેલા છે. ઈષ્ટદેવમાં પૂર્ણ વિશ્વાસ રાખી જગતના

જડચેતન પદાર્થોમાં પ્રભુ રહેલા છે તેવો દૃઢ વિશ્વાસ રાખો. ક્રિયા અને લીલામાં તફાવત છે. પરમાત્મા જે કરે તેનું નામ લીલા અને જીવ જે કરે તેનું નામ ક્રિયા. ક્રિયા બંધનરૂપ છે, કારણ તેની પાછળ કર્તાનો આસક્તિ,સ્વાર્થ તથા અહંકાર હોય છે. ઈશ્વરની લીલા બંધનમાંથી છોડાવે છે, કારણ ઈશ્વરને સ્વાર્થ તથા અભિમાનનો સ્પર્શ થતો નથી. જે કાર્યમાં કર્તૃત્વનું અભિમાન નથી તે લીલા કેવળ જીવોને પરમાનંદનું દાન કરવા માટે પ્રભુ લીલા કરે છે, તેથી વ્યાસજી માખણચોરી, રસ સર્વને લીલા નામથી સંબોધે છે. શ્રીકૃષ્ણ માખણની ચોરી કરે તે મિત્રો માટે, પોતા માટે નહીં. દૈવીજીનું કલ્યાણ કરવા માટે જ ભગવાન લૌકિક જીવોની જેમ લીલા કરે છે. જગતની ઉત્પત્તિ એ લીલા છે, સ્થિતિ એ પણ લીલા છે, અને વિનાશ એ પણ લીલા છે. વિનાશ માં પણ આનંદ છે. સર્વનો દૃષ્ટા હું છું. આ ‘હું’નો નાશ થતો નથી. જ્ઞાની પુરુષ તેને લીલા કહે છે. ‘હું’ ઈશ્વરનો અંશ છું,પણ આ ‘હું’ અહંકારમાં પરિણમવું ન જોઈએ ગાંધારીને શ્રીકૃષ્ણ મળવા આવે છે ત્યારે ગાંધારી શ્રાપ આપે છે કે, મારા વંશમાં તેં કોઈને રહેવા દીધો નહીં, તો જા, તારા વંશમાં પણ કોઈ રહેશે નહીં. શ્રીકૃષ્ણ તો શ્રાપ સાંભળી ખુશ થાય છે, ને કહે કે, મા, હું વિચાર કરતો હતો કે આ બધાનો વિનાશ કેવી રીતે કરવો. સારું થયું કે તમે શ્રાપ આપ્યો! પરમાત્મા તો શાંતાકાર છે અને ભુજંગ ઉપર શયન કરવાવાળા છે. લોકોને પલંગ-શયન કરવા મળે તો પણ શાંતિ નથી. એટલે લય એ પણ ભગવાનની લીલા છે. જીવને ઉત્પત્તિ અને સ્થિતિ ગમેછે પરંતુ લય ગમતો નથી. ગાંધારી સમજી ગઈકે લોકો આને ભગવાન કહે છે તે સાચું છે. જે પ્રભુએ બ્રહ્માજીને વેદતત્ત્વનું જ્ઞાન આપ્યું તે જગતની ઉત્પત્તિ, સ્થિતિ, સંહાર કરનાર પરમાત્માનું અમે ધ્યાન કરીએ છીએ. આદિકવયે બ્રહ્માને જે દિવ્યજ્ઞાન નારાયણે આપ્યું છે તેનું વર્ણન કરીએ છીએ. ભગવાનના ધ્યાનમાં તન્મયતા નહીં થાય, તો સંસારનું ધ્યાન થશે. તે છોડવાનો પ્રયત્ન કરો. ધ્યાનથી શરૂઆતમાં સંસાર દેખાય છે. પ્રત્યેક સાધકને એવો અનુભવ થાય છે. ઈશ્વરનું ધ્યાન ન થાય તો હરકત નથી પણ સંસારને તો ધ્યાનમાં લાવશો નહીં. ઠાકોરજીના દર્શન કર્યા પછી પણ ધ્યાનની જરૂર છે. મંદિરના ઓટલા પર બેસવાનો રિવાજ જગતની વાતો કરવા માટે નહીં, પણ ધ્યાન કરવા માટે છે. મંદિરમાં જે સ્વરૂપ નાં દર્શન કર્યાં હોય તે સ્વરૂપનું ઓટલા ઉપર બેસી ધ્યાન ચિંતન કરવાનું છે.પરમાત્માનું ધ્યાન કરવાથી વિઘ્નનો નાશ થાય છે. વ્યાસજીએ મંગલાચરણમાં લખ્યું છે કે, સત્યં પરમ ધીમહિ. સત્ય સ્વરૂપ પરમાત્માનું અમે ધ્યાન કરીએ છીએ.વ્યાસજીએ શ્રીકૃષ્ણ નું ધ્યાન કરું છું એમ કેમ ન લખ્યું? અને સત્ય સ્વરૂપપરમાત્માનું ધ્યાન કરું છું એમ કેમ લખ્યું? શ્રીકૃષ્ણનું ધ્યાન કરું છું એમ લખ્યું હોય તો શિવભક્તો, દત્તાત્રેય ભક્તો, દેવીના ભક્તો વગેરેને થાય કે ભાગવત તો શ્રી કૃષ્ણ ભક્તો માટેનો જ ગ્રંથ છે. એટલે વ્યાસજીએ કોઇનું વિશિષ્ટ રીતે નામ ન આપી ધ્યાન કરવાનું કહ્યું નથી,પણ સત્ય સ્વરૂપ પરમાત્માનું ધ્યાન કરવાનું કહ્યું છે. જેને જે સ્વરૂપ ગમે તેનું તેણે ધ્યાન કરવું. લોકોની રુચિ જુદી જુદી હોય છે. કોઈ એક શાસ્ત્રને માને,કોઈબીજા શાસ્ત્રને માને. બધા કહે છેકે, અમારું શાસ્ત્ર શ્રેષ્ઠ છે,પરંતુ બધા શાસ્ત્રોનું લક્ષ્ય એક જ છે. જેમ બધી નદીઓનું લક્ષ્ય સમુદ્ર છે તેમ તેથી પરમાત્મા શિવ,ગણેશ રામ, દત્તાત્રેય વગેરેનાં સ્વરૂપો ધરે છે. સત્ય અખંડ છે, અવિનાશી છે, અબાધિત છે. સત્યનો કદી વિનાશ થતો નથી. સત્યના સ્વરૂપમાં કાંઈ પરિવર્તન થતું નથી. સુખ, દુઃખ, લાભ હાનિમાં પરમેશ્વરનું સ્વરૂપ બદલાતું નથી. ગીતાજીમાં ભગવાન કહે છે કે, દુઃખ માં જેને ઉદ્વેગ નથી અને સુખમાં જેને સ્પૃહા નથી એ સ્થિતપ્રજ્ઞ, શ્રીકૃષ્ણ જેવું બોલે છે તેવું જીવનમાં આચરી પણ બતાવે છે. રામચંદ્રજીને રાજ્યાભિષેક વખતે અને વનવાસ વખતે એક સરખો જ આનંદ છે. શ્રીકૃષ્ણને સોળ હજાર રાણીઓ અને સોના ની દ્વારિકા, ત્યારે પણ આનંદ અને એ સર્વનો વિનાશ ત્યારે પણ આનંદ. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત જીવન અલ્પકાલીન છે, એ મંજૂર પણ એની આનંદદાયક ક્ષણોને અલ્પજીવી બનાવી જીવનનું સૌંદર્ય ઝૂંટવી લેવું એવું કોણે કહ્યું? શુધ્ધ અંતઃકરણને તમારા જીવનનો રખેવાળ બનાવો. એની ઘંટડીનો રણકાર સતત સાંભળવા માંડો. ઋષિઓ શ્રદ્ધાવાન હતા. જ્ઞાન પ્રાપ્તિ માટે પણ એમણે શ્રદ્ધાભર્યા મનથી હૃદયથી વાત કરી હતી એટલે તેઓ પોતાના અંતઃકરણની હતા. જિજ્ઞાસાની ક્ષણે તેઓ બાળક બની જતા અને ઉત્તર શોધતી વખતે પ્રૌઢ ઋષિઓ કશી ત્રિશંકાની દશામાં રહ્યા નથી. સ્થિર થવા માટે પલાંઠી વાળીને આસન જમાવવું પડે. અંદરની ઘંટડીનો તત્પરતાપૂર્વક અવાજ સાંભળવો પડે, તદનુસાર ચેતવું પડે. માણસના કાન નહીં હૃદય પણ બહેરુ બની જતું હોય છે. દુનિયાની બધી જ સમસ્યા ઓનું આમાં મૂળ છે.બસ આજે અહીં જ અટકીએ અસ્તુ.



સારા અલી ખાને દાદી શર્મિલાને ગણાવ્યાં આધુનિકતાનો અવાજ

સારાએ ઘણા ઇન્ટરવ્યૂમાં પહેલાં પણ કહ્યું છે કે તેના માટે શર્મિલા પ્રેરણા-માર્ગદર્શનનો સ્રોત છે

સારા અલી ખાન પોતાના દાદી શર્મિલા ટાગોર માટેનો લગાવ અને લાગણીઓ ઘણી વખત રજૂ કરી ચૂકી છે. તેમની બંનેની વચ્ચેના મજબૂત સંબંધની તે ઉત્સાહપૂર્વક વાતો કરે છે. સારાએ ઘણા ઈન્ટરવ્યૂમાં પહેલાં પણ કહ્યું છે કે તેના માટે શર્મિલા ટાગોર પ્રેરણા અને માર્ગદર્શનનો સ્રોત રહ્યાં છે. તેમની વચ્ચેનો સંબંધ પરિવારના નાતાથી પણ પર છે. સારાએ શર્મિલાના ઓનસ્ક્રીન અને ઓફ સ્ક્રીન વર્ક એથિક્સ અને ગ્રેસના પણ ઘણી વખત વખાણ કર્યાં છે. સારા પોતાની બડી અમ્માને માત્ર એક પીઢ કલાકાર તરીકે નહીં પણ જેણે તેને જીવનના અમૂલ્ય પાઠ શીખવ્યા છે એવી પોતાની પ્રેમાળ દાદી તરીકે પણ હંમેશા માન આપતી રહી છે. તો સ્વાભાવિક છે કે જ્યારે દિલની વાત આવે તો સારા બીજા કોઈ પાસે જવાને બદલે પોતાના વિશ્વાસુ અને દાદી, જેને તે આધુનિકતાનો અવાજ ગણાવે છે, જે તેને પોતાના પરંપારગત મૂળ સાથએ જોડાવામાં મદદ કરે છે તેની પાસે દોડી જાય છે. સારાએ તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું,"મારા દાદી હવે મારા એક માત્ર ગ્રાન્ડ પૅરેન્ટ રહ્યાં છે. તેઓ અમરા બધાનાં હોવાનાં કારણનો અવાજ છે. મને લાગે છે કે, જ્યારે મુશ્કેલ સમય આવે છે, જેવો ૨૦૨૦માં મારા જીવનમાં આવ્યો હતો, મારા જીવનનો એવો તબક્કો જે મારા માટે બહુ સારો નહોતો, મારા ડેડી સતત મારી સાથે હતા, જ્યારે બડી અમ્મા મારી મા અને ભાઈ સાથે હતા. તે બિલકુલ મારા પપ્પા માટે પણ હંમેશા હાજર હોય છે. તે મને મારા પરંપરાગત મૂળ સાથે જોડે છે. તેઓ આધુનિકતાનો અવાજ પણ છે. જ્યારે બોય્ઝ, ફિલ્મો કે સોશિયલ લાઈફનો પ્રશ્ન હોય ત્યારે પણ એ મને સલાહ આપે છે. એ ચેમ્પિઅન છે." સોશિયલ મીડિયા અને નકારાત્મકતાનો સામનો કરવા બાબતે સારાએ જણાવ્યું, "મને લાગે છે કે તમે અંદરથી મજબૂત હોવા જોઈએ, કારણ કે બધાં જ તમને નીચે ખેંચવા તૈયાર હોય છે, ખાસ કરીને જો તમે તમેને તક આપશો તો. પહેલું તો ગ્રેટફૂલ રહો. ગ્રેટીટ્યુડથી બહુ મદદ મળે છે કારણ કે સ્થિતિ હંમેશા જે છે તેનાથી ખરાબ જ થવાની છે... તેનો આધાર હંમેશા તમે કોઈ બાબતને કયા દૃષ્ટિકોણથી જુઓ છો એના પર જ છે. જેમકે, કદાચ મને કોઈ ટ્રોલ કરતું હોય તો પણ હું કહીશ કે ચલો કમસેકમ તે લોકો મારા વિશે વાત તો કરે છે. વિચારો તમને કોઈ યાદ જ ન કરે તો. એક કલાકાર તરીકે એ જ મૃત્યુ છે.

ડિરેક્ટર્સ અને પ્રોડ્યુસર્સ મારા વિશે જેમ તેમ બોલતા

વિવાદાસ્પદ નિવેદનોને કારણે સ્વરા ભાસ્કરે કામ ગુમાવ્યું

સ્વરા ભાસ્કરનો અભિનય 'તન્નુ વેડ્ઝ મન્નુ', 'રાંઝણા', 'અનારકલી ઓફ આરા' જેવી ફિલ્મોમાં ખૂબ વખણાયો હતો

સ્વરા ભાસ્કરનો અભિનય 'તન્નુ વેડ્ઝ મન્નુ', 'રાંઝણા', 'અનારકલી ઓફ આરા' જેવી ફિલ્મોમાં સ્વરા ભાસ્કરનો અભિનય વખણાયો હતો. દર્શકો અને વિવેચકો બધાં દ્વારા વખાણ થયા હોવા છતાં સ્વરા વધારે ફિલ્મોમાં જોવા મળી નથી. પોતાના શબ્દો પર અડગ રહેવા માટે જાણીતી સ્વરા કામ ન મળવાનો શ્રેય તેના નિખાલસ અને રાજકીય નિવેદનોને આપે છે. સ્વરાએ તાજેતરમાં જ એક ઈન્ટરવ્યૂ આપ્યો હતો, તેમાં તેણે આ અંગે કેટલીક નિખાલસ કબૂલાતો કરી હતી. સ્વરાએ કહ્યું, "મને લોકો એક વિવાદીત કલાકાર તરીકે ઓળખવા લાગ્યા છે. ડિરેક્ટર્સ, પ્રોડયુસર્સ અને ડિસ્ટ્રીબ્યુટર્સ તમારા વિશે ખરાબ બોલવાનું શરૂ કરી દે છે. તમારી એક છાપ પડી જાય છે. એવું નથી કે મને તેની ચિંતા નથી, હું મારી જાતને તેનાથી પર રાખી શકું છું, પણ મને દુઃખ એ વાતનું છે કે મને જે સૌથી વધુ કરવું ગમે છે તે પણ મને નથી મળતું- એક્ટિંગ." સ્વરાએ આગળ કહ્યું, "તમે કહી શકો, 'હું યુદ્ધમાં ગોળી ખાઈ શકું છું', તમને જયારે ગોળી વાગે ત્યારે પીડા તો થાય જ છે. આમ મારા મત અને વિચારોના પણ પરિણામો છે. મારી દિકરી રાબિયાનો જન્મ થય એ પહેલાં એક્ટિંગ એ મારો સૌથી મોટો અને પ્રેમ અને પેશન હતું. મને સતત અભિનય કરતાં રહેવામાં આનંદ આવતો હતો. મારે ઘણા બધા રોલ અને ફિલ્મો કરવા હતા. મને હું ઈચ્છતી હતી એટલી તકો મળી નહીં. તમને બહુ કામ ન મળે તેનું આર્થિક અને ભાવનાત્મક બંને મૂલ્ય તમારે ચૂકવવું પડે છે. તેથી વારંવાર તમને બેચેની થઈ જાય છે." સ્વરાએ કહ્યું કે તેના નિવેદનો અને વિચારો લોકો સાંભળે એ તેણે સભાનપણે લીધેલો નિર્ણય હતો. સ્વરા કહે છે, "હું પીડીત હોવાનો ડોળ કરવા માગતી નથી. મેં આ રસ્તો જાતે પસંદ કર્યો છે. મેં નક્કી કરેલું કે હું બોલીશ અને વિવિધ મુદ્દાઓ પર મારા વિચારો ખુલીને રજૂ કરતી રહીશ. હું ચૂપ રહી શકી હોત. 'પદ્માવત'માં જોહરના દૃશ્ય સાથે અસહમતી દર્શાવીને એક ખુલ્લો પત્ર લખવાની મારે કોઈ જરૂર નહોતી." સ્વરાએ કહ્યું, "તમે મને ઘણી ફરિયાદો કરી શકો છો. તમે મને પસંદ કે નાપસંદ કરી શકો છો. પરંતુ જે લોકો મને નફરત કરે છે એ પણ એવું ન કહી શકે કે હું જૂઠી છું કે નકલી છું. તેઓ એવું ન કહી શકે કે હું જેવી નથી તે બતાવવાની કોશિશ કરું છું. મારા વિચારો લોકો સાથે વાત કરું તે મુજબ બદલતા રહેતા નથી. હું દરેક સાથે એક સરખી જ છું. જો હું આ બધું ન કહેત તો હું અંદરથી મુંઝાઈ મુંઝાઈને મરી ગઈ હોત." સ્વરાને પતિએ તેને બહુ ખુલ્લેઆમ નિવેદનો ન કરવા સલાહ આપી એ અંગે સ્વરાએ કહ્યું, "એ ફિલ્મ(જહાં ચાર યાર) બહુ ચાલી નહીં પણ મેં બહુ મહેનત કરેલી.

'હું ઘરનું ભાડું ભરવા પણ મિત્રો પાસેથી ઉધાર લઈ રહ્યો છું'

આ શહેરમાં મારી જાતને ટકાવી રાખવા માટે મારે પૈસાની જરૂર છે અને મારી પાસે આવકનો બીજો કોઈ સ્રોત નથી : સંજય

સંજય ગાંધી એવા કલાકાર છે, જેણે લભગ છેલ્લાં ત્રણ દાયકાથી ફિલ્મ અને ટિવી ઈન્ડસ્ટ્રીમાં ઘણા જાણીતા અને ઓછા જાણીતા નાના-મોટા રોલ કર્યા છે, ખાસ કરીને 'યે રિશ્તા ક્યા કહેલાતા હે' સિરીયલમાં દદાજીના પાત્રથી તેઓ ઘરઘરમાં જાણીતા થયા હતા. ત્રીસ વર્ષોની સફર પછી આજે તેઓ આર્થિક રીતે મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યા છે. તેમણે તાજેતરનાં એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું છે, "એક કલાકારનું જીવન આવું જ હોય છે. જ્યારે કામ મળે ત્યારે બધાં જ સુખ સુવિધા હોય છે, પણ જેવું કામ મળવાનું બંધ થાય છે કે ઓચિંતી જ પડતી શરૂ થઈ જાય છે. હાલ એક શોમાં કામ ચાલતું હોવા છતાં હું આવા નબળા સમયમાંથી પસાર થઈ રહ્યો છું." પોતાની આર્થિક સમસ્યાઓ વિશે વાત કરતા સંજય ગાંધીએ જણાવ્યું, 'આ શહેરમાં મારી જાતને ટકાવી રાખવા માટે મારે પૈસાની જરૂર છે અને મારી પાસે આવકનો બીજો કોઈ સ્રોત નથી. ઘણા કલાકારોને પેન્ડેમિક દરમિયાન સંઘર્ષનો સામનો કરવો પડ્યો હતો અને મારે પણ.

શ્રૃતિએ કમલ હાસનની બાયોપિક ડિરેક્ટ કરવાનો ઈનકાર કરી દીધો

શ્રૃતિ તાજેતરમાં ફાધર્સ ડે નિમિત્તે યોજાયેલાં એક કાર્યક્રમમાં હાજર રહી હતી, જેમાં તેને ઓડિયન્સ દ્વારા કેટલાંક પ્રશ્નો પૂછાવ્યા હતા

સાઉથના વિવિધ સુપરસ્ટાર્સ જેમકે, ઈલ્યારાજાના જીવન પર હાલ બાયોપિક બની રહી છે. તો બની શકે છે કે કોઈ કમલ હાસન પર પણ બાયોપિક બનાવી શકે છે, આ જ મૂદ્દે એક કાર્યક્રમ દરમિયાન કમલ હાસનની દિકરી શ્રૃતિ હાસનને આ અંગે પૂછવામાં આવ્યું હતું, જેના જવાબનાં કારણે તે ચર્ચામાં રહી હતી. શ્રૃતિ તાજેતરમાં ફાધર્સ ડે નિમિત્તે યોજાયેલાં એક કાર્યક્રમમાં હાજર રહી હતી. જેમાં તેને ઓડિયન્સ દ્વારા કેટલાંક પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. તેમાં એક પ્રશ્ન એવો હતો કે, શું તે પોતાના પિતાની બાયોપિક ડિરેક્ટ કરશે? આ પ્રશ્નના જવાબમાં શ્રૃતિએ સ્પષ્ટપણે જણાવ્યું કે,"હું મારા પિતાની બાયોપિક ડિરેક્ટ નહીં જ કરું. એવાં મારાંથી ટૅલેન્ટેડ ઘણા ડિરેક્ટર્સ છે, જેઓ તેમના જીવનને ન્યાય આપી શકે, એમને જ આ કામ કરવા દો." થોડાં વખતથી એવી પણ ધારણાઓ અને ચર્ચાઓ ચાલે છે કે શ્રૃતિ પોતાના પિતાની બાયોપિક સાથે ડિરેક્ટર બનવાનું વિચારી રહી છે. આ જવાબથી તેણે આ અટકળો પર પૂર્ણવિરામ મુકી દીધું છે. કારણ કે તે માને છે કે તેના પિતાના શાનદાર જીવનને ન્યાય આપી શકે તેવી શાનદાર ફિલ્મ બનાવી શકે તેવા ડિરેક્ટર્સ ઈન્ડસ્ટ્રીમાં છે. કારણ કે અનુભવી ડિરેક્ટર્સ કમલ હાસનના જીવનને વધુ ઊંડાણપૂર્વક અને નિપુણતાપૂર્વક બનાવી શકે છે.

મેઘનાએ અગાઉ ડાયરેક્ટર તરીકે 'તલવાર' (૨૦૧૫) બનાવી હતી

હૈદરાબાદ રેપ કેસ આધારિત ફિલ્મમાં કરીના કપૂર ખાન-આયુષ્માન ફાઈનલ



કરીના કપૂર ખાન અને આયુષ્માન ખુરાનાના લીડ રોલ સાથે મેઘના ગુલઝારે આગામી ફિલ્મનું પ્લાનિંગ કર્યું છે. 'સેમ બહાદુર'ની સફળતા બાદ મેઘનાએ હૈદરાબાદ રેપ કેસ આધારિત ફિલ્મ બનાવવા તૈયારી હાથ ધરી છે. ૨૦૧૯માં હૈદરાબાદમાં ૨૬ વર્ષીય યુવતી પર થયેલા બળાત્કારે સમગ્ર દેશમાં ચકચાર જગાવી હતી. આ ઘટનામાં પોલીસે ચાર આરોપીની ધરપકડ કરી હતી. ઘટનાના રીકન્સ્ટ્રક્શન દરમિયાન તેમનું એન્કાઉન્ટર થયું હતું. ૨૦૨૨માં સુપ્રીમ કોર્ટે એન્કાઉન્ટરને બનાવટી ઠરાવ્યું હતું. મેઘનાએ આ કેસને લગતી તમામ માહિતી ભેગી કરી લીધી છે અને સ્ક્રિનપ્લેની તૈયારી કરી રહી છે. આ કેસ સાથે સંકળાયેલી વિગતો જાણ્યા બાદ મેઘના ખૂબ વ્યથિત થઈ હતી. કરીના અને આયુષ્માન પણ આ પ્રોજેક્ટ સાંભળીને લાગણીશીલ થઈ ગયા હતા. ફિલ્મને ૨૦૨૪ના છેલ્લા મહિનામાં ફ્લોર પર લઈ જવાનું આયોજન છે. ૨૦૨૫માં તેને થીયેટરમાં રિલીઝ કરવામાં આવશે. કરીના કપૂર ખાન અને આયુષ્માન ખુરાના ફિલ્મમાં કામ કરવા તૈયાર થઈ ગયા છે, પરંતુ હજુ કોન્ટ્રાક્ટ સાઈન થયા નથી. આ ફિલ્મ સાથે આયુષ્માન અને કરીના પહેલી વાર સાથે કામ કરશે. મેઘનાએ અગાઉ ડાયરેક્ટર તરીકે 'તલવાર' (૨૦૧૫) બનાવી હતી. આરુષિ તલવર હત્યા કેસ આધારિત આ ફિલ્મમાં ઈરફાન ખાનનો લીડ રોલ હતો. ૨૦૧૭માં આલિયા ભટ્ટ સાથે હરિન્દરસિંગ સક્કાની બાયોગ્રાફી આધારે 'રાઝી' અને ત્યારબાદ એસિડ એટેકની ઘટના પર ૨૦૨૦માં 'છપાક' બનાવી હતી.

પવિત્રા ગૌડાને બીજી પત્ની કે પાર્ટનર માનવા દર્શનનો ઈનકાર

કન્નડ સ્ટાર દર્શન અને એક્ટર પવિત્રા ગૌડાના સંબંધો જગજાહેર છે. અનેક લોકો દર્શન અને પવિત્રાએ લગ્ન કર્યાં હોવાનું માને છે અને પવિત્રાને બીજી પત્ની તરીકે ઓળખાવે છે. દર્શને આ અંગે ક્યારેય વિરોધ નોંધાવ્યો નથી. જો કે પોતાના ફેનની હત્યાના કેસમાં આરોપી બન્યા બાદ દર્શનમાં ફિલ્મી ટ્વિસ્ટ આવ્યો છે. હત્યાના આરોપી દર્શનના બચાવ માટે કોર્ટમાં દલીલ દરમિયાન વકીલે પવિત્રાને દર્શનની મિત્ર માત્ર ગણાવી હતી. દર્શન અને પવિત્રાએ લગ્ન કર્યા હોવાનાં કે તેઓ પાર્ટનર હોવાના દાવાને દર્શનના વકીલે ફગાવી દીધાં હતા. દર્શનના વકીલ તરફથી જણાવાયું હતું કે, દર્શનની એક માત્ર પત્ની વિજયાલક્ષ્મી છે. દર્શન અને પવિત્રાનો સંબંધ કો-સ્ટાર તતા મિત્રનો છે. તેમણે લગ્ન કર્યા હોવાની વાત ખોટી છે. ફેન રેણુકાસ્વામીની હત્યામાં દર્શનની સંડોવણી નહીં હોવાનો દાવો પણ વકીલે કર્યો હતો. દર્શન અને વિજયાલક્ષ્મીના લગ્ન ૨૦૦૩માં થયા હતા. આ લગ્નથી તેમને એક દીકરો વિનિશ પણ છે. જાન્યુઆરી મહિનામાં પવિત્રાએ દર્શન સાથે રોમેન્ટિક ફોટોગ્રાફ શેર કર્યો હતો અને ૧૦ વર્ષથી તેઓ રિલેશનશિપમાં હોવાનું કહ્યં હતું. પવિત્રાની આ પોસ્ટ બાદ વિજયા લક્ષ્મીએ તેની સામે કાનૂની કાર્યવાહી હાથ ધરવા ચીમકી આપી હતી. બીજી બાજુ રેણુકાસ્વામી સહિત અને ફેન્સ દર્શનને પત્ની સાથે રહેવા સોશિયલ મીડિયા પર દબાણ કરતા હતા. જો કે રેણુકાસ્વામીએ દર્શનના અંગત જીવનમાં વધુ દખલ કરી હતી. રેણુકાસ્વામી પવિત્રાની દરેક પોસ્ટ પર ખરાબ કોમેન્ટ કરતો હતો.

અલ્લુને એટલી સાથેની નકારેલી ફિલ્મ સલમાને સ્વીકારી ખરી?

ચારેક વર્ષ અગાઉ સાઉથના ગણતરીના એક્ટર્સને જ હિન્દી ઓડિયન્સ ઓળખતું હતું. પણ, કોરોના મહામારી બાદની સ્થિતિમાં સાઉથના એક્ટર્સ બોલિવૂડ સ્ટાર્સને ટક્કર આપી રહ્યા છે. શાહરૂખખાને ગત વર્ષે સફળ કમબેક કર્યું હતું અને બોલિવૂડના બાદશાહ હોવાનું સાબિત કર્યું હતું. શાહરૂખની આ સફળતામાં એટલીનો મોટો ફાળો હતો. એટલીએ ડાયરેક્ટર તરીકે શાહરૂખ સાથે 'જવાન'માં કામ કર્યું હતું. જવાને રૂ.૧૦૦૦ કરોડનું કલેક્શન પાર કર્યા બાદ એટલીની ડીમાન્ડ વધી ગઈ છે. એટલીના હાથ ફર સંખ્યાબંધ ફિલ્મો છે અને તેઓ પોતાની પસંદગીના સ્ટાર્સ સાથે નવા પ્રોજેક્ટ શરૂ કરવા ઉત્સુક છે. જો કે એટલીની ફર્સ્ટ ચોઈસ કોણ છે? તે અંગે આશ્ચર્યજનક ખુલાસો થયો છે. 'પુષ્પા' ફેમ અલ્લુ અર્જુન સાથે એટલીએ ફિલ્મ બનાવવાનું વિચાર્યું હતું. રિપોર્ટ્સ મુજબ, આ ફિલ્મના ડાયરેક્ટર તરીકે એટલી અને લીડ એક્ટર તરીકે અલ્લુ અર્જુન ફાઈનલ હતા. ફિલ્મને આગળ વધારવા માટે અલ્લુ અને એટલી વચ્ચે સંખ્યાબંધ મુલાકાતો થઈ, પરંતુ કેટલાક મતભેદના કારણે અલ્લુએ એટલીની ઓફર નકારી દીધી હતી. અલ્લુને કયા કારણોસર ઓફર ના ગમી તે અંગે ખુલાસો થયો નથી, પરંતુ રિપોર્ટ્સ મુજબ અલ્લુના ઈનકાર બાદ એટલીએ સલમાન ખાનનો સંપર્ક કર્યો હતો. 'જવાન'માં શાહરૂખની સફળતાથી સલમાન ખાન અગાઉથી ઈમ્પ્રેસ હતા. તેથી આ ફિલ્મની સફળતામાં મોટું યોગદાન આપનારા એટલી સાથે કામ કરવા તેઓ તૈયાર થઈ ગયા હતા. સલમાન ખાન હાલ સિકંદરના શૂટિંગમાં બિઝી હોવાથી આ ફિલ્મનું શૂટિંગ આગામી વર્ષથી શરૂ થઈ શકે છે. દરમિયાન એટલીએ ફિલ્મની સ્ક્રિપ્ટ ફાઈનલ કરવા કવાયત હાથ ધરી છે. સલમાન-એટલીની આ ફિલ્મનું પ્રોડક્શન સન પિક્ચર્સે સંભાળ્યું હોવાનું કહેવાય છે. સાઉથ અને બોલિવૂડના કોમ્બિનેશન સમાન આ ફિલ્મને પાન ઈન્ડિયા રિલીઝ કરવામાં આવશે. સલમાન ખાનની હાથ પરની ફિલ્મ સિકંદરમાં પણ બોલિવૂડ-સાઉથનું કોમ્બિનેશન છે.

અમિતાભને પોતાના ઘરના બગીચામાં બનેલા મંદિરની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી

અમિતાભને જલસાના મંદિરમાં કરી પૂજા અર્ચના

મહાનાયકનો મહાદેવને જલાભિષેક

અમિતાભ બચ્ચને પોતાના ઘરના બગીચામાં બનેલા મંદિરની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી છે. તસવીરોમાં તે ભક્તિમાં લીન જોવા મળે છે. તે શિવલિંગને જળ ચઢાવતા જોવા મળે છે. બિગ બીની આ તસવીરો ફેન્સને ખૂબ જ પસંદ આવી રહી છે. સદીના મહાનાયક અમિતાભ બચ્ચન સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે. બિગ અવારનવાર ચાહકો સાથે પોસ્ટ પણ શેર કરે છે. અભિનેતા આ દિવસોમાં તેની ફિલ્મ કલ્કી ૨૮૯૮ એડીને કારણે ચર્ચામાં છે. આ દરમિયાન તેણે પોતાની નવી તસવીરો ફેન્સ સાથે સોશિયલ મીડિયા પર શેર કરી છે. બિગ બીએ ઘણી વખત ચાહકોને તેમના ઘરે જલસામાં બનેલા ભવ્ય મંદિરની ઝલક બતાવી છે. ફરી એકવાર બિગ બીએ જલસા બગીચામાં બનેલા મંદિરની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી છે. અમિતાભ બચ્ચને તેમના બ્લોગ પર તેમના નિવાસસ્થાન જલસામાં બનેલા મંદિરની કેટલીક તસવીરો શેર કરી છે. આ દરમિયાન તેણે ખુલાસો કર્યો કે તેની પાસે મંદિરમાં શિવલિંગ સહિત કેટલીક મૂર્તિઓ છે. તેણે રવિવારે રાત્રે મંદિરની ઘણી તસવીરો શેર કરી હતી. તસવીરોમાં બિગ બી મંદિરમાં રાખવામાં આવેલા શિવલિંગને જળ ચઢાવતા જોવા મળે છે. આ દરમિયાન તે ભક્તિમાં તલ્લીન જોવા મળે છે. બિગી કેપ સાથે તેજસ્વી પીળા સ્વેટશર્ટ પહેરીને એકદમ આરામદાયક લાગતી હતી. રવિવારે બિગ બી જલસાની બહાર તેમના ચાહકોને મળ્યા. ચાહકોને દર્શન આપતા પહેલા તેમણે ઘરના બગીચામાં બનેલા મંદિરમાં પૂજા અર્ચના કરી હતી. તેમના ઘરનું મંદિર પણ તસવીરોમાં ખૂબ જ સુંદર લાગે છે. મંદિરની આસપાસ ઘણા બધા વૃક્ષો અને છોડ દેખાય છે. તે જ સમયે, મંદિરમાં મોટા ઘંટ અને દીવા દેખાય છે. તેની સાથે તેણે એક નોટ પણ શેર કરી છે. તેણે લખ્યું કે કેવી રીતે તે તેના ઘરના ગેટ તરફ જતી વખતે પણ નર્વસ થઈ જાય છે વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, અમિતાભ બચ્ચન હાલમાં તેમની આગામી ફિલ્મ કલ્કી ૨૮૯૮ એડીની રિલીઝની રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મમાં બિગ બી અશ્વત્થામાના રોલમાં જોવા મળશે. આ ફિલ્મ ૨૭ જૂને સિનેમાઘરોમાં આવશે. આ ફિલ્મમાં બિગ બીની સાથે પ્રભાસ, દીપિકા પાદુકોણ અને દિશા પટણી લીડ રોલમાં જોવા મળશે. અમિતાભ બચ્ચને પોતાના ઘરના બગીચામાં બનેલા મંદિરની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી છે, તેણે રવિવારે રાત્રે મંદિરની ઘણી તસવીરો શેર કરી હતી. તસવીરોમાં બિગ બી મંદિરમાં રાખવામાં આવેલા શિવલિંગને જળ ચઢાવતા જોવા મળે છે. આ દરમિયાન તે ભક્તિમાં તલ્લીન જોવા મળે છે.

રાજ્યસભા સચિવાલયના અધિકારીઓએ ગાંધી આશ્રમની લીધી મુલાકાત

રાજ્યસભા સચિવાલયના ડાયરેક્ટર શ્રી પી.નારાયણના નેતૃત્વ હેઠળ ૫૦ જેટલા અધિકારીઓનું ડેલિગેશન ગુજરાતના ચાર દિવસીય અભ્યાસ પ્રવાસે

। (માહિતી) અમદાવાદ, તા.૧૯ ।

રાજ્યસભા સચિવાલયના ડાયરેક્ટર શ્રી પી. નારાયણના નેતૃત્વ હેઠળ રાજ્યસભા સચિવાલયના ૫૦ જેટલા અધિકારીઓનું ડેલિગેશન ગુજરાતના ચાર દિવસીય અભ્યાસ પ્રવાસે છે. આ અભ્યાસ પ્રવાસ અંતર્ગત ડેલિગેશને અમદાવાદ સ્થિત ગાંધી આશ્રમની મુલાકાત લીધી હતી. ભારતના આઝાદી આંદોલનના કેન્દ્ર સમા અને મહાત્મા ગાંધીની કર્મભૂમિ એવા ગાંધી આશ્રમના વિવિધ ભાગોની ડેલિગેશને મુલાકાત લઈને ઈતિહાસને જાણ્યો હતો. તેમણે મહાત્મા ગાંધીના નિવાસસ્થાન હૃદયકુંજની મુલાકાત લીધી હતી તથા ગાંધી આશ્રમમાં ચરખો કાંતવાની પ્રક્રિયાનું નિદર્શન પણ નિહાળ્યું હતું.

સાબરમતી આશ્રમ ટ્રસ્ટ તરફથી ડેલિગેશનનું સ્વાગત- સન્માન કરાયું હતું તથા તેમની મુલાકાત દરમિયાન તેમને આશ્રમ સંબંધિત વિવિધ માહિતી પૂરી પાડવામાં આવી હતી. ગાંધી આશ્રમની મુલાકાતના તેમના અનુભવ અને અનુભૂતિને ડેલિગેશને વિઝિટર્સ બુકમાં નોંધી હતી. આ મુલાકાત સમયે રાજ્યસભા નોડલ ઓફિસર શ્રી ટી. કેનેડી જેસુડોસ્સન તેમજ ગુજરાત વિધાનસભા તરફથી નોડલ અધિકારીઓ શ્રી અંકિત ચૌધરી અને શ્રી એમ.આઈ. ખત્રી ઉપસ્થિત રહ્યા હતા.

ગાણોલ ગામની મહિલાશક્તિએ એકઠા થઈને આગેકૂચ કરી આર્થિક સધ્ધરતા તરફ

અમદાવાદના ધોળકા તાલુકાના ગાણોલ ગામના જય ભવાની સ્વસહાય જૂથ દ્વારા ગામની મહિલાઓ બની આત્મનિર્ભર

। (માહિતી) અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં આવેલ ગાણોલ ગામની ૧૦ મહિલાઓના 'જય ભવાની' નામના સ્વસહાય જૂથની રચના નેશનલ રુરલ લાઈવલીહૂડ મિશન યોજના હેઠળ કરવામાં આવી હતી. જય ભવાની સ્વસહાય જૂથના પ્રમુખ તરીકે મણિબહેન વાઘેલાની નિમણૂક કરવામાં આવી હતી. SBI બેંકની ધોળકા શાખામાં જય ભવાની સ્વસહાય જૂથ મંડળનું ખાતું ખોલવામાં આવ્યું હતું. આ ખાતામાં દર મહિને સ્વસહાય જૂથ મંડળની મહિલાઓ દ્વારા માસિક ૧૦૦ રૂપિયા બચત કરવામાં આવતી હતી. મિશન મંગલમ અથવા નેશનલ રુરલ લાઈવલિહૂડ મિશન યોજના અંતર્ગત મંડળની બહેનોને રૂપિયા ત્રણ લાખનું રિવોલ્વિંગ ફંડ મળ્યું હતું. બચત અને રિવોલ્વિંગ ફંડની રકમમાંથી જરૂરિયાત મુજબ મંડળના સભ્યો દ્વારા આંતરિક ધિરાણ લઈને અલગ અલગ પ્રવૃત્તિઓ કરવામાં આવી જેમાં પ્રભાબહેને ખૂબ સરસ અલગ જ અને અનોખુ કામ કરી પોતાનું અને તેમના મંડળનું ફાઈનન્સ યોજના હેઠળ નોંધનીય કામ કર્યું છે. જય ભવાની સ્વસહાય જૂથના પ્રમુખ મણિબેહેન ખૂબ સારી રીતે આર્થિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે. તેમણે તેમના ખેતરમાં સારી જાતનું બિયારણ લાવી અને ઓછા ખાતરથી તેમજ પ્રાકૃતિક રીતે ગાયના મૂત્રમાંથી બનાવેલ દ્રાવણ છાંટી અને સારી એવી ઉપજ મેળવી છે. ઘઉં અને ડાંગરની ઉપજ કરી શહેરમાં સારા ભાવે વેચાણ કરે છે. ૨૦૦ મણ ઘઉંનું વેચાણ કરીને અને તે વેચાણથી મણિબહેને ૧૫,૦૦૦થી ૨૦,૦૦૦ જેટલો, જ્યારે ૨૦૦ મણ ડાંગરના વેચાણથી રૂપિયા ૧૦,૦૦૦થી ૧૫,૦૦૦ જેટલો નફો મેળવ્યો છે.

મણિબહેન અનાજની આ ઉપજથી લોકોને ગામમાં જ છૂટક અનાજ વેચી સારા એવી આવક પણ પેદા કરે છે. પોતાના જૂથના બહેનોને પણ આર્થિક પ્રવૃત્તિ સાથે જોડાવા ખૂબ સારી પ્રેરણા આપી સાથે તેમના ઉદાહરણરૂપ બન્યા છે. તેઓ બીજા સ્વસહાય જૂથના સભ્યોને પણ આર્થિક પ્રવૃત્તિ સાથે જોડવા પ્રેરિત કરી રહ્યા છે. મહિલાશક્તિ સાથે અને સ્વસહાય જૂથના સહયોગ દ્વારા ગ્રામ્ય કક્ષાની બહેનો પ્રગતિ કરી રહી છે.

તાપી જિલ્લા સેવાસદનનું પટાંગણ બન્યું યોગમય

। (માહિતી) તાપી, તા.૧૯ ।

તાપી જિલ્લા સેવાસદનનું પટાંગણ બન્યું યોગમય - અધિકારી-કર્મચારીઓમાં યોગ પ્રત્યે અદમ્ય ઉત્સાહ જોવા મળ્યો - તાપી જિલ્લા સેવા સદનના પ્રાંગણમાં કોમન યોગ પ્રોટોકોલ સેશન યોજાયો - તા.૧૯ :- વિશ્વ યોગ દિવસની ઉજવણી પૂર્વે તાપી જિલ્લાના નાગરિકોમાં યોગ પ્રત્યે જાગૃતિ કેળવવા અને-કવિધ પ્રી-યોગા ઈવેન્ટનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્યારે તાપી જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ, કર્મયોગીઓએ પણ તાપી જિલ્લાના પ્રત્યેક નાગરિકને યોગ પ્રત્યે જાગૃત કરવા તેમજ યોગને પ્રોત્સાહન આપવા માટે જિલ્લા સેવાસદનના પટાંગણમાં યોગ કરીને નાગરિકોને યોગના મહત્વ અંગે પ્રેરક સંદેશો આપ્યો હતો. શરીર અને મનનું સંતુલન એટલે યોગ. યોગ એ તન-મનનું વિજ્ઞાન છે. શારીરિક-માનસિક સ્વાસ્થ્યની મહત્વની કડી સમાન ભારતની પરંપરાગત યોગવિદ્યાને વિશ્વએ અપનાવ્યો છે. જે દેશવાસીઓને ગૌરવ લેવા જેવી બાબત છે. યોગની લોકપ્રિયતામાં વધારો કરવા, સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપી જીવનશૈલીને લગતી વિકૃતિઓને દૂર કરવામાં યોગનું મહત્વ રહેલું છે. યોગ એ પ્રાચીન ભારતની એક બહુમૂલ્ય ભેટ છે. આ અમૂલ્ય ભેટને વિશ્વ ફલક પર સ્વીકૃતિ મળી છે. આજે જિલ્લા સેવાસદનનું પટાંગણ યોગમય બન્યું હતું. નિવાસી અધિક કલેક્ટરશ્રી આર. આર. આર. બોરડ,નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી સંદીપ ગાયકવાડ, જિલ્લા યુવા વિકાસ અધિકારી અમૃતા ગામીત, સંબંધિત વિભાગના અધિકારી-કર્મચારીઓ, યોગ બોર્ડના સભ્યો, વિવિધ યોગ સમિતિના સભ્યો, DLSS ના વિદ્યાર્થીઓએ અદમ્ય ઉત્સાહથી યોગસાધના કરી હતી. વ્યારાના યોગ કોચ ઉમેશ તામશે,યોગા ટ્રેનર જાગૃતિબેન મહાલે,યોગિતાબેન પંચોલી દ્વારા યોગા કરાવવામાં હતા. ઉલ્લેખનીય છે કે, આગામી તા.૨૧ મી જૂનના રોજ તાપી જિલ્લામા જિલ્લા કક્ષાના “વિશ્વ યોગ દિવસ“ની ઉજવણી દક્ષિણાપથ વિવિધલક્ષી વિદ્યાલય વ્યારા ખાતે થનારી છે.

પશ્ચિમ રેલવેના વરિષ્ઠ અધિકારી સચિન શર્માએ દક્ષિણ આફ્રિકામાં કોમરેડ્સ મેરેથોન પૂર્ણ કરી

पश्चिम रेलवे
WESTERN RAILWAY

પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક અશોક કુમાર મિશ્ર, પશ્ચિમ રેલવેના અપર મહાપ્રબંધક પ્રકાશ બુટાની, સચિન અશોક શર્માને તેમની સિદ્ધિ બદલ સન્માનિત કરે છે.

। અમદાવાદ, તા.૧૯ ।

પશ્ચિમ રેલવેના મહાપ્રબંધકના સચિવ સચિન અશોક શર્માએ દક્ષિણ આફ્રિકામાં તાજેતરમાં પૂર્ણ થયેલી કોમરેડ્સ મેરેથોન ૨૦૨૪માં નોંધપાત્ર સફળતા હાંસલ કરી છે. કોમરેડ્સ મેરેથોન એ વિશ્વની સૌથી પડકારરૂપ લાંબા અંતરની રેસમાંની એક છે. શર્માએ દક્ષિણ આફ્રિકાના ડરબનથી પીટરમેરિટ્ઝબર્ગ સુધીની ૮૬ કિલોમીટરની મેરેથોન ૧૧ કલાક અને ૨૪ મિનિટમાં પૂરી કરી હતી. વિશ્વની સૌથી જૂની અને અઘરી મેરેથોન તરીકે જાણીતી કોમરેડ્સ મેરેથોનમાં વિવિધ દેશોના ૨૦,૦૦૦ દોડવીરોએ ભાગ લીધો હતો, જેણે તેને વિશ્વની સૌથી મોટી મેરેથોન બનાવી દીધી. ૧૯૨૧માં શરૂ થયેલી આ ઐતિહાસિક રેસમાં ૧,૮૦૦ મીટરની ઊંચાઈ સાથે કઠિન ચઢાણનો સમાવેશ થાય છે. સચિન શર્માની સિદ્ધિ એક નિયમિત ફિટનેસ ઉત્સાહી તરીકે તેમના સમર્પણ અને સહનશક્તિનો પુરાવો છે. તેઓ તેમના શાળાના દિવસો (સિંધિયા સ્કૂલ, ગ્વાલિયર) થી જ રમતગમત અને આઉટડોર પ્રવૃત્તિઓમાં સક્રિયપણે સામેલ રહ્યા છે જેમાં એથ્લેટિક્સ, ક્રિકેટ, ફૂટબોલ, બોક્સિંગ, સ્કેટિંગ, બેડમિન્ટન, શૂટિંગ વગેરેમાં વિશેષ રુચિ રહી છે.

કોલેજમાં તેમ ણે વેઈટ ટ્રેનિંગ અને ટૂંકા અંતરની દોડની પ્રેક્ટિસ કરી હતી. સિવિલ સર્વિસીસની તૈયારીના દિવસો દરમિયાન, તેમણે દરરોજ જોગિંગ કર્યું અને એકેડેમીમાં રહીને તેમને ક્રોસ કન્ટ્રીમાં ગોલ્ડ મેડલ જીત્યો. શ્રી સચિને તેમના વ્યસ્ત કાર્ય શેડ્યૂલ હોવા છતાં, જીમમાં નિયમિત સ્ટ્રેન્થ ટ્રેનિંગ ની સાથે -સાથે થોડુંક દોડવાનું પણ ચાલુ રાખ્યું. તેઓએ કોવિડ રોગચાળાના લોકડાઉન ના દિવસોમાં યોગ અને કિક બોક્સિંગ શરૂ કર્યું. પાછલા કેટલાક વર્ષો માં શ્રી સચિન શર્માએ ઘણી ૧૦ાદ્ધ રેસ, હાફ અને ફુલ મેરેથોન, અલ્ટ્રા મેરેથોન, ટ્રાયથલોનમાં ભાગ લીધો છે. તેમાંથી કેટલાક નોંધપાત્ર છે લદ્દાખ ફુલ મેરેથોન, ટાટા મુંબઈ મેરેથોન, વસઈ-વિરાર મેરેથોન, ટાટા અલ્ટ્રા (૫૦ કિમી),

COMRADES MARATHON
FINISH
THIRSTI
F34932
40

કાસ અલ્ટ્રા (૬૫ કિમી), ખારદુંગ લા ચેલેન્જ (૭૨ કિમી ઊંચાઈએ), પુણે અલ્ટ્રા ટ્રાયલ રન (૧૦૦ કિમી),ગોવા આયર્નમેન (૭૦.૩ કિમી), બર્ગમેન (૧૧૩ કિમી), બર્ગમેન ઓલિમ્પિક ડિસ્ટન્સ તેમણે ઓપન સી સ્વિમિંગમાં પણ ભાગ લીધો છે અને પૂર્ણ કર્યો છે. સનક રોક ટુ ગેટવે (૫ કિમી)-રાષ્ટ્રીય સ્તર, માલવણ સમુદ્ર સ્વિમથોન (૩ કિમી)-રાષ્ટ્રીય સ્તર અને જુહુ સમુદ્ર સ્વિમથોન (૩ કિમી)-રાજ્ય સ્તર.

આ કોમરેડ મેરેથોનની સફળ સમાપ્તિ સાથે, શર્મા હવે સપ્ટેમ્બર ૨૦૨૪માં લદ્દાખમાં યોજાનારી સિલ્ક રૂટ અલ્ટ્રા (૧૨૨ કિમી), ડિસેમ્બર ૨૦૨૪ માં હેલ રેસ જેસલમેર થી લોંગેવાલા (૧૬૦ કિમી) અને નવેમ્બર ૨૦૨૫ માં પુણે અલ્ટ્રા (૧૬૦ કિમી) ની સાથે સાથે ૨૦૨૫ માં આયર્નમેન ઓસ્ટ્રેલિયામાં ભાગ લેવાનું લક્ષ્ય બનાવી રહ્યા છે. શર્મા તેમની સફળતાનો શ્રેય તેમને તેમના કોચ ગિરીશ બિન્દ્રા, આદિલ મિર્ઝા, વિનય ઉપાધ્યાય પાસેથી મળેલી તાલીમ અને તેમના પરિવાર, મિત્રો અને સાથીદારો તરફથી મળેલા સમર્થન અને પ્રોત્સાહનને આપે છે. શર્મા મધ્ય રેલ ના મહાપ્રબંધક ના રૂપમાં સેવા નિવૃત થયેલા નરેશ લાલવાણીને શ્રેય આપે છે, તેમણે તેમને અંતરની દોડમાં પરિચય કરાવ્યો હતો.

માનવ કલ્યાણ અર્થે પ્રાકૃતિક ખેતીના માર્ગે વળતા ધંધુકાના જાસિયાણા ગામના ખેડૂત અગરસંગભાઈ રાઠોડ

। (માહિતી) અમદાવાદ, તા.૧૯ ।

સમગ્ર રાજ્યમાં ધીમે ધીમે પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધી રહ્યો છે ત્યારે અમદાવાદ જિલ્લાના ઘણા બધા ખેડૂતો પણ પ્રાકૃતિક ખેતી તરફ વાળવા લાગ્યા છે. જિલ્લાના ધંધુકા તાલુકાના જાસિયાણા ગામના ખેડૂત અગરસંગભાઈ રાઠોડ પણ પોતાના ખેતરમાં પ્રાકૃતિક ખેતી કરી દર વર્ષે ઉત્પાદન અને આવક બમણું મેળવતા થયા છે. દિન-પ્રતિદિન વધી રહેલી આરોગ્યની સમસ્યાઓ અને રસાયણયુકત ખેતીથી થતાં નુકસાન અંગેનો ખ્યાલ આવતા ખેડૂત અગરસંગભાઈ રાઠોડ પિતાના માર્ગદર્શન હેઠળ આજથી પાંચ વર્ષ પહેલાં માનવ કલ્યાણ અર્થે પ્રાકૃતિક ખેતી કરવાનો સંકલ્પ લીધો. રાજ્ય સરકારના આત્મા સંસ્થા દ્વારા ચાલતી શ્રી સુભાષ પાલેકરની પ્રાકૃતિક ખેતી વિશેની શિબિર અને તાલીમમાં ભાગ લઈ ખેડૂત અગરસંગભાઈ રાઠોડ પ્રાકૃતિક પદ્ધતિથી ખેતી કરવાનું શીખ્યા. ત્યારબાદ પોતાના ૬ વીઘાના ખેતરમાં ગાય આધારિત ખેતીમાં જીવામૃત, ઘનજીવામૃત પદ્ધતિ દ્વારા પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી. ખેડૂત અગરસંગભાઈ રાઠોડે સીઝન પ્રમાણે બાજરી, જુવાર, તલ, મગ અને ઘઉં જેવા પાકોનું પ્રાકૃતિક ઢબે ઉત્પાદન કર્યું. શરૂઆતના તબક્કામાં ઉત્પાદન અને આવકમાં કોઈ ખાસ વધારો જોવા મળ્યો નહીં. પરંતુ ધીમે ધીમે દર વર્ષે તેમને ઉત્પાદન અને આવકમાં વધારો થતો જોવા મળી રહ્યો છે. ખેડૂત અગરસંગભાઈ રાઠોડ પ્રાકૃતિક ઢબે આજે વાર્ષિક ૪૫ મણ જેટલી બાજરી, ૩૦ મણ જેટલા તલ, ૫૦ મણ જેટલા ઘઉં, ૩૦ મણ જેટલા જુવાર અને ૧૦ મણ જેટલા મગ જેવા વિવિધ પાકોનું મબલખ ઉત્પાદન કરી બજાર કિંમત કરતાં ઊંચા ભાવે વેચી રહ્યા છે.

દેગામ હાઈસ્કૂલમાં સિકલસેલ એનિમિયા કંટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત સ્ક્રિનિંગ કાર્યક્રમ યોજાયો

। (માહિતી) દેગામ, તા.૧૯ ।

દેગામ હાઈસ્કૂલમાં સિકલસેલ એનિમિયા કંટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત સ્ક્રિનિંગ કાર્યક્રમ યોજાયો - નવસારી જિલ્લાની ભીમભાઈ ભગવાનજી દેસાઈ હાઈસ્કૂલ દેગામમાં જિલ્લા પંચાયત આરોગ્ય શાખા નવસારી અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દેગામના સંયુક્ત ઉપક્રમે શાળામાં અભ્યાસ કરતા બાળકોનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું. સાથે સાથે સિકલસેલ રોગોની અટકાયત અંગે પણ સમજણ આપવામાં આવી હતી. સિકલસેલ રોગ વારસાગત રોગ છે જેને લગતી સમસ્યાનો વ્યાપ અટકાવી શકાય. જો સ્ત્રી પુરુષ બંને સિકલસેલ વાહક એટલે કે, રોગ ધરાવતા હોય તેમના લગ્ન એકબીજા સાથે ન થવા જોઈએ એ અંગેની સમજણ આપવામાં આવી હતી. લગ્ન પહેલા આ રોગ અંગેની તપાસ દ્વારા આ રોગને અટકાવી શકાય છે તથા આ રોગને અટકાવવા લગ્નગ્રંથિથી જોડાતા પહેલા સિકલસેલ તપાસ કરાવી સ્ક્રીનિંગ ફરજિયાત કરાવવું જોઈએ તે અંગે જાણકારી આપવામાં આવી હતી.

આજનું રાશિ ભવિષ્ય.....

મેષ (અ,લ,ઇ) :

આજે તમારૂં શારીરિક સામર્થ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી કેમકે ધન આ માટે સંચિત કરવા માં આવે છે કે ખરાબ સમય માં તે તમારા કામ આવી શકે. કેટલાક લોકો માટે- પરિવારમાં કોઈ નવી વ્યક્તિનું આગમન ઉજવણી અને પાર્ટીની ક્ષણો લાવશે.

વૃષભ (બ,વ,ઉ) :

આજે મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ વધુ પડતા ભોજન અને હાર્ડ ડ્રિન્ક અંગે સાવચેત રહેજો. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે। મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. આજે તમને જાણ થશે કે તમારા સાથીનો પ્રેમ તમારી માટે સદાય ઊંડી ભાવના ધરાવતી લાગણી છે. તમારી કમાવવાની ક્ષમતા કઈ રીતે વધારવી તે માટેની જાણકારી તથા શક્તિ તમારામાં હશે.

મિથુન (ક,છ,ઘ) :

આજના દિવસે તમારા જીવનસાથીનો પ્રેમાળ મિજાજ તમારો દિવસ ઉલ્લાસભર્યો બનાવશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે. તમારા પ્રિયપાત્ર સાથે પિકનિક પર જઈ તમારી અમૂલ્ય ક્ષણોને ફરીથી જીવો.

કર્ક (ડ,હ) :

આજના દિવસે તમારા ભૂતકાળના સાહસમાં સફળતા આજે તમારા આત્મવિશ્વાસને વધારશે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે। આજે તમારે અન્યોની જરૂરિયાતો પર ધ્યાન આપવાની જરૂર પડશે પણ બાળકો સાથે થોડા વધુ ઉદાર થવું તમને મુશ્કેલી તરફ લઈ જશે. પ્રિયપાત્ર સાથે બહાર જવાનો પ્રૉગ્રામ નિષ્ફળ જવાની શક્યતા છે.

સિંહ (મ,ટ) :

આજે દરેક વ્યક્તિની વાત સાંભળો શક્ય છે કે તમને એમાંથી તમારી સમસ્યાનો ઉકેલ મળી જાય. જે લોકો અત્યાર સુધી પૈસા વગર મતલબે ઉડાડી રહ્યા હતા તે લોકો ને હવે પોતાના ઉપર કાબુ રાખવો જોઈએ અને ધન ની બચત કરવી જોઈએ। લમે જેમની સાથે રહો છો એ લોકો તમારાથી ખુશ નહીં હોય-પછી ભલેને તમે તેમને ખુશ કરવા ગમે તે કરો. અંગત બાબતો અંકુશ હેઠળ રહેશે.

કન્યા (પ,ઠ,ણ) :

આજે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. આજે તમારા હાથ માં ધન નહિ ટકે, ધન સંચય કરવા માં આજે તમને ઘણી બધી તકલીફો નો સામનો કરવો પડશે। આજે ઘરના કેટલાક સંવેદનશીલ મુદ્દા ઉકેલવા તમારે તમારૂં બુદ્ધિચાતુર્ય તથા ધાક અજમાવવાની જરૂર પડશે.

તુલા (ર,ત) :

આજે મોજ મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. કેટલાક માટે ભેટો તથા ફૂલોથી સભર રૉમેન્ટિક સાંજ જોવાય છે.

વૃશ્ચિક (ન,ય) :

આજે સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને થોડો હતાશ કરી નાખશે. તેને દૂર કરવા તમારા આત્મવિશ્વાસને પ્રોત્સાહિત કરો. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. તમારા અનિશ્ચિત વર્તન છતાં જીવનસાથી સહકાર આપશે. કામનું દબાણ વધતા માનસિક તોફાન તથા અશાંતિ સર્જાશે. દિવસના ઉત્તરાર્ધમાં તમે આરામ મહેસૂસ કરશો.

ધન (ભ,ધ,ફ) :

આજના દિવસે જૂના મિત્ર સાથે પુર્નમિલન તમારા ઉત્સાહમાં ખાસ્સો એવો વધારો કરશે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખો। ધન ચોરી થવા ની શક્યતા છે. શાળામાં અભ્યાસમાં રસના અભાવે બાળકો કેટલીક નિરાશા સર્જશે. તમારા પ્રિયપાત્રનું. ઓફિસ માં આજ તમારે સ્થિતિ ને સમજી ને વર્તન કરવું જોઈએ.

મકર (ખ,જ) :

આજે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. પ્રેમ-સાથ સહવાસ તથા બંધનમાં વધારો થશે. કેટલાક માટે લગ્નની શરણાઈના સૂર સંભળાય છે તો કેટલાકને રૉમાન્? મળવાથી તેમનો જુસ્સો વધશે.

કુંભ (ગ,શ,સ) :

આજે તમારૂં શારીરિક સામર્થ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે. નિકટના સંબંધી અથવા મિત્ર તરફથી સારા સમાચારથી દિવસ શરૂ થશે. રૉમાન્સ આનંદદાયક તથા અત્યંત આકર્ષક રહેશે.

મીન (દ,ચ,ઝ,થ) :

આજે તમે જો હાલના સમયમાં હતોત્સાહની લાગણી અનુભવતા હો તો-તમારે યાદ રાખવું જઈએ કે આજે યોગ્ય વિચારો અને વર્તન જરૂરી એવી રાહત લાવશે. ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે. જો તમારે ધન સંચિત કરી ને રાખવું છે તો પોતાના જીવનસાથી અથવા માતા પિતા સાથે આના વિષે ચર્ચા કરો. આજે દરેક જણ તમારી મિત્રતા ઝંખે છે.

હિમાચલના સીએમ સુખુ કહ્યું

હાઈકમાન્ડ ઈચ્છતા હતા કે મારી પત્ની લોકસભા ચૂંટણી લડે

। **(એજન્સી)** નવી દિલ્હી, તા.૧૯ ।

હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુએ એક મોટું નિવેદન આપીને રાજ્યમાં રાજકીય ચર્ચાનો દોર શરૂ કરી દીધો છે. તેણે કહ્યું છે કે હાઈકમાન્ડે તેની પત્નીને લોકસભા ચૂંટણી લડવા માટે કહ્યું હતું, પરંતુ તેણે ના પાડી દીધી હતી. પરંતુ હવે રાજ્યની વર્તમાન પરિસ્થિતિને જોતા તેમની પત્ની દેહરા વિધાનસભા મતવિસ્તારમાંથી સૌથી યોગ્ય ઉમેદવાર છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે તેમની પત્ની કમલેશ ઠાકુર છેલ્લા ત્રણ વર્ષથી રાજકારણમાં સક્રિય છે અને ભવિષ્યમાં પણ વિસ્તારના વિકાસ માટે પહેલ કરતી રહેશે.તમને જણાવી દઈએ કે હિમાચલ પ્રદેશમાં ૩ વિધાનસભા સીટો પર પેટાચૂંટણી યોજાવાની છે. કોંગ્રેસે પણ ત્રણેય બેઠકો પર ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. આ બેઠકો પર ૧૦ જુલાઈએ પેટાચૂંટણી યોજાવાની છે. જે સીટો પર ચૂંટણી યોજાવાની છે તેના નામ દેહરા, હમીરપુર અને નાલાગઢ છે. પાટીએ હમીરપુરથી ડો. પુષ્પેન્દ્ર વર્મા, નાલાગઢ સીટથી હરદીપ સિંહ બાવા અને દેહરા સીટથી સીએમ સુખુની પત્ની કમલેશ ઠાકુરના નામની જાહેરાત કરી છે. કમલેશનું આ રાજકીય પદાર્પણ હશે. ભાજપે તેમની સામે ચૂંટણી લડવા માટે હોશિયાર સિંહને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. તમને જણાવી દઈએ કે કમલેશ ઠાકુરના મામાનું ઘર દહેરામાં છે.વાસ્તવમાં, અપક્ષ ધારાસભ્યોના રાજીનામા સ્વીકાર્યા બાદ હિમાચલ પ્રદેશની આ ત્રણ બેઠકો પર પેટાચૂંટણી યોજાવા જઈ રહી છે.

બિડેન સરકાર આ પગલાં લેવા જઈ રહી છે

રાષ્ટ્રપતિ બિડેન એક નવી યોજના : પાંચ લાખ ઈમિગ્રન્ટ્સને મળશે અમેરિકન નાગરિકતા!

। **(એજન્સી)** નવી દિલ્હી, તા.૧૯ ।

અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા જો બિડેન મોટી જાહેરાત કરવા જઈ રહ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે રાષ્ટ્રપતિ બિડેન એક નવી યોજના લઈને આવ્યા છે, જેનાથી અમેરિકામાં દસ્તાવેજો વગર રહેતા ઈમિગ્રન્ટ્સ માટે ગ્રીન કાર્ડ અને નાગરિકતા મેળવવાનું સરળ બનશે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેન ટૂંક સમયમાં એક મોટી જાહેરાત કરવા જઈ રહ્યા છે. આનાથી દસ્તાવેજો વિના રહેતા અમેરિકન નાગરિકોના ભાગીદારોને અમેરિકન નાગરિકતા મેળવવાનું સરળ બનશે. અમેરિકામાં રહેતા લાખો ભારતીયોને પણ આનો લાભ મળવાની આશા છે.ન્યૂયોર્ક ટાઈમ્સના રિપોર્ટ અનુસાર, આ પ્રોટેકશન પ્રોગ્રામ એવા ઈમિગ્રન્ટ્સ માટે હશે જેઓ અમેરિકામાં ગેરકાયદેસર રીતે

રહે છે, પરંતુ અમેરિકન નાગરિક સાથે લગ્ન કર્યા છે. આનાથી તેમના માટે વર્કિંગ પરમિટ અને નાગરિકતા મેળવવાનું સરળ બનશે.એનબીસી ન્યૂઝ અનુસાર, 'પેરોલ ઈન પ્લેસ' નામના આ પ્રોગ્રામથી લગભગ પાંચ લાખ ઈમિગ્રન્ટ્સને ફાયદો થશે જેઓ અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહે છે. આ તેમને દેશનિકાલથી બચાવશે. આ પ્રોગ્રામનો હેતુ બિનદસ્તાવેજીકૃત ઈમિગ્રન્ટ્સ માટે ગ્રીન કાર્ડ અને યુએસ નાગરિકતા મેળવવાની પ્રક્રિયાને સરળ બનાવવાનો છે. એનબીસી ન્યૂઝ અનુસાર, બિનદસ્તાવેજીકૃત જીવનસાથીઓને પણ કેસ-બાય-કેસ આધારે વર્ક પરમિટ મેળવવાની મંજૂરી આપવામાં આવશે.જો કે, આ માટે કેટલીક શરતો છે. ઉદાહરણ તરીકે, અમેરિકન નાગરિક સાથે લગ્ન કર્યા પછી ઓછામાં ઓછા ૧૦ વર્ષથી અમેરિકામાં રહેતા ઈમિગ્રન્ટ્સને જ નાગરિકતા આપવામાં આવશે. આ સાથે, આવા ઈમિગ્રન્ટ બાળકો પણ ગ્રીન કાર્ડ અથવા નાગરિકતા મેળવી શકશે, જેમના માતા અથવા પિતાએ અમેરિકન નાગરિક સાથે લગ્ન કર્યા છે.હાલમાં જો કોઈ અમેરિકન નાગરિક સાથે લગ્ન કર્યા હોવા છતાં એક વર્ષ કે તેથી વધુ સમય સુધી દસ્તાવેજો વગર અમેરિકામાં રહે છે તો તેને કાયદાકીય કાર્યવાહીનો સામનો કરવો પડે છે.

એક દિવસ પહેલા રિહર્સલ કર્યુ અને પછી ગુનો આચર્યો

પુત્રવધૂની બહેને લૂંટ અને હત્યાનું કાવતરું ઘડ્યું...

। **(એજન્સી)** નવી દિલ્હી, તા.૧૯ ।

ઝારખંડના રામગઢમાં એક મહિલાની ફિલ્મી સ્ટાઈલમાં હત્યા કરવામાં આવી હતી. હત્યા કર્યા બાદ આરોપીઓએ ઘરમાં આગ લગાડી અને દાગીનાની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા. માહિતી બાદ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી હતી. જ્યારે તપાસ કરવામાં આવી તો ચોંકાવનારા ખુલાસા થયા. પોલીસનું કહેવું છે કે મહિલાની હત્યા તેની પુત્રવધૂની નાની બહેન દ્વારા લૂંટના ઈરાદાથી કાવતરાના ભાગરૂપે કરવામાં આવી હતી. આ હત્યામાં પાંચ લોકો સામેલ હતા.હકીકતમાં, ૩૦ મે, ૨૦૨૪ ના રોજ, રામગઢ પોલીસ સ્ટેશન વિસ્તારના વિદ્યાનગરમાં નિવૃત્ત રેલ્વે અધિકારી અશરફી પ્રસાદની પત્ની ૬૦ વર્ષીય સુશીલા દેવીને દિવસે દિવસે ચાકુ મારીને હત્યા કરવામાં આવી હતી. આ સાથે ઘરમાં રાખેલ રોકડ અને દાગીનાની લૂંટ ચલાવી હતી. ગુનેગારોએ પુરાવા છુપાવવા માટે ઘરના રૂમને આગ લગાવી દીધી હતી.બદમાશો ઘરમાં લાગેલા સીસીટીવીનું ડીવીઆર પણ લઈ ગયા હતા. ઘટના સમયે સુશીલા દેવી ઘરમાં એકલી હતી. પતિ કોઈ કામ અર્થે બહાર ગયો હતો. મહિલા સહિત પાંચ બદમાશો દ્વારા હત્યા અને લૂંટની ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો. સુશીલા દેવીએ અજાણ્યા લોકો માટે દરવાજો ખોલ્યો ન હતો. તે ઘરની બાલ્કનીમાંથી જ વાત કરતી હતી, જ્યારે પોલીસે ઘરમાં તપાસ કરી તો જોયું કે ટેબલ પર રાખેલી થાળીમાં બિસ્કિટ હતા, જેના પરથી અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે તે રસોડામાં ગઈ હતી. ચા બનાવવા માટે. દરમિયાન આરોપીઓએ પાછળથી છરીના ઘા મારીને તેની હત્યા કરી નાખી હતી.આ હત્યાકાંડથી સમગ્ર શહેરમાં સનસનાટી ફેલાઈ ગઈ હતી. પોલીસે ઘટના અંગે તત્પરતા દાખવી અને ૭૨ કલાકની અંદર હત્યાના મુખ્ય સૂત્રધાર કુમારી સ્નેહા, તેના પતિ આરીફ નૈય્યર અને અશરફ અલીની ધરપકડ કરી લીધી. આરોપીઓની માહિતી પર પોલીસે ચોથા આરોપી કાસિફ મૂન અમીનની પણ ૬ જૂન ૨૦૨૪ના રોજ ધરપકડ કરી હતી. જ્યારે પાંચમો આરોપી ૨૭ વર્ષીય અંકિત કુમાર ફરાર હતો, તેને પોલીસે ૧૭ જૂને ગઢવા જિલ્લામાંથી ધરપકડ કરી હતી. રામગઢ એસપી બિમલ કુમારે જણાવ્યું કે હત્યા કેસની મુખ્ય ષડયંત્રકારી કુમારી સ્નેહા ઉર્ફે રિંકી છે, જે મૃતક સુશીલા દેવીની વહુની બહેન છે. આ હત્યા પાંચ લોકોએ કરી હતી. આર્થિક તંગી અને બેંક લોનના કારણે આ હત્યા કરવામાં આવી હતી. કુમારી સ્નેહાએ કાવતરું ઘડ્યું હતું. સ્નેહા જાણતી હતી કે તેની બહેનના સાસરિયાં ખૂબ જ શ્રીમંત છે અને તેની બહેનના સાસરિયાં એકલાં રહે છે. એસપીએ જણાવ્યું કે હત્યાને અંજામ આપતા પહેલા આ લોકોએ રાંચીમાં એક દિવસ પહેલા રિહર્સલ કર્યું હતું કે કેવી રીતે ગુનો કરવો, કોણ હાથ પકડશે અને કોણ છરીનો ઉપયોગ કરશે. બદમાશો તેમની સાથે ત્રણ ચાકુ લઈને પહોંચ્યા હતા. પોલીસે હત્યામાં વપરાયેલી છરી અને લૂંટેલા દાગીના જપ્ત કર્યા છે. સુશીલા દેવીની પુત્રી અલકા કુમારીએ કહ્યું કે મને ફોન આવ્યો હતો કે ઘરમાંથી ધુમાડો નીકળી રહ્યો છે, તમે આવજો.સ્થાનિક નાગરિકે જણાવ્યું કે પરિવારના તમામ સભ્યો બહાર ગયા હતા. ઘરમાં માત્ર સુશીલા દેવી જ હતી. જ્યારે ઘરમાંથી ધુમાડો નીકળતો હતો ત્યારે કોલોનીના લોકોએ આવીને ફાયર બ્રિગેડ અને પોલીસને જાણ કરી હતી. ફાયર બ્રિગેડે આગ બુઝાવી દીધા પછી બધાએ અંદર જઈને જોયું તો સુશીલા દેવી રસોડામાં મૃત હાલતમાં પડેલી હતી.

NHAI ગેસ્ટ હાઉસમાં આરોપી ઉમેદવારનો રૂમ કેવી રીતે બુક કરવામાં આવ્યો?

। **(એજન્સી)** નવી દિલ્હી, તા.૧૯ ।

NEET પેપર લીક કૌભાંડ સમાચારોમાં રહે છે. બિહારમાં તેની તપાસ ચાલી રહી છે. મંગળવારે આ કેસમાં કેટલાક આરોપીઓની પૂછપરછ કરવામાં આવી હતી, જે દરમિયાન અનેક ચોંકાવનારા તથ્યો સામે આવ્યા હતા. મહત્વનો ખુલાસો એ થયો કે આરોપીઓ જે હોટલમાં રોકાયા હતા તેના રજીસ્ટરમાં એક આરોપીએ પોતાના નામની આગળ મંત્રીજી લખી નાખ્યું હતું. આ પેપર લીક કાંડમાં જે ઉમેદવારોને પટના જેલમાં મોકલવામાં આવ્યા હતા તેઓએ કબૂલાત કરી છે કે તેમને NEET પરીક્ષાના ચાર કલાક પહેલા પ્રશ્નપત્ર અને તેના જવાબ મળ્યા હતા. આ પછી, તેની પ્રિન્ટઆઉટ લેવામાં આવી હતી

અને ૫ મેના રોજ સવારે ૧૦ વાગ્યે ક્રેમિંગ શરૂ થયું હતું.પેપર લીક કેસમાં અનુરાગ યાદવ નામના ઉમેદવારની પણ ધરપકડ કરવામાં આવી છે. યાદવ પટનામાં NHAI ગેસ્ટ હાઉસમાં રોકાયા હોવાની પુષ્ટિ થઈ છે. એવો દાવો કરવામાં આવે છે કે તેને NHAI ના ગેસ્ટ હાઉસમાં રાખવામાં આવ્યો હતો જેથી કરીને તેને પછીથી કોઈ નિર્ધારિત જગ્યાએ લઈ જઈ શકાય અને લીક થયેલા NEET પેપરમાંથી પ્રશ્નો બતાવીને જવાબો યાદ રાખી શકાય. પરંતુ સૌથી મોટી વાત એ છે કે આરોપીનો આ રૂમ એક મંત્રી મારફત બુક કરાવવામાં આવ્યો હતો. NEET પેપર લીક કેસના માસ્ટરમાઈન્ડ સિકંદર યાદવેન્દુએ કબૂલાત કરી છે કે તે અમિત આનંદને મળ્યો હતો. યાદવેન્દુ કહે છે કે અમિતે કહ્યું કે તે NEET-BPSC-UPSE પરીક્ષાના પ્રશ્નપત્ર લીક કરે છે અને બાળકોને તેને યાદ કરીને પાસ કરાવે છે. તેના માટે ૩૦-૩૨ લાખ રૂપિયાનો ખર્ચ થાય છે.માસ્ટરમાઈન્ડ સિકંદર યાદવેન્દુની જેમ આરોપી ઉમેદવારોએ પણ કબૂલાત કરી છે કે તેમને પરીક્ષા પહેલા પ્રશ્નપત્ર મળી ગયું હતું. જેના આધારે પોલીસે પેપર લીકનો ગુનો નોંધ્યો છે. પરંતુ સવાલ એ છે કે NHAI ગેસ્ટ હાઉસમાં આરોપી ઉમેદવાર માટે રૂમ કયા મંત્રીની સૂચના પર બુક કરવામાં આવ્યો હતો?હવે આ કેસની સુનાવણી ૮મી જુલાઈએ સુપ્રીમ કોર્ટમાં થશે. પરંતુ સવાલ એ છે કે સુપ્રીમ કોર્ટે એવું કેમ કહેવું પડ્યું કે જો સિસ્ટમમાં ૦.૦૧ ટકા પણ ખામી હશે તો અમે તેની સાથે કડક કાર્યવાહી કરીશું. પટના પેપર લીક મામલામાં NTAના ઉદ્ધત વલણ પરથી તમને સિસ્ટમમાં રહેલી ખામીઓનો ખ્યાલ આવી જશે, જેણે લીક થયેલા પ્રશ્નપત્રની અસલ નકલ બિહારની આર્થિક અપરાધ શાખાને ૨૮ દિવસ સુધી મોકલી ન હતી. તમને જણાવી દઈએ કે NEET પરીક્ષા સમયે બિહાર પોલીસને પેપર લીક થયાના સમાચાર મળ્યા હતા.

શિવસેના છોડનાર કોઈ ખુશ નથી : સંજય રાઉત

એનસીપી નેતા છગન ભુજબલ UBT સેનાના નેતાઓના સંપર્કમાં છે : સૂત્રો

UBT સેનાના નેતા સંજય રાઉતે કહ્યું કે આવી બાબતો પર ખુલ્લેઆમ ચર્ચા થતી નથી અને દિવાલોની અંદર રહે છે

। **(એજન્સી)** નવી દિલ્હી, તા.૧૯ ।

UBT સેનાના એક વરિષ્ઠ નેતા ગયા અઠવાડિયે NCP નેતા અને મંત્રી છગન ભુજબળને મળ્યા હતા. લોકસભા ચૂંટણીમાં કારમી હાર બાદ ભુજબળ પાટી નેતૃત્વથી નારાજ હોવાના અહેવાલો વચ્ચે આ બેઠક મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. તેમના સમર્થકોના દબાણ બાદ છગન ભુજબળ અલગ-અલગ વિકલ્પો પર વિચાર કરી રહ્યા છે. સોમવારે તેમણે મુંબઈમાં OBC મોરચા 'સમતા પરિષદ'ના નેતાઓની બેઠક બોલાવી અને શક્તિ પ્રદર્શન કર્યું. જો કે, ભુજબળે પાટીમાં તેમની નારાજગીના દાવાને નકારી કાઢ્યા હતા.સૂત્રોના જણાવ્યા અનુસાર UBT સેનાના નેતાઓ અને છગન ભુજબળ વચ્ચે તેમની પાટીમાં સ્વીકાર કરવા અને તેમની સિનિયોરિટી મુજબ એડજસ્ટ કરવાને લઈને પ્રાથમિક વાતચીત ચાલી રહી છે. ઉપરાંત, ભુજબળે શિંદે સેનાના વર્તમાન ધારાસભ્ય સુહાસ કાંડે સામે અનુક્રમે યેવલા અને નંદગાંવ વિધાનસભા મતવિસ્તારનો દાવો પોતાના અને તેમના ભત્રીજા સમીર ભુજબલ માટે કર્યો છે.જો કે, યુબીટી સેનાના નેતા સંજય રાઉતે કહ્યું કે આવી બાબતો પર ખુલીને ચર્ચા કરવામાં આવતી નથી અને તે દિવાલોની અંદર રહે છે. રસપ્રદ વાત એ છે કે રાઉતે

કહ્યું કે શિવસેના છોડનાર કોઈ પણ ખુશ કે શાંતિમાં નથી. ભુજબળ શિવસેનામાં હોત તો અત્યાર સુધીમાં સીએમ બનવાનું તિલક લગાવી દીધું હોત. હવે નારાયણ રાણે અને એકનાથ શિંદે સહિત દરેક અશાંત આત્માની જેમ ફરે છે.અગાઉ UBT સેનાએ યેવલા મતવિસ્તારમાંથી છગન ભુજબળ સામે સંભવિત ઉમેદવાર તરીકે પક્ષના સ્થાનિક નેતા કુણાલ દરાડેને આગળ કર્યા હતા. UBT આમીના સ્થાનિક કેડરમાં આ વિવાદનો વિષય બની શકે છે.મહત્વની વાત એ છે કે શિવસેના પાટીના સ્થાપના દિવસની પૂર્વ સંધ્યાએ ભુજબળની રાજકીય 'ઘર વાપસી'ના સમાચાર સામે આવ્યા છે. તેથી, હવે તમામની નજર તેમના આગામી રાજકીય પગલા પર છે.

સાંસદની પુત્રીની કારની અડફેટે એક વૃદ્ધનું મોત

। **(એજન્સી)** આંધ્રપ્રદેશ, તા.૧૯ ।

આંધ્રપ્રદેશના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન જગન મોહન રેડ્ડીની પાટી રૂજીઇ કોંગ્રેસના સાંસદની પુત્રીની કાર દ્વારા કચડાઈ જતાં એક શરાબીનું મૃત્યુ થયું હતું. ઘટના બાદ સાંસદની પુત્રી સ્થળ પરથી ભાગી ગઈ હતી, જેને પોલીસે પાછળથી શોધી કાઢી તેની ધરપકડ કરી હતી. જોકે, થોડી જ વારમાં તેને પોલીસ સ્ટેશનમાંથી જ જામીન મળી ગયા.પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી YSR કોંગ્રેસના સાંસદ બિદા મસ્તાન રાવની પુત્રી માધુરી છે. માધુરીની કારે બેસંત નગર વિસ્તારમાં રોડ કિનારે નશામાં ધૂત એક વૃદ્ધને કચડી નાખ્યો, પરિણામે તેનું મૃત્યુ થયું.અકસ્માતમાં જીવ ગુમાવનાર વ્યક્તિનું નામ સૂર્ય હોવાનું કહેવાય છે. સોમવારે સાંજે સૂર્યા નશામાં ધૂત થઈને ચેન્નઈના બેસંત નગર વિસ્તારમાં ફૂટપાથ પાસે રોડ કિનારે સૂઈ ગયો હતો.

પ્રશાસનનું કહેવું છે કે વીડિયો જેલનો નથી

ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના વાયરલ વીડિયોએ મચાવ્યો હંગામો

લોરેન્સ બિશ્નોઈને ગુજરાત ATS દ્વારા રૂપિયા ૨૦૦ કરોડના ડ્રગ્સ કેસમાં રિમાન્ડ પર લેવામાં આવ્યો હતો

। **(એજન્સી)** નવી દિલ્હી, તા.૧૯ ।

ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો, જેમાં તે તેના એક મિત્રને ઈદની શુભેચ્છા પાઠવી રહ્યો હતો. વીડિયો અંગે પોલીસે જણાવ્યું કે આ વીડિયો સાબરમતી જેલનો નથી. જે રીતે આ વીડિયો વાયરલ થયો છે તેના કારણે અનેક સવાલો ઉભા થયા છે. લોરેન્સ બિશ્નોઈ સાબરમતી જેલમાં બંધ છે અને તેને ખાસ સિક્યોરિટી સેલમાં રાખવામાં આવ્યો છે, ત્યાં મોબાઈલ કેવી રીતે પહોંચ્યો? શિરોમણી અકાલી દળના નેતા બિક્રમ સિંહ મજીઠિયાએ ઈન્સ્ટાગ્રામ પર આ વીડિયો પોસ્ટ કરીને સવાલો ઉઠાવ્યા હતા. તેણે લખ્યું હતું કે લોરેન્સે પહેલા પંજાબી ગાયક સિદ્ધુ મૂઝવાલાની હત્યા કરી હતી અને હવે બિશ્નોઈએ પાકિસ્તાની ગેંગસ્ટર શહજાદ ભટ્ટીને ઈદ મુબારકની શુભેચ્છા પાઠવી છે અને તે પણ ગુજરાતની જેલમાંથી. આ દર્શાવે છે કે જેલમાં હોવા છતાં તે કેટલો આઝાદ છે.આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ સાબરમતી જેલ અને ગુજરાત પોલીસ પર પણ સવાલો ઉભા થયા છે. આ અંગે ગુજરાત પોલીસ દ્વારા શરૂઆતમાં કોઈ પ્રતિક્રિયા આપવામાં

આવી ન હતી. બપોરે સાબરમતી જેલના ડીએસપીએ જણાવ્યું કે આ વીડિયો સાબરમતી જેલનો નથી. આ વીડિયો AI જનરેટ પણ થઈ શકે છે, વર્ષમાં ત્રણ ઈદ હોય છે, આ કઈ ઈદનો વીડિયો છે તે કહેવું મુશ્કેલ છે.હાલમાં લોરેન્સ સાબરમતી જેલમાં બંધ છે અને વિવિધ એજન્સીઓ તેની તપાસ કરી રહી છે. લોરેન્સ બિશ્નોઈને ગુજરાત ATS દ્વારા રૂપિયા ૨૦૦ કરોડના ડ્રગ્સ કેસમાં રિમાન્ડ પર લેવામાં આવ્યો હતો અને ત્યારથી તેને સાબરમતી જેલમાં રાખવામાં આવ્યો હતો. લોરેન્સને આ જેલમાં પૂરી સુરક્ષા સાથે રાખવામાં આવ્યો છે અને હાલમાં તે NIAની કસ્ટડીમાં છે. NIA સમગ્ર મામલાની તપાસ કરી રહી છે.

વિશેષ

૨૧મી જૂને ૧૦મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ બનાસકાંઠાના સરહદી ગામ નડાબેટમાં યોજાશે

આંતરરાષ્ટ્રીય યોગ દિવસમાં વધુને વધુ નાગરિકો યોગ સાધનામાં જોડાઇ જીવન આરોગ્યપ્રદ બને તેવી અપીલ કરતા પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

। **(માહિતી)** ગાંધીનગર ।

પુરાણોથી ભારતની વૈશ્વિક ઓળખ સમા યોગદિને જયારે સમગ્ર વિશ્વએ સ્વીકાર કર્યો છે ત્યારે આગામી ૨૧મી જૂને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉજવણી 'સ્વયં અને સમાજ માટે યોગ' ની થીમ સાથે ગુજરાત રાજ્યમાં ઉત્સાહ સાથે બનાસકાંઠાના સરહદી ગામ અને સીમાદર્શન માટે સુપ્રસિદ્ધ નડાબેટ ખાતે કરવામાં આવશે. પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે ગુજરાતના નાગરિકોને ૨૧મી જુને ૧૦મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે ગુજરાતના તમામ નાગરિકો યોગ સાધનામાં જોડાઈને આરોગ્યપ્રદ જીવન બનાવે તેમજ પોતાના રોજીદા જીવનમાં યોગને સ્થાન આપે તેવી વિનંતી કરી હતી.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, રાજ્ય સરકારના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને બોર્ડર સિક્યોરિટી ફોર્સ –BSFના સહયોગથી આ રાજ્યકક્ષાનો કાર્યક્રમ નડાબેટ ખાતે યોજાશે. જેમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી રમતગમત રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી સાથે ૨૫૦૦ જેટલા યોગ સાધકો રાજ્યકક્ષાના કાર્યક્રમમાં જોડાશે. આ વર્ષે 'સ્વયં અને સમાજ માટે યોગ' ની થીમ પર રાજ્યભરમાં ૮ મહાનગરપાલિકાઓ, ૩૨ જિલ્લાઓ તથા ૨૫૧ તાલુકા, ૨૦ નગરપાલિકા એમ કુલ ૩૧૨ મુખ્ય સ્થળોએ આ યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. જેમાં ગ્રામ પંચાયતથી લઈને મહાનગરપાલિકા સુધી શાળાઓ – કોલેજીસ – આઈ.ટી.આઈ. – જેલ – આરોગ્ય – પોલીસ સહિતના વિભાગો અને સમગ્ર ગુજરાત યોગમય બને તેવું સુદ્રઢ આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું. 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસે' કાર્યક્રમની રૂપરેખા વિષે મંત્રીશ્રીએ જણાવ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સવારે ૦૬:૩૦ કલાકે તેમજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સવારે ૦૬:૪૦ કલાકે આ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં પ્રેરક સંબોધન કરશે અને તેનું સમગ્ર રાજ્યમાં જીવંત પ્રસારણ પણ કરવામાં આવશે. ત્યારબાદ સવારે ૦૭:૦૦ થી ૦૭:૪૫ સુધી એટલે કે ૪૫ મિનિટ સવા કરોડ લોકો સામાન્ય યોગ પ્રોટોકોલ તાલીમમાં ભાગ લેશે. રાજ્યભરમાં સવા કરોડ લોકોની સહભાગીતાથી ૧૦મા અંતરરાષ્ટ્રીય યોગ દિવસને ભવ્ય સફળતા મળશે તેમ મંત્રીશ્રેએ જણાવ્યું હતું.

ગુજરાતમાં યોગ દિવસ પૂર્વે તૈયારીઓ વિષે મંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાતમાં બાળકોમાં યોગાભ્યાસને વધુ પ્રચલિત બનાવવા સમર કેમ્પ યોજીને ૨૦૦ થી વધુ સ્થળોએ યોગ-સંસ્કાર શિબિરનો ૨૨ હજારથી વધુ બાળકોને લાભ આપવામાં આવ્યો છે. ૧લી જાન્યુઆરી ૨૦૨૪માં મોઢેરા ખાતે ૧૦૮ સ્થળોએ સુર્યનમસ્કારનો કાર્યક્રમ યોજાયો હતો. ગત વર્ષે સુરત વેસુ ખાતે વાય જંકશન પર ૧.૫૩ લાખ લોકોએ એક સાથે યોગ કરીને ગીનિશ બુકમાં રેકોર્ડ સર્જ્યો હતો તેમ મંત્રીશ્રીએ ગૌરવ સાથે જણાવ્યું હતું અને આ વર્ષે પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અગાઉના વર્ષોમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસના રાજ્યમાં મળેલી ભવ્ય સફળતા અને ગુજરાતે સ્થાપેલા નવા વર્લ્ડ રેકોર્ડ્સની જેમ જ આગામી યોગ દિવસમાં પણ નવા કીર્તિમાન સ્થાપવામાં ગુજરાત અગ્રેસર રહેશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો. ઉલેખ્ખનીય છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ૨૦૧૪માં યુનાઈટેડ નેશન્સ દ્વારા ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ જાહેર કરવામાં આવ્યો છે અને ૨૦૧૫ થી આ દિવસ વિશ્વના દેશોમાં ઉજવાય છે. દર વર્ષે ૨૧મી જૂને વ્યાપક લોક ભાગીદારીથી વિવિધ વિષયવસ્તુ સાથે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવામાં આવે છે. તદઅનુસાર, ૨૦૨૪નો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ રાજ્યભરમાં 'સ્વયં અને સમાજ માટે યોગ'ની થીમ સાથે યોજાશે.

આ વર્ષે બાલવાટિકા અને ધોરણ ૧ ઉપરાંત ધોરણ ૯ અને ધોરણ ૧૧ માં પણ શાળા પ્રવેશોત્સવ યોજાશે

ગાંધીનગર ખાતે મળેલી કેબિનેટ બેઠકમાં થયેલ ચર્ચા સંદર્ભે મીડિયાને સંબોધતા પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતુ કે, તા. ૨૬મી જુન થી રાજ્યમાં શાળા પ્રવેશોત્સવના ૨૧ માં તબક્કાનો પ્રારંભ થનાર છે. જે તારીખ ૨૮ જુન સુધી ચાલશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમાં યોજાનાર આ ત્રિ-દિવસીય શાળા પ્રવેશોત્સવ માં પ્રથમ વખત બાળવાટિકા અને ધોરણ – ૧ માં પ્રવેશ ઉપરાંત ધોરમ ૯ અને ધોરણ ૧૧ માં પણ પ્રવેશોત્સવની ઉજવણી કરાશે. જેમાં મુખ્યમંત્રી શ્રી , મંત્રી મંડળના વિવિધ સભ્યો, અધિકારી અને પદાધિકારીઓ વિવિધ શાળાઓમાં જઈને બાળકોનું ઉત્સાહવર્ધન કરશે. સમગ્ર રાજ્યમાં યોજાનાર ૨૧મા શાળા પ્રવેશોત્સવ માં રાજ્યના ૩૨.૩૧ લાખ બાળકો લાભાન્વિત થશે. જેમાં બાલવાટિકામાં ૧૧.૭૩ લાખ, ધોરણ-૦૧માં પ્રવેશ ૩.૬૨ લાખ, ધોરણ-૦૯માં પ્રવેશ ૧૦.૩૫ લાખ ધોરણ-૧૧માં ૬.૬૧ લાખ બાળકો પ્રવેશ મેળવશે. રાજ્યમાં નાના બાળકોના બાલવાટિકા શિક્ષણથી માંડીને ઉચ્ચર શિક્ષણ સુધી કોઈ પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તેવા માઈક્રો પ્લાનીગ સાથે શાળા પ્રવેશોત્સવની તૈયારીઓ રાજ્ય સરકાર કરી રહી છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ છેવાડાના નાગરિકોને/બાળકોને મુખ્ય ધારામાં લાવવા અને ડ્રોપ આઉટ દરને ઝડપી રીતે ઘટાડવાનો છે. રાજ્યના વધુમાં વધુ બાળકો શાળામાં પ્રવેશ મેળવીને શિક્ષણ મેળવે તે દિશામાં આ પ્રયાસ છે. ઉલેખ્ખનીય છે કે, ૨૧મો શાળા પ્રવેશોત્સવ આ વર્ષે તા.૨૬, ૨૭ અને ૨૮ જુનના રોજ રાજ્યની શાળાઓમાં યોજાશે. પ્રાથમિક થી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ઉપરાંત જ્ઞાન શક્તિ રેસીડેન્શીયલ સ્કુલ તથા રક્ષાશક્તિ રેસીડેન્શીયલ સ્કુલ્સમાં પણ શાળા પ્રવેશોત્સવ યોજાશે.

ન્યૂઝ બ્રિફ

સુરતમાં આમ આદમી પાર્ટીના બે કોર્પોરેટર પર લાંચનો આરોપ

। (એજન્સી) સુરત, તા.૧૯ ।

સુરતમાં AAPના બે કોર્પોરેટર પર ગંભીર આરોપ લાગ્યા હોવાની માહિતી મળી છે. જેમાં આમ આદમી પાર્ટીના બે કોર્પોરેટરો પર ૧૦ લાખની લાંચ લેવાના આરોપ લાગ્યા છે. આપના કોર્પોરેટર જીતેન્દ્ર કાછડીયા અને કોર્પોરેટર વિપુલ સુહાગીયા પર ૧૦ લાખની લાંચ લીધાનો આરોપ છે. પે એન્ડ પાર્કના કોન્ટ્રાક્ટર પાસેથી ૧૦ લાખની લાંચ લીધાનો આરોપ છે. બંને કોર્પોરેટર વિરુદ્ધ એસીબીમાં ફરિયાદ નોંધવામાં આવી છે. બંને કોર્પોરેટરની સાથે એક અધિકારી, કર્મચારી પર પણ આરોપ છે. જીતેન્દ્ર કાછડીયાએ લાંચના આરોપને ફગાવ્યા હતા. પાર્કિંગ માફીયાઓએ ખોટી અરજી કર્યાનો જીતેન્દ્ર કાછડીયાએ દાવો કર્યો હતો. સુરતમાં આમ આદમી પાર્ટીના બે કોર્પોરેટરો સામે દસ લાખ રૂપિયાની લાંચ માંગ્યાની એસીબીમાં ફરિયાદ કરવામાં આવી છે.

વડોદરાના ફતેપુરામાં યુવક પર જીવલેણ હુમલો કરાયો

। (એજન્સી) વડોદરા, તા.૧૯ ।

વડોદરાના ફતેપુરા વિસ્તારમાં એક યુવક પર તલવાર વડે જીવલેણ હુમલો કરવાની ઘટના સામે આવી છે. જ્યાં હુમલાને પગલે વિસ્તારમાં નાસભાગ મચી ગઈ હતી. ત્યારે આ મામલે કુંભારવાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરાના ફતેપુરા ચાર રસ્તા પાસે ધૂળધોયા વાડમાં રહેતો રિક્ષા ડ્રાઈવર શાહિદ ઉર્ફે મુસ્તકીમ સમસુદીનભાઈ શેખે કુંભારવાડા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ ફરિયાદ અનુસાર રાત્રિના ૯:૦૦ વાગે શાહિદ ઉર્ફે મુસ્તકીમ તેના મિત્રો બાદશાહ મલિક તથા સાહિલ મલિક ધૂળધોય વાડના નાકા પર ઉભા હતા.

હિટવેવની સીધી અસર શાકભાજીના વાવેતર પર પડી

શાકભાજીમાં છૂટક બઝારમાં ૫૦ ટકાથી વધારે ભાવ વધારો

રાજકોટ જિલ્લામાં ૮૦ ટકા શાકભાજી પંજાબ, મધ્યપ્રદેશ, યુપી, મહારાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાંથી આવે છે

। (એજન્સી) રાજકોટ, તા.૧૯ ।

ચાલુ વર્ષે અસહ્ય ગરમીની અસર લોકોના આરોગ્ય સાથે ગૃહણીઓના આર્થિક બજેટ પર પણ પડી છે, જેમાં વાત કરીએ તો હિટવેવની અસર સમગ્ર દેશમાં થઈ છે અને હિટવેવની સીધી અસર શાકભાજીના વાવેતર પર પડી છે. આકરા તાપને કારણે મોટાભાગના રાજ્યોમાં શાકભાજી હજુ પાકે તે પૂર્વે જ બળી ગઈ અને જે બચી ગઈ તે અહીં લાવતા ટ્રાન્સપોર્ટેશનમાં સમય લાગવાને કારણે ગરમીથી બગડી જતા હોય છે.

રાજકોટ જિલ્લામાં હાલ ૮૦ ટકા શાકભાજી પંજાબ, મધ્યપ્રદેશ, યુપી, મહારાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાંથી આવે છે. જેમાં ટમેટાં, ભીંડો, આદુ, ગલકા, રીંગળ, ગુવાર, કોથમીર, અને બટેટા વગેરેનો સમાવેશ થાય છે. આ શાકભાજીમાં છૂટક બઝારમાં ૫૦ ટકાથી વધારે ભાવ વધારો નોંધાયો છે. શાકભાજીમાં ભાવ વધારા અંગે ગૃહિણીઓમાં દેકારો બોલી ગયો છે.

ગૃહિણીઓએ શાકભાજીના ભાવને શેરબજારના ભાવ સાથે સરખાવ્યા હતાં અને જણાવ્યું હતું કે અમો પેલા શાકભાજીની ખરીદીમાં બજેટમાં મેનેજ થઈ જતું હતું.

એટલે કે પહેલા જે ભાવે શાકભાજી મળતું તે અત્યારે સીધું ડબલ ભાવ થઈ ગયા છે. જેથી કરીને ૧૫ હજારના બજેટમાં પૂરું થઈ જતું તે હવે ૧૮થી ૨૦ હજારની આસપાસના બજેટમાં પૂરું થાય એટલે શાકભાજીના ભાવ વધવાથી ગૃહણીઓના બજેટ ઉપર પણ અસર થઈ છે. સાથે ગરમીના કારણે શાકભાજી પણ સારા નથી આવતા અને ભાવ પણ વધ્યો છે. અત્યારે તો અમો શાકભાજી ખરીદીમાં ગમે તેટલી કરકસર કરીએ તો પણ મહિનાના અંતે તો બજેટ ઉપર સીધી અસર પડે જેથી બાળકોના મોજશોખ ભૂલી તો જ જવાના.

શાકભાજીના ભાવ અંગે હરાજી બજારના પ્રમુખ સાથે વાત કરતા ગરમીના કારણે શાકભાજી બળી જાય છે. જેથી ભાવો આસમાને પહોંચે છે. સાથે જ પહેલાના અને અત્યારે ભાવો માં ૪૦થી ૫૦ ટકાનો ફેર છે. પહેલા કરતા અત્યારે ૫૦ ટકા શાકભાજી મોંઘું છે. સાથે હજુ એકથી દોઢ મહિના સુધી આવા ભાવો યથાવત રહેશે, ત્યારબાદ શાકભાજીની આવક શરૂ થશે એટલે ભાવ કાબુમાં આવી જશે.

RTO કચેરીમાં સ્કૂલ વર્ધી એસોસિયેશનની બેઠક મળી

બેઠક બાદ સ્કૂલવાન ચાલકોની હડતાલ આખરે સમેટાઈ ગઈ

કંપની ફિટિંગ ન હોય એવી ઝદ્રર કિટ પર સેફ્ટીના સાધનો અને પરવાનગી સાથે બાળકો બેસાડી શકાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

ગુજરાતમાં સ્કૂલ વર્ધીના વાહન ચાલકો હડતાળ પર ઉતર્યા હતાં. આજે બીજા દિવસે પણ હડતાળ ચાલુ હોવાથી વાલીઓ મુશ્કેલીમાં મુકાયા હતાં.આ અંગે અમદાવાદ RTO કચેરીમાં સ્કૂલ વર્ધી એસોસિયેશનની બેઠક મળી હતી અને બેઠકમાં સ્કૂલ વર્ધી એસોસિયેશનના પ્રમુખ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. એસોસિયેશન દ્વારા ફિટનેસ સર્ટિફિકેટ, વાહન પાસિંગ અને પરમિશન માટે ૩ મહિનાની મુદત માંગી છે. RTO અને વર્ધી એસોસિયેશન વચ્ચે ચર્ચા થઈ હતી ત્યારે ચર્ચાના અંતે હડતાલ પૂર્ણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. RTO જે.જે પટેલ સાથેની બેઠક બાદ હડતાલ સમેટવામાં આવી છે.

સ્કૂલ વર્ધી એસોસિયેશન સાથે બેઠક બાદ RTO જે.જે.પટેલે જણાવ્યું હતું કે, બાળકોની સલામતી સાથે બાંધછોડ કરવામાં આવશે નહીં. ૪૫ દિવસમાં પરવાનગી આપવાની કામગીરી કરવામાં આવશે.

રોજની ૨૦૦ થી ૨૫૦ ગાડીઓનું રજિસ્ટ્રેશન થશે. વાહનો અંગેના ૨૦૧૯થી ચાલતા નિયમ જારી જ રહેશે, મંજૂરી વગરની ગાડીમાં ઘટના બને તો વાહનચાલક જવાબદાર રહેશે. સ્કૂલ વાનમાં CNGની ટાંકી પર બાળકોને બેસાડવાને લઈ અત્યાર સુધી મૂંઝવણ હતી.હવે તેની પણ સ્પષ્ટતા થઈ ગઈ છે. કંપની ફિટેડ CNGમાં CNG કીટ પરની સીટ પર બાળકોને બેસાડી શકાશે. જ્યારે કંપની ફિટિંગ ન હોય એવી CNG કિટ પર સેફટીના સાધનો અને પરવાનગી સાથે બાળકો બેસાડી શકાશે.

વાહનચાલકોએ કહ્યું હતું કે,ટેક્સી પાસિંગના રૂ. ૩૦,૦૦૦નો ખર્ચ છે અને એક સ્કૂલવાન ચાલક પર ૭ વ્યક્તિઓનો જીવન નિર્વાહ ચાલે છે. છેલ્લા ૩ દિવસમાં ૨૦ સ્કૂલ વાન ચાલકોને દંડ કરવામાં આવ્યો છે.જે દંડ અમે ભરી શકીએ તેમ નથી. વાલીઓ પણ અમને વિનંતી કરે છે કે, સ્કૂલ વાન શરૂ કરી દેવામાં આવે. અમે પણ અમારું કામ શરૂ કરી દેવા માટે તૈયાર છીએ. પરંતુ RTO કચેરી દ્વારા કડક દંડ ફટકારવામાં આવે છે જે અમને મંજૂર નથી.અમારે જીવવું કે મરી જવું? તે સમજાતું નથી.

તિક્ષ્ણ હથિયારોનાં ઘા ઝીંકી હત્યા કરવામાં આવી

શહેરના જુહાપુરામાં અંગત અદાવતને લઈને ગેંગવોર

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

શહેરના જુહાપુરા વિસ્તારમાં આવેલા ફતેવાડીમાં અંગત અદાવતને લઈને થયેલી ગેંગવોરમાં ફતેવાડી વિસ્તારના સદામ મોમીનની તિક્ષ્ણ હથિયારોનાં ઘા ઝીંકી હત્યા કરી દેવાઈ હતી. મૃતકને મોડી રાત્રે એલિસ બ્રિજ ખાતેની એસીપી હોસ્પિટલમાં લઈ જવાયો છે જ્યાં વેજલપુરના સેકન્ડ પીઆઈ સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને તપાસ શરૂ કરી હતી. સૂત્રો પ્રમાણે મળતી માહિતી મુજબ હત્યા કરનાર મુસ્તકીમ મુશ્કિલ તથા મૃતક સદામ મોમીન વચ્ચે થોડા સમયથી ગેંગવોર ચાલતી આવતી હતી. અને બંને ઈસમો એકબીજા ઉપર હુમલાઓ કરી રહ્યા હતા.

જોકે બંને ગુનાહિત ઈતિહાસ ધરાવી રહ્યા હોય તેવું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. મૃતકનાં ભાઈના જણાવ્યા

મુજબ સરખેજનાં ફતેવાડી વિસ્તારમાં રહેતા મુસ્તકીમ મુશ્કિલ ગુનાઈત ઈતિહાસ ધરાવે છે અને MD ડ્રગ્સનો નશો પણ કરે છે અને તેનું વેચાણ પણ કરે છે. જોકે સદામ મોમીન તેના સાથીદારોએ ડ્રગ્સ વેચવાની ના પાડતા અંગત અદાવતમાં બે કે ત્રણ દિવસથી એકબીજા ઉપર હુમલા કરવાના પ્રયાસો કરાઈ રહ્યા હતા. ત્યારે અચાનકથી મુશ્કિલ ગ્રુપનું ૧૫ થી ૨૦ જણાનું ટોળું મંગળવારે રાત્રે તિક્ષ્ણ હથિયારો સાથે આવી ગયું હતું અને હુમલો કર્યો હતો. મહત્વની વાત છે કે એક દિવસ અગાઉ પણ બંને પક્ષો સામસામે આવી જતા વિવાદ વધ્યો હતો.

રાજ્યમાં બીજો અગ્નિકાંડ થતા થતાં રહી ગયો

વડોદરાની સયાજી હોસ્પિટલમાં અચાનક આગ લાગતા નાસભાગ

। (એજન્સી) વડોદરા, તા.૧૯ ।

જળવાયુ પરિવર્તનને કારણે સમગ્ર વિશ્વમાં હાલ ગરમીનો પ્રકોપ વધતો જઈ રહ્યો છે. વધતી ગરમીના કારણે અનેક ઘટનાઓ બનતી હોય છે. અનેક વીજ ઉપકરણોને ગરમીથી નુકસાન થતું હોય છે. જે માટે દરેક નાગરિકે સતર્કતા અને સાવધાની રાખવી જરૂરી છે. તાજેતરમાં જ રાજયમાં અનેક દુર્ઘટના બની રહી છે. જે માટે જવાબદાર તંત્ર સાવધાની અને સાવચેતી રાખે તો દુર્ઘટના ટાળી શકાય છે. હાલ માં રાજકોટ અગ્નિકાંડનાં પડઘા હજુ શાંત પણ નથી થયા એવામાં આજે વડોદરાની સયાજી હોસ્પિટલમાં આગળ લાગવાની ઘટના સામે આવી છે. આ ઘટના સયાજી હોસ્પિટલના નાક, કાન અને ગળા વિભાગના ઓપરેશન થિયેટરમાં આગ લાગી છે. પ્રાથમિક માહિતી મુજબ આ આગ ઓપરેશન થિયેટરમાં વેન્ટિલેટરમાં શોર્ટ શર્કિટના કારણે લાગી હોવાની શક્યતા જણાઈ રહી

છે. ઓપરેશન થિયેટરમાં ઓક્સિજન ગેસ લીકેજ થયો હોવાની પણ ચર્ચા છે. તકેદારીના પગલાં સ્વરૂપે આગ લાગતાજ સયાજી હોસ્પિટલના સ્ટાફ દ્વારા ઓપરેશન થિયેટર ખાલી કરાવી દેવામાં આવ્યું છે. અને હાલ ફાયર બ્રિગેડના જવાનો સ્થળ પર પહોંચ્યા છે અને સ્થિતિ પર કાબૂમાં મેળવી લીધો છે. પરંતુ હવે આ ઘટના અંગે સવાલો ઉઠી રહ્યા છે.આગ લાગી એ સમયે સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી પરંતુ હોસ્પિટલના ઈદ્વ વિભાગમાં ઓપરેશન થિયેટરમાં સૌ પ્રથમ બ્લાસ્ટ થયો અને ત્યારબાદ આગ લાગી ગઈ હતી.

દેવરાજીયામાં યુવક પર સિંહનો હુમલો

જાફરાબાદના બાબરકોટ માઇન્સ વિસ્તારમાં સિંહ પરિવાર જોવા મળ્યો

ધોળા દિવસે એક સાથે ૧૨ સિંહોનું ટોળુ જોવા મળ્યું

। (એજન્સી) જાફરાબાદ, તા.૧૯ ।

અમરેલી જિલ્લામાં સિંહોની મોટી વસતિ છે. આ દરમિયાન જાફરાબાદના બાબરકોટ માઈન્સ વિસ્તારમાં એક સાથે ૧૨ સિંહોનું ટોળુ જોવા મળ્યું હતું. માઈન્સ વિસ્તારમાં સૌથી વધુ સિંહોનો વસવાટ છે. સિંહણ, સિંહ, સિંહબાળ મોબાઈલમાં કેદ થયા હત. ધોળા દિવસે સિંહોના ગ્રુપ માઈન્સ વિસ્તારમાં ફરી રહ્યા છે અને વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. આ સિંહના ટોળામાં ૩ સિંહણ અને ૯ પાઠડા સિંહો દેખાઈ રહ્યા છે. વિડીયોમાં સિંહ એકબીજા સાથે ગમ્મત કરતા જોવા મળ્યા છે. હવે વીડિયો સામે આવ્યા બાદ વનવિભાગના તંત્ર સામે પ્રશ્ન ઊભા થઈ રહ્યા છે. સિંહોની સુરક્ષાના બણગાં ફૂંકાતા વનવિભાગના કર્મીઓની ગેરહાજરી અહી વર્તાઈ હતી. એકસાથે આટલી સંખ્યામાં સિંહ લટાર મારે અને વનવિભાગના કર્મીને જાણ પણ ન હોય તે બાબત ઘણા પ્રશ્નો ઊભા કરે છે. અમરેલીના દેવરાજીયા ગામની સીમ વિસ્તારમાં ધોળા દિવસે સિંહે હુમલો કર્યાની ઘટના સામે આવે છે. દેવરાજીયાથી તરકતળાવ જવાના

રસ્તે આવેલા ગૌચરની સીમમાં ઘટના બની હતી. દેવરાજીયાના ચોથાભાઈ ગેલભાઈ પડસાળીયા નામનો ૨૮ વર્ષીય યુવક ઘેટાં-બકરાં ચરાવતા હતો તે દરમિયાન સિંહે યુવક પર હુમલો કર્યો હતો. માલધારી યુવકને ઈજા પહોંચતા સારવાર અર્થે અમરેલી સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. થોડા દિવસ પહેલા ઓઝત ડેમના છેવાડે પાણીમાં તરતો સિંહનો મૃતદેહ મળતાં ચકચાર મચી જવા પામી હતી. જંગલ ખાતાંનાં જૂનાગઢ ડિવિઝન અને ગીર પશ્ચિમ ડિવિઝનની બોર્ડર પરથી શંકાસ્પદ હાલતમાં સિંહનો મૃતદેહ મળ્યો હતો.

કારમાં એસી ચાલુ રાખી સુતા પહેલા ચેતજો

એસી ચાલુ કરીને સૂઈ જતા આર્મી જવાનનું મોત થયું

। (એજન્સી) મહીસાગર, તા.૧૯ ।

AC ચાલુ રાખીને કારમાં સૂવાના કારણે મોત થયાના કિસ્સા તમે ઘણી વખત સાંભળ્યા હશે. જે AC ચલાવવાથી વ્યક્તિ રાહત મેળવવા માંગે છે તે તેના દુ:ખદાયક મૃત્યુનું કારણ બની જાય છે. આવો જ કિસ્સો મહિસાગરમાં બન્યો છે. કારનું એસી ચાલુ કરીને ઉંઘેલા રિટાયર્ડ આર્મી જવાનું મોત નીપજ્યું છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે મહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના ચનાશેરો ગામમાં એક રીટાયર્ડ આર્મી જવાન ગરમીથી રાહત મેળવવા માટે કારનું AC ચાલુ કરીને સૂઈ ગયા હતાં. જવાન ઠંડક અડતા ઊંડી નિંદરમાં હતાં ત્યારે ગાડીમાં પેટ્રોલ ખતમ થઈ ગયું હતું. જેના કારણે AC બંધ થઈ ગયું હતું. જેથી ગૂંગળામણને કારણે આર્મી જવાનનું મોત નીપજ્યું હતું. કારનો ગેટ બંધ કરીને સુઈ ગયેલા જવાનને બહાર કાઢવા માટે ગામ લોકોએ ગાડીના દરવાજા તોડી નાંખ્યા હતાં. દરવાજા તોડ્યા બાદ તેમના મૃતદેહને બહાર કાઢ્યો હતો. આજકાલ ગરમીથી રાહત મેળવવા માટે એસી ખૂબ જ જરૂરી બની ગયું છે.ક્યારેક તે જીવલેણ પણ સાબિત થઈ શકે છે. જો તમે પણ આવું કંઈક કરતા હોવ કે ગરમીથી રાહત મેળવવા માટે ગાડીમાં એસી ચાલુ કરીને ઊંઘી જતા હોવ તો સાવધાન થઈ જવાની જરૂર છે.ગાડીમાં એસી ચાલુ કરીને ઊંઘી જવું ખતરનાક સાબિત થઈ શકે છે. કારમાં એસી ચલાવવું હોય તો કેટલીક બાબતોનું ધ્યાન રાખવાની જરૂર છે. કારની સર્વિસ નિયમિત રીતે કરાવતા રહેવી જોઈએ. એક્ઝોસ્ટ સિસ્ટમની તપાસ પણ કરાવતાં રહો.

TAT-1 અને ૨ માં ૭૫૦૦ શિક્ષકોની ભરતી

ગુજરાત સરકાર TAT પાસ ઉમેદવારોની કરશે ભરતી

શિક્ષકોની ભરતી અંગે ગુજરાત સરકારનો મોટો ખુલાસો

TAT-TET નોકરી માટે નહિ, લાયકાત માટેની પરીક્ષા છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૯ ।

ટેટ અને ટાટ પાસ ઉમેદવારોનો વિરોધ હવે ઉગ્ર બની રહ્યો છે. આજે સ્વર્ણિમ સંકુલ ૧ પહોંચી ઉમેદવારોએ વિરોધ નોંધાવ્યો હતો. કાયમી શિક્ષકોની ભરતીની માગ સાથે ઉમેદવારોએ વિરોધ કર્યો હતો. હાથમા પોસ્ટર્સ લઈ ઉમેદવારો સ્વર્ણિમ સંકુલ પર પહોંચ્યા હતા. ઉમેદવારો પોતાની રજૂઆત કરવા પહોંચ્યા હતા. પોલીસે ઉમેદવારોની અટકાયત કરી હતી. ત્યારે આ બાદ ગુજરાત સરકારે TAT પાસ ઉમેદવારોની ભરતીની જાહેરાત કરી છે. TAT-1 અને ૨ માં ૭૫૦૦ શિક્ષકોની ભરતી કરાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે મળેલી કેબિનેટ બેઠકમાં થયેલ ચર્ચા સંદર્ભે પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલ એ જણાવ્યું હતુ કે, રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સરકારી અને ગ્રાન્ટ-ઈન-એડ શાળાઓમાં આગામી ત્રણ મહિનામાં ૭,૫૦૦ જેટલા શિક્ષકોની કાયમી ભરતી કરાશે. રાજ્યની ગ્રાન્ટ-ઈન-એડ શાળાઓમાં TAT-Secondary અને TAT- Higher Secondary પાસ ઉમેદવારોની યોગ્યતાના આધારે કસોટી પ્રમાણે કાયમી ભરતી કરાશે. તેમણે વધુમાં કહ્યું કે, TET-1 અને TET-2 ઉમેદવારોની પણ ભરતી પ્રક્રિયા હાથ ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે. વધુ વિગતો આપતા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, માધ્યમિક એટલે કે ઘોરણ ૯ અને ઘોરણ ૧૦ની સરકારી શાળામાં કુલ ૫૦૦ અને ગ્રાન્ટ-ઈન-એડ શાળામાં ૩,૦૦૦ એમ કુલ ૩૫૦૦ TAT-1 પાસ થયેલ ઉમેદવારોની ભરતી કરાશે. જ્યારે ઉચ્ચર માધ્યમિક એટલે કે ઘોરણ ૧૧ અને ઘોરણ ૧૨ માં સરકારી શાળામાં ૭૫૦ અને ગ્રાન્ટ -ઈન – એડ શાળામાં ૩૨૫૦ એમ મળીને TAT-2 ના કુલ ૪૦૦૦ જેટલા ઉમેદવારોની ભરતી કરાશે. તાજેતરમાં ૧૫૦૦ જેટલા HMAT પ્રિન્સીપાલની ભરતી રાજ્યની ગ્રાન્ટ ઈન એડ શાળાઓમાં કરવામાં આવી છે.

સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !
CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ
CNN CHANNEL NINE NETWORK GUJARAT Gujarati Daily News Paper
LIVE cnngujarat.co.in
આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨